

પેજ-08
સંચિતા ઉગલેની વોટ્સએપ ચેટ સામે આવી...!

# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

પેજ-09
વિશ્વકપમાં મેસીનો જાદુ: અલ્જીરિયા સામે હેટ્રિક સાથે તોડ્યા રેકોર્ડ



હવામાન

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 38.00 | 29.00 |
| વડોદરા | 37.00 | 29.00 |
| સુરત | 33.00 | 28.00 |

પેજ 5



એર ઈન્ડિયાએ શરૂ કરી 'બેઝિક' ભાડાની કેટેગરી

18 JUNE-2026 THURSDAY

US-ઈરાન શાંતિ કરાર: પાક.નો આભાર માનતી મેલોની



પેજ 10

શેરબજાર

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 77155.62 ▲ | 347.14 |
| નિફ્ટી | 24085.70 ▲ | 96.55 |
| સોનું | 153250.00 ▲ | 159.00 |
| ચાંદી | 250412.00 ▲ | 307.00 |

વર્ષ-15 । અંક-217 । વિક્રમ સંવત-2082 । અષાઢ સુદ-03 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


## ઉદ્ધવની પાર્ટી તૂટી, રાઉતે પ્રેસ કોન્ફરન્સમાં ગાળો આપી:9માંથી 6 સાંસદો બળવાખોર

# શિવસેના (UBT) માં મોટું ભંગાણ

### ● ઉદ્ધવ ઠાકરેએ સાંસદોને વ્હીપ જારી કર્યો, ૧૮ જૂને દિલ્હીમાં મહત્વની બેઠક



(એજન્સી) મુંબઈ । તા. 17

મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વવાળી શિવસેના (UBT) ને વધુ એક મોટો રાજકીય ફટકો પડ્યો છે. પાર્ટીના ૯ માંથી ૬ સાંસદોએ બળવો કર્યો હોવાના અહેવાલો સામે આવ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ બળવાખોર સાંસદોએ બુધવારે સવારે લોકસભા સ્પીકર ઓમ બિરલાને એક પત્ર સોંપીને એકનાથ શિંદે જૂથમાં વિલીન થવાની ઈચ્છા વ્યક્ત કરી છે. જોકે, સત્તાવાર સ્તરે હજુ સુધી આ અંગે કોઈ પુષ્ટિ કરવામાં આવી નથી.

#### સંજય રાઉતનો આક્રોશ

આ ઘટનાક્રમ બાદ દિલ્હીમાં યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં સંજય રાઉત અત્યંત આક્રોશમાં જોવા મળ્યા હતા. તેમણે બળવાખોર સાંસદોને 'બેઈમાન' ગણાવતા કથિત રીતે અપશબ્દોનો પ્રયોગ કર્યો હતો. જોકે, બાદમાં સ્પષ્ટતા કરતા રાઉતે જણાવ્યું હતું કે મરાઠી ભાષામાં આવા શબ્દો સામાન્ય બોલચાલનો ભાગ છે. મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરેની શિવસેના (UBT)ના 9માંથી 6 સાંસદોએ બળવો કર્યો છે. બળવાખોર સાંસદોમાં નાગેશ પાટીલ આષ્ટિકર અને સંજય દીના પાટીલનો સમાવેશ થાય છે.

#### છેલ્લા ૩ મહિનામાં વિપક્ષમાં મોટું ભંગાણ

વર્તમાન સમયમાં વિપક્ષી ગઠબંધન માટે આ સમય કપરો સાબિત થઈ રહ્યો છે. છેલ્લા ૩ મહિનામાં ૨૭ સાંસદોએ પોતાની પાર્ટી છોડીને ભાજપ અથવા NDA ને સમર્થન આપ્યું છે, જેમાં AAP ના ૭ અને TMC ના ૨૦ સાંસદોનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત, ઉત્તર પ્રદેશમાં પણ સમાજવાદી પાર્ટીમાં ભંગાણની અટકળો ચાલી રહી છે, જેને અખિલેશ યાદવે સંપૂર્ણપણે નકારી કાઢી છે. સંજયે બુધવારે સવારે જ પાર્ટી છોડવાના સમાચારોને નકારી કાઢ્યા હતા.

#### પક્ષને મનાવવાની કવાયત

ઉદ્ધવ ઠાકરે અને અન્ય વરિષ્ઠ નેતાઓ આ ૬ સાંસદો સાથે સંપર્ક સાધવા અને તેમને પક્ષમાં જાળવી રાખવા સતત પ્રયાસ કરી રહ્યા છે. સૂત્રોના મતે, ઘણા સાંસદો અત્યારે પક્ષના નેતૃત્વના સંપર્ક બહાર છે. પરિસ્થિતિને નિયંત્રણમાં લેવા માટે ઉદ્ધવ ઠાકરેએ ૧૮ જૂને દિલ્હીમાં સંસદીય સમિતિની તાત્કાલિક બેઠક બોલાવી છે. પાર્ટીએ તમામ સાંસદોને વ્હીપ જારી કરીને આ બેઠકમાં ફરજિયાતપણે હાજર રહેવાનો આદેશ આપ્યો છે. જો કોઈ સાંસદ હાજર નહીં રહે, તો પક્ષ તેમની વિરુદ્ધ ગેરલાયક ઠેરવવાની કાર્યવાહી કરશે.

#### શિવસેનાનો ઈતિહાસ

શિવસેના માટે આ ૪ વર્ષમાં બીજી મોટી તિરાડ છે. જૂન ૨૦૨૨માં એકનાથ શિંદેના નેતૃત્વમાં ૩૯ ધારાસભ્યોએ બળવો કરીને રાજ્યનું રાજકીય સમીકરણ બદલી નાખ્યું હતું. હવે સાંસદોના આ સંભવિત બળવા બાદ શિવસેના (UBT) ના અસ્તિત્વ સામે મોટો પ્રશ્નાર્થ ચિહ્ન ઊભો થયો છે.

## યુપીમાં રાજકીય ગરમાવો

# 'મહારાષ્ટ્ર બાદ હવે સમાજવાદી પાર્ટીમાં થશે ભંગાણ', રાજભરનો મોટો દાવો

(એજન્સી) લખનઉ । તા. 17

મહારાષ્ટ્રમાં શિવસેનાના રાજકીય ઘટનાક્રમ બાદ હવે ઉત્તર પ્રદેશના રાજકારણમાં પણ તોડજોડની અટકળો તેજ બની છે. યુપીના કેબિનેટ મંત્રી ઓમ પ્રકાશ રાજભરે બુધવારે મોટો દાવો કરતા કહ્યું હતું કે હવે સમાજવાદી પાર્ટી (સપા) માં ભંગાણનો વારો છે.

#### રાજભરનો સનસનીખેજ આરોપ

ઓમ પ્રકાશ રાજભરે દાવો કર્યો કે સપાના વરિષ્ઠ નેતા રામગોપાલ યાદવે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહને એક પત્ર આપ્યો છે, જેમાં ઘણા નેતાઓના નામ છે. રાજભરે કટાક્ષ કરતા કહ્યું, 'તેમણે ધીમેથી શાહને કહી દીધું છે કે આ નેતાઓને બોલાવી લો અને અમારો જીવ બચાવો.

### ● સપા પ્રમુખ અખિલેશ યાદવે ભાજપની રણનીતિ પર કટાક્ષ કરતા કહ્યું - 'બહાદુર લોકોની ટીમ સાથે ભાજપનો મુકાબલો કરવા સપા તૈયાર'

#### અખિલેશ યાદવનો વળતો પ્રહાર

રાજભરના આ નિવેદનો પર સપા અધ્યક્ષ અખિલેશ યાદવે પ્રેસ કોન્ફરન્સમાં કટાક્ષ કરતા કહ્યું, ''દાના અને ગાના... ક્યાં સુધી ચાલશે અફસાના'. ભાજપનું કામ જ પક્ષોને તોડવાનું છે. જે લોકો ડરી જશે અને પોતાનો પક્ષ છોડી દેશે તે જ જશે.

## કોટામાં વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરતા કહ્યું - 'હિન્દુસ્તાનની શિક્ષણ પ્રણાલી બાળકોને કચડી રહી છે'

# NEET પેપર લીક પર રાહુલ ગાંધીનો હુમલો: 'અમારી લડાઈ આજથી શરૂ'

(એજન્સી) કોટા । તા. 17



લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ બુધવારે કોટાના દશેરા મેદાનમાં આયોજિત 'છાત્રો કી ગૂંજ' કાર્યક્રમ દ્વારા દેશની શિક્ષણ પ્રણાલી સામે મોરચો ખોલ્યો છે. NEET પેપર લીક અને વિદ્યાર્થીઓના વધતા તણાવના મુદ્દે રાહુલે સરકાર પર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, આ લડાઈ હવે દેશભરમાં ગુંજશે.

#### વાલીઓની વ્યથા અને રાહુલે સાંભળ્યો વિદ્યાર્થીઓનો અવાજ

કાર્યક્રમ દરમિયાન રાહુલે મંચ પર વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને બોલાવી સીધી વાતચીત કરી હતી. વાલીઓએ રડતા રડતા પોતાની વ્યથા વર્ણવતા કહ્યું કે, બાળક ક્યાંક કોઈ ખોટું પગલું ન ભરી બેસે તે ડરથી તેઓ રાત્રે બે-ત્રણ વાર જાગીને ચેક કરે છે. રાહુલ ગાંધીએ વિદ્યાર્થીઓની સમસ્યાઓ શાંતિથી સાંભળી અને તેમને આત્મવિશ્વાસ અપાવ્યો હતો કે તેમનો અવાજ સંસદ સુધી પહોંચાડવામાં આવશે.

#### શિક્ષણ પ્રણાલીની નિષ્ફળતા પર પ્રહાર

રાહુલ ગાંધીએ મંચ પરથી એક વિદ્યાર્થીનીની સુસાઈડ નોટ બતાવતા કહ્યું કે, વિદ્યાર્થીઓ દ્વારા લેવાતા આત્મઘાતી પગલાં એ તેમની અંગત નિષ્ફળતા નથી, પરંતુ આપણી શિક્ષણ વ્યવસ્થાની સંપૂર્ણ નિષ્ફળતા છે. તેમણે ઉમેર્યું કે, 'આપણી શિક્ષણ પ્રણાલી બાળકો પર અસહ્ય દબાણ લાવે છે અને તેમને સતત સ્ટ્રેસમાં રાખે છે, જે દેશના ભવિષ્ય માટે અત્યંત ચિંતાજનક છે.' તેમણે સવાલ ઉઠાવ્યો કે યુવાનો પાસે શિક્ષણમાં માત્ર ડોક્ટર કે એન્જિનિયર બનવાના જ વિકલ્પો શા માટે મર્યાદિત રાખવામાં આવ્યા છે?

#### રાજકીય સ્વાગત અને સક્રિયતા

કોટા એરપોર્ટ પર રાહુલ ગાંધીનું સ્વાગત અશોક ગેહલોત, સચિન પાયલટ અને અન્ય વરિષ્ઠ કોંગ્રેસી નેતાઓ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યકર્તાઓની મોટી ભીડને કારણે કાફલાને એરપોર્ટની બહાર કાઢવામાં ભારે જહેમત ઉઠાવવી પડી હતી. કોટા પહોંચતા પહેલા રાહુલે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને સ્પષ્ટ કર્યું હતું કે તેમનો હેતુ કોઈ પણ બાળકના સપના અધૂરા ન રહે અને કોઈ માતા-પિતાએ પોતાનું બાળક ન ગુમાવવું પડે તે સુનિશ્ચિત કરવાનો છે. રાહુલ ગાંધીના આ પ્રવાસ અને સંવાદથી સ્પષ્ટ થાય છે.

## NCRના ચારેય રાજ્યોમાં એક-એક નમો સિટી બનશે



(એજન્સી) નવી દિલ્હી । તા. 17

દિલ્હી-એનસીઆરમાં ચાર ગ્રીન ફિલ્ડ બ્લુ સિટી (નમો સિટી) વિકસાવવામાં આવશે. એનસીઆરમાં સમાવિષ્ટ ચારેય રાજ્યો દિલ્હી, હરિયાણા, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશમાં એક-એક નમો સિટી હશે, જેમને એક પડકાર દ્વારા પસંદ કરવામાં આવશે. શહેરી બાબતોના મંત્રાલયે નમો સિટીના વિકાસ માટે આગામી 5 વર્ષમાં 5 હજાર કરોડ રૂપિયા ખર્ચ કરવાની જોગવાઈ રાખી છે. એનસીઆર પ્લાનિંગ બોર્ડની 42મી બેઠકમાં મંગળવારે આ નિર્ણય લેવાયો.બેઠક દરમિયાન દિલ્હી અને હરિયાણાના મુખ્યમંત્રીની હાજરીમાં એનસીઆર માટે રિજનલ પ્લાન-2041ના પ્રસ્તાવો પર ચર્ચા થઈ.

# રામ મંદિર ચોરી કેસ: આરોપી કર્મચારીની પત્નીનો ખુલાસો, કહ્યું- 'આ પતિને ફસાવવાનું ષડયંત્ર'

### SIT તપાસનો ત્રીજો દિવસ: ૧૦૦ થી વધુ લોકોની પૂછપરછ બાદ હવે બેંક સ્ટાફ પર નજર

(એજન્સી) અયોધ્યા । તા. 17

અયોધ્યા રામ મંદિરમાં ચઢાવાની ચોરીના મામલામાં તપાસ જેમ-જેમ આગળ વધી રહી છે, તેમ-તેમ નવા વળાંકો સામે આવી રહ્યા છે. મંદિર ટ્રસ્ટના કર્મચારી રામશંકર યાદવ ઉર્ફે 'ટિન્નુ' જેનું નામ આ ચોરીના કેસમાં મુખ્યત્વે ચર્ચાઈ રહ્યું છે, તેના પરિવારે હવે બચાવમાં આવીને આરોપોને નકારી કાઢ્યા છે.

#### SIT ની ત્રીજા દિવસે સક્રિય તપાસ

બીજી તરફ, સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) બુધવારે સવારે ૧૦ વાગ્યે સતત ત્રીજા દિવસે મંદિર પહોંચી હતી. તપાસ એજન્સી હવે આ ચોરીના નેટવર્કને તોડવા માટે ગણતરીમાં સામેલ બેંક કર્મચારીઓની પૂછપરછ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

#### પરિવારનો આરોપ: 'અમને બદનામ કરવામાં આવે છે'

ટિન્નુની પત્ની પૂનમ યાદવે મીડિયા સમક્ષ આવીને સ્પષ્ટતા કરી છે કે તેમના પતિને જાણીજોઈને ફસાવવામાં આવી રહ્યા છે. તેમણે કહ્યું કે, 'અમારા ઘરે ૫૦ રૂમ, લક્ઝરી હોટેલ કે ગાડીઓ હોવાની વાતો સંપૂર્ણપણે ખોટી છે. આ અમને બદનામ કરવાનું ષડયંત્ર છે.' ટિન્નુએ પોતે પણ એક વીડિયો જાહેર કરીને પોતાની નિર્દોષતાનો દાવો કર્યો છે. નોંધનીય છે કે, ટિન્નુ ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાયના નજીકના ગણાય છે, જેના કારણે આ કેસ વધુ ચર્ચિત બન્યો છે. ટ્રસ્ટના મહાસચિવના નજીકના ગણાતા ટિન્નુના પરિવારનો દાવો: 'સોનું જપ્ત થયાના સમાચાર ખોટા' જોકે, તેમના ઘરેથી સોનું જપ્ત થયાના સમાચારોની સત્તાવાર પુષ્ટિ હજુ સુધી થઈ નથી.

#### તપાસનો મુખ્ય ભાગ: ચોરી કેવી રીતે થઈ?

SIT મુખ્યત્વે બે મુદ્દાઓ પર તપાસ કરી રહી છે:

૧. દાનપાત્રની ગણતરી કઈ પદ્ધતિથી અને કોના દ્વારા કરવામાં આવે છે?

૨. ગણતરી પછી રોકડ અને દાગીના બેંકમાં જમા કરાવવાની પ્રક્રિયામાં ક્યાં ગાબડાં હતાં?

આ આખી પ્રક્રિયાના દરેક પગલાં તપાસીને SIT એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે ચોરીનો આંકડો કેટલો મોટો છે અને તેમાં કયા લેવલના લોકો સામેલ છે. ભાજપના નેતાઓએ પણ આ મામલે કડક વલણ અપનાવતા કહ્યું છે કે 'આગ વગર ધુમાડો ન નીકળે,' જે સંકેત આપે છે કે તપાસ હજુ ઘણા મોટા ખુલાસા કરી શકે છે.

## રક્ષા મંત્રાલયે હથિયારોની સફળતા વિશે પણ જણાવ્યું

# ભારતનું ડિફેન્સ પ્રોડક્શન ₹1.78 લાખ કરોડ થયું: એક વર્ષમાં 15.6% વધ્યું

(એજન્સી) નવી દિલ્હી । તા. 17

ભારતનું વાર્ષિક સંરક્ષણ ઉત્પાદન 2025-2026માં 1.78 લાખ કરોડના રેકોર્ડ સ્તરે પહોંચી ગયું છે. રક્ષા મંત્રાલયે બુધવારે જણાવ્યું કે આ 2024-2025ના 1.54 લાખ કરોડની સરખામણીમાં 15.6% વધ્યું છે. જ્યારે, વર્ષ 2020-2021 (84,643 કરોડ)ની સરખામણીમાં તેમાં 110%નો મોટો ઉછાળો આવ્યો છે.નાણાકીય વર્ષ 2013-2014માં દેશનું સ્વદેશી સંરક્ષણ ઉત્પાદન 43,746 કરોડ હતું, જે હવે લગભગ ચાર ગણું વધી ગયું છે.PM મોદીએ પણ X પર લખ્યું કે છેલ્લા 12 વર્ષમાં આત્મનિર્ભરતા, ટેકનોલોજી, ઈનોવેશન અને સ્વદેશી મેન્યુફેક્ચરિંગના જોરે ભારતના સંરક્ષણ ક્ષેત્રમાં એક મોટો બદલાવ આવ્યો છે.

#### 100 થી વધુ દેશોને 38,424 કરોડ રૂપિયાની નિકાસ

ભારત હવે 100 થી વધુ દેશોને રક્ષા ઉપકરણોની નિકાસ કરે છે, જેમાં અમેરિકા, ફ્રાન્સ અને આર્મેનિયા મુખ્ય છે. અમેરિકા સૌથી મોટો ખરીદદાર છે જ્યાં 2.8 અબજ ડોલરની સિસ્ટમ અને કમ્પોનન્ટ્સ બોઈંગ અને લોકહીડ માર્ટિન જેવી મોટી કંપનીઓને જાય છે. આર્મેનિયા જેવા દેશો સંપૂર્ણ તૈયાર હથિયારો ખરીદી રહ્યા છે.સરકારે 2029-30 સુધીમાં 50,000 કરોડ રૂપિયાનો રક્ષા નિકાસનો લક્ષ્યાંક રાખ્યો છે.

## પોલીસકર્મીઓને નિશાન બનાવવાનું હતું કાવતરું

# ISI આતંકી મોડ્યુલનો પર્દાફાશ: વધુ ૫ આરોપીઓની ધરપકડ, કુલ ૧૨ ઝડપાયા

### ● પાકિસ્તાન સ્થિત હેન્ડલર્સ દ્વારા સોશિયલ મીડિયાથી કરાતી હતી ભરતી

(એજન્સી) નવી દિલ્હી । તા. 17

દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે દેશની આંતરિક સુરક્ષાને હચમચાવી નાખનારા એક મોટા આતંકી મોડ્યુલનો પર્દાફાશ કર્યો છે. પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી ISI સાથે સંકળાયેલા આ નેટવર્કના વધુ પાંચ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. આ સાથે અત્યાર સુધીમાં કુલ ૧૨ આતંકવાદીઓની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે એક ફરાર છે.

#### સોશિયલ મીડિયા દ્વારા યુવાનોની ભરતી

સ્પેશિયલ સેલના ડેપ્યુટી કમિશનર નારા ચૈતન્યએ જણાવ્યું કે, આ આતંકવાદીઓ સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો ઉપયોગ કરીને યુવાનોની ભરતી કરી રહ્યા હતા. સ્લીપર મોડ્યુલ તૈયાર કરવા માટે ISI ના ઈશારે એક સંગઠિત ઈકોસિસ્ટમ વિકસાવવામાં આવી હતી. તપાસના ભાગરૂપે ગાઝિયાબાદના લોની નિવાસી મોહિત ઉર્ફે યોગીની ધરપકડ કરવામાં આવી છે, જેની ભરતી અજમલ ગુજ્જરે કરી હતી. તેની પાસેથી પિસ્તોલ અને દારૂગોળો પણ જપ્ત કરવામાં આવ્યો છે.

#### શું હતો આતંકીઓનો પ્લાન?

તપાસમાં સામે આવ્યું છે કે આ નેટવર્ક પાકિસ્તાન સ્થિત ISI હેન્ડલર શહઝાદ ભટ્ટી અને અજમલ ગુજ્જર દ્વારા ચલાવવામાં આવી રહ્યું હતું. ધરપકડ કરાયેલા આરોપીઓને દિલ્હી અને આસપાસના રાજ્યોમાં પોલીસકર્મીઓને 'ટાર્ગેટ કિલિંગ' કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું.

# ટેલિગ્રામનો કેન્દ્ર સરકારના નિર્ણય સામે હાઈકોર્ટમાં પડકાર

### ● NEET-UG રી-એક્ઝામ પહેલા એપ પર પ્રતિબંધ મૂકતા CEO ની પ્રતિક્રિયા, કહ્યું - 'આ ૧૫ કરોડ યુઝર્સને સજા'

(એજન્સી) નવી દિલ્હી । તા. 17

NEET-UG પેપર લીક અને પરીક્ષાની ગેરરીતિઓની આશંકા વચ્ચે કેન્દ્ર સરકાર દ્વારા ટેલિગ્રામ એપ પર લાદવામાં આવેલા કામચલાઉ પ્રતિબંધ સામે મેસેજિંગ પ્લેટફોર્મે કાનૂની લડાઈ શરૂ કરી છે. ટેલિગ્રામ દ્વારા આ નિર્ણયને દિલ્હી હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યો છે, જેની સુનાવણી માટે કોર્ટે સંમતિ આપી દીધી છે.

#### સરકારની કડક કાર્યવાહી

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) ની ભલામણના આધારે સરકારે દેશમાં પ્રથમ વખત કોઈ એપ પર આ પ્રકારનો પ્રતિબંધ મૂક્યો છે. આ પ્રતિબંધ ૨૨ જૂન ૨૦૨૬ સુધી અમલી રહેશે. આ સાથે જ વિદ્યાર્થીઓ અને યુઝર્સની સુરક્ષાને ધ્યાનમાં રાખીને એપનું 'મેસેજ-એડિટિંગ' ફીચર પણ ૩૦ જૂન સુધી બંધ કરી દેવામાં આવ્યું છે.

#### ટેલિગ્રામ CEO નો વિરોધ

આ નિર્ણયની ટીકા કરતા ટેલિગ્રામના CEO એ જણાવ્યું હતું કે, 'આ નિર્ણયથી ભારતનાં ૧૫ કરોડથી વધુ ટેલિગ્રામ યુઝર્સને સજા મળી છે, ન કે તે ગુનેગારોને જેમણે પેપર લીક કર્યું છે.' તેમણે દલીલ કરી હતી કે આ પ્રતિબંધથી સમસ્યાનો કાયમી ઉકેલ નહીં આવે.

## G7 સમિટમાં મોદી-ટ્રમ્પની મુલાકાત: પીએમ મોદીએ હોર્મુઝ સ્ટ્રેટમાં ભારતીય નાવિકોની સુરક્ષાનો મુદ્દો ઉઠાવ્યો, વૈશ્વિક વેપાર માર્ગો ખુલ્લા રાખવા પર ભાર

# ટ્રમ્પે કહ્યું- 'વ્હાઈટ હાઉસમાં ભારતનો મિત્ર હંમેશા હાજર'



(એજન્સી) એવિયન । તા. 17

ફ્રાન્સના એવિયન ખાતે આયોજિત ૫૨મી G7 સમિટ દરમિયાન પીએમ નરેન્દ્ર મોદી અને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે થયેલી મુલાકાત અત્યંત મહત્વની રહી છે. બંને નેતાઓએ દ્વિપક્ષીય સંબંધો અને વૈશ્વિક સુરક્ષાના મુદ્દાઓ પર ઊંડી ચર્ચા કરી હતી.તેમણે મોદીના વખાણ કરતા કહ્યું- જ્યાં સુધી મોદી નેતા છે, ભારત દરેક ક્ષેત્રમાં મોટી ભૂમિકા ભજવશે. મોદી શાંત અને જબરદસ્ત નેતા છે, પરંતુ હું મોદી જેવો નથી.

#### મોદીએ ભારતીય નાવિકોની સુરક્ષાનો મુદ્દો ઉઠાવ્યો

G7 સમિટ દરમિયાન પીએમ મોદીએ સતત બે દિવસ સુધી હોર્મુઝ સ્ટ્રેટમાં ભારતીય નાવિકોના મૃત્યુનો ગંભીર મુદ્દો ઉઠાવ્યો હતો. પીએમ મોદીએ જણાવ્યું કે વૈશ્વિક વેપાર માટે આ મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગ હોવાથી નાવિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવી એ તમામ દેશોની જવાબદારી છે. તેમણે ઈરાન સાથેની ડીલમાં ભારતીયોની સુરક્ષા સુનિશ્ચિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. પીએમએ સ્પષ્ટ કર્યું કે વિશ્વના આર્થિક હિતો માટે હોર્મુઝ સ્ટ્રેટ હંમેશા ખુલ્લો રહેવો અત્યંત જરૂરી છે. ફ્રાન્સના એવિયન ખાતે બે દિવસીય 52મી G7 સમિટનું આયોજન થયું.

#### ટ્રમ્પનો ભારતને ટેકો

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પીએમ મોદીના વખાણ કરતા કહ્યું હતું કે, 'જ્યાં સુધી હું રાષ્ટ્રપતિ છું, વ્હાઈટ હાઉસમાં મોદીનો એક સારો મિત્ર હંમેશા હાજર રહેશે.' ટ્રમ્પે પીએમ મોદીને 'શાંત અને જબરદસ્ત નેતા' ગણાવતા કહ્યું કે, મોદીના નેતૃત્વમાં ભારત દરેક ક્ષેત્રમાં વૈશ્વિક સ્તરે મોટી ભૂમિકા ભજવશે. ટ્રમ્પે વધુમાં આશ્વાસન આપ્યું હતું કે જો ભારત કે મોદી પર હુમલો થશે.

#### શાંતિ માટે પ્રયાસો

પીએમ મોદીએ પશ્ચિમ એશિયામાં શાંતિ સ્થાપવા માટે ટ્રમ્પના નેતૃત્વની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે, ટ્રમ્પના નેતૃત્વ હેઠળ સમગ્ર ક્ષેત્રમાં શાંતિ સ્થપાવાની આશા દેખાઈ રહી છે. G7 સમિટમાં બંને દિગ્ગજ નેતાઓની આ મુલાકાત વ્યૂહાત્મક રીતે ભારત-અમેરિકાના ગાઢ સંબંધોને વધુ મજબૂતી આપે છે. અમેરિકા તેમની મદદ કરવા માટે હંમેશા તત્પર રહેશે.

### આમ આદમી પાર્ટીએ ખેડૂતોના મુદ્દે કરી મોટી જાહેરાત...

# આમ આદમી પાર્ટી દ્વારા સુરેન્દ્રનગરમાં યોજાશે "કિસાન મહાપંચાયત": પ્રવીણ રામ

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ ફ્રન્ટલ અધ્યક્ષ પ્રવિણ રામે વિડિયોના માધ્યમથી જણાવ્યું હતું કે, સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ પહેલાં આમ આદમી પાર્ટીએ ગુજરાતના ખેડૂતો માટે ખૂબ મહત્ત્વની લડાઈઓ લડી અને આંદોલનનો પહેલો અધ્યાય સફળતાપૂર્વક પૂર્ણ કર્યો. સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ બાદ હવે ગુજરાતના ખેડૂતો માટે એક બીજો અધ્યાય શરૂ કરવા અમે જઈ રહ્યા છીએ અને તેના માટે એક નવા કાર્યક્રમની જાહેરાત આજે કરવા જઈ રહ્યા છીએ. સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ પહેલાં તમામ ખેડૂતોના મુદ્દાઓ આમ આદમી પાર્ટીએ ખૂબ મજબૂતાઈથી લડવાનું કામ કર્યું હતું. સાથે સાથે હડદડ મુકામે જ્યારે ખેડૂતોને જરૂર પડી ત્યારે આમ આદમી પાર્ટીએ ખૂબ લાંબી લડાઈ લડી હતી. આ લડાઈ દરમિયાન 108 દિવસ સુધી હું પોતે અને મારી સાથે 80થી વધારે લોકો તથા ખેડૂતો જેલમાં રહ્યા હતા અને ગુજરાતના ખેડૂતો માટે અવાજ ઉઠાવવાનું કામ કર્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું કે કચ્છમાં હાઈટેન્શન લાઈનના મુદ્દે પણ આમ આદમી પાર્ટીના નેતાઓએ ત્યાં જઈને ખેડૂતોના હક્ક માટે અવાજ ઉઠાવ્યો હતો. જેલમાંથી બહાર આવ્યા બાદ સોમનાથથી ખેડૂતોના મુદ્દાઓને લઈને આમ આદમી પાર્ટી દ્વારા યાત્રાની શરૂઆત કરવામાં આવી હતી અને ગાંધીનગર ખાતે તેનું સમાપન થયું હતું. તે જ સમય દરમિયાન આમ આદમી પાર્ટી દ્વારા સમગ્ર ગુજરાતમાં ખેડૂતોના પ્રશ્નોને લઈને અંદાજે દસથી વધુ કિસાન મહાપંચાયતોનું આયોજન કરવામાં આવ્યું હતું.આ ઉપરાંત, ખેડૂતોના સમર્થનમાં આમ આદમી પાર્ટીએ સમગ્ર ગુજરાતમાં 10 હજારથી વધુ નાની ખાટલા બેઠકો યોજી હતી અને 80 હજારથી વધુ ખેડૂતોના હસ્તાક્ષર ધરાવતું આવેદનપત્ર મુખ્યમંત્રીને સોંપીને ખેડૂતોના પ્રશ્નોનો ઉકેલ લાવવાની માંગ પણ કરી હતી.



'આપ' નેતા પ્રવિણ રામે વધુમાં જણાવ્યું હતુ કે હવે સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ બાદ ખેડૂતોના આંદોલનનો બીજો અધ્યાય શરૂ કરવા જઈ રહ્યા છીએ. આ માટે હું ગુજરાતના ખેડૂતો સમક્ષ એક મહત્વપૂર્ણ કાર્યક્રમની જાહેરાત કરવા માગું છું. આવનારી 27 તારીખે સુરેન્દ્રનગર ખાતે આમ આદમી પાર્ટી દ્વારા એક વિશાળ કિસાન મહાપંચાયતનું આયોજન કરવામાં આવશે. આ મહાપંચાયતમાં હાલના ખેડૂતોના પ્રશ્નો ઉપરાંત ભવિષ્યમાં ઊભા થનારા પ્રશ્નો પર પણ ચર્ચા કરવામાં આવશે. અતિવૃષ્ટિ, ઓછા વરસાદ, બિયારણ, ખાતર, વીજળી અને અન્ય કૃષિ સંબંધિત પ્રશ્નો તેમજ હાલમાં હાઈટેન્શન લાઈનને લઈને ખેડૂતો જે પીડા અનુભવી રહ્યા છે તેવા તમામ મુદ્દાઓને આ મહાપંચાયતમાં પ્રાથમિકતા આપવામાં આવશે. પ્રવિણ રામે જણાવ્યું કે સુરેન્દ્રનગર ખાતે યોજાનારી આ કિસાન મહાપંચાયત દ્વારા ખેડૂતો માટેના આંદોલનના બીજા અધ્યાયની શરૂઆત કરવામાં આવશે. અત્યાર સુધી આમ આદમી પાર્ટીના તમામ નેતાઓએ ગુજરાતના ખેડૂતોના પ્રશ્નો ઉઠાવવાનું કામ કર્યું છે અને આવનારા દિવસોમાં પણ આંદોલનના માધ્યમથી ખેડૂતોના પ્રશ્નોને મજબૂતાઈથી ઉઠાવવાનું કામ ચાલુ રાખશે. ખેડૂતોના હક્ક અને હિત માટેની આ નવી લડતની શરૂઆત 27 તારીખે સુરેન્દ્રનગર ખાતે યોજાનારી કિસાન મહાપંચાયતથી થશે.

## નર્મદા જિલ્લાના ઉમરાણ ગામે યોજાઈ જનકલ્યાણ શિબિર

### ધારાસભ્ય ચૈતર વસાવાએ સરકારી યોજનાઓ અને ખેડૂત સહાય અંગે આપ્યું મહત્વનું માર્ગદર્શન



અમદાવાદ | નર્મદા જિલ્લા ચીકદા તાલુકાના પ્રજાના વિવિધ પડતર પ્રશ્નોને ધ્યાનમાં રાખીને માધ્યમિક શાળા ઉમરાણ ખાતે "જનકલ્યાણ શિબિર" અને વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં આમ આદમી પાર્ટી, ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન જનકલ્યાણકારી યોજનાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું તેમજ પર્યાવરણ સંરક્ષણના સંદેશ સાથે વૃક્ષારોપણ કરવામાં આવ્યું. સાથે સાથે વિવિધ યોજનાઓ અંતર્ગત લાભાર્થીઓને પ્રમાણપત્રો પણ આપવામાં આવ્યા હતા.આ પ્રસંગે વિવિધ ચૂંટાયેલા પદાધિકારીઓ, વહીવટી તંત્રના અધિકારીઓ, કર્મચારીઓ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું કે સરકારની વિવિધ યોજનાઓનો લાભ લોકો સુધી યોગ્ય રીતે પહોંચે તે માટે સતત પ્રયત્નો જરૂરી છે. તેમણે જણાવ્યું કે આપણા વિસ્તારમાં પાણીની સમસ્યા, આરોગ્ય સંબંધિત પ્રશ્નો તથા અન્ય વિકાસ સંબંધિત પડકારો છે, જેના નિવારણ માટે સતત કામગીરી જરૂરી છે. તેમણે વધુમાં જણાવ્યું કે શિક્ષણ, રોજગાર અને કૃષિ ક્ષેત્રે પણ વિસ્તારનો સર્વાંગી વિકાસ થાય તે માટે સૌએ સાથે મળીને પ્રયત્ન કરવો જોઈએ. કૃષિ ક્ષેત્ર વિશે વાત કરતાં તેમણે જણાવ્યું કે ખેડૂતો માટે સરકાર દ્વારા અનેક યોજનાઓ અમલમાં છે, જેમાં સબસિડી, ખેતી સાધનો, પશુપાલન, સોલાર પંપસેટ, ટ્રેક્ટર સહાય, બાગાયતી ખેતી, તેમજ અન્ય કૃષિ સાધનો માટે સહાય યોજનાઓનો સમાવેશ થાય છે. તેમણે ઉમેર્યું કે ઘણીવાર ખેડૂતોને આ યોજનાઓની સંપૂર્ણ માહિતી ન મળવાને કારણે તેઓ તેનો લાભ લઈ શકતા નથી, તેથી અધિકારીઓ દ્વારા યોગ્ય માર્ગદર્શન આપવું અત્યંત જરૂરી છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે સરકાર, અધિકારીઓ અને જનતા મળીને કામ કરશે તો વિસ્તારનો સર્વાંગી વિકાસ શક્ય છે.

## News Brief

### મ્યુલ એકાઉન્ટમાં 99.39 લાખના ટ્રાન્જેક્શન થયા : નારણપુરામાં યુવકે કમિશન માટે એકાઉન્ટ ખોલવી મિત્રને આપ્યું



અમદાવાદ | ગુજરાત પોલીસ દ્વારા સાયબર ક્રાઈમ માટે ઓપરેશન મ્યુલ હંટ 2.0 શરૂ કરવામાં આવ્યું છે, જે અંતર્ગત બેંક એકાઉન્ટ ભાડે આપનાર અથવા કમિશનર મેળવનાર વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી રહીં છે. ત્યારે નારણપુરામાં બેંક એકાઉન્ટ કમિશન પર આપનાર યુવકની ધરપકડ કરી છે.આરોપીના બેંક એકાઉન્ટમાં 99 લાખથી વધુના ટ્રાન્જેક્શન થયા છે. નારણપુરા પોલીસના સાયબર ક્રાઈમ યુનિટ દ્વારા ઓપરેશન મ્યુલ હંટ 2.0 હેઠળ વાડજમાં રહેતા સંજય તોલાણી નામના આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. સંજયનું બેંક ઓફ બરોડામાં એકાઉન્ટ છે. આ બેંક એકાઉન્ટ વિરુદ્ધમાં સમન્વય પોર્ટલ પર 16 જેટલી ફરિયાદ થઈ છે. બેંક એકાઉન્ટમાં 99.39 લાખ રૂપિયાના ટ્રાન્ઝેકશન મળી આવ્યા છે. અલગ અલગ રાજ્યોમાં સાયબર ફ્રોડના 99 લાખથી વધુની રકમ આ બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર થઈ હતી. સંજયની પૂછપરછ કરતા જાણવા મળ્યું કે, તેને એમેઝોન અને ફ્લિપકાર્ડ પર કપડા વેચાણ માટે બેંક ઓફ બરોડામાં ખાતું ખોલાવ્યું હતું. આ બેંક એકાઉટ સંજયે 8 દિવસ માટે વિપુલ વર્મા નામના વ્યક્તિને આપ્યું હતું. વિપુલ વર્માએ એકાઉન્ટમાં ફ્રોડના નાણાના ટ્રાન્ઝેક્શન કર્યા હતા જેના બદલામાં સંજયને કમિશન આપવામાં આવ્યું હતું. નારણપુરા પોલીસે સંજય અને વિપુલ વિરુદ્ધ ગુનો નોધી સંજયની ધરપકડ કરી છે.

### ફરજિયાત TETના વિરોધમાં આજથી શિક્ષકોનું રાજ્યવ્યાપી આંદોલન

અમદાવાદ | સુપ્રીમ કોર્ટે શિક્ષકો માટે એક મહત્વનો ચુકાદો આપતાં નિર્દેશ આપ્યો છે કે, શિક્ષણ સર્વિસ સાથે જોડાયેલા તમામ શિક્ષકો માટે નોકરી ચાલુ રાખવા અથવા બઢતી મેળવવા માટે ટિચર્સ એલિજિબિલિટી ટેસ્ટ (TET) પાસ કરવી ફરજિયાત રહેશે. જે શિક્ષકોની નોકરીને પાંચ વર્ષથી વધુ સમય બાકી છે તેમણે TET પાસ કરવી ફરજીયાત કરવામાં આવ્યું છે. જો તેઓ આમ નહીં કરે તો રાજીનામું આપવું પડશે અથવા ફરજિયાત નિવૃત્તિ લેવી પડશે. જોકે કોર્ટે માત્ર પાંચ વર્ષ બાકી રહેલા શિક્ષકોને રાહત આપી છે. ત્યારે રાજ્યના શિક્ષકોમાં વિરોધનો સૂર ઉઠ્યો છે. અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા આજથી ત્રણ દિવસ અલગ અલગ જિલ્લામાં આવેદનપત્ર અને ધરણાની જાહેરાત કરવામાં આવી છે. 2010 પહેલા નોકરી પર લાગેલા શિક્ષકોને આમાંથી બાકાત રાખવાની માગ કરવામાં આવી છે.

સુપ્રિમ કોર્ટના નિર્ણયના કારણે અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા બેઠક બોલાવવામાં આવી હતી. જેમાં સુપ્રીમ કોર્ટના નિર્ણયને યોગ્ય ન ગણી બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. જેમાં 33 જિલ્લામાં 3 દિવસ સુધી અલગ અલગ પ્રકારે ધરણા પ્રદર્શન અને આંદોલન કરવાની તૈયારી કરવામાં આવી છે. કારણ કે TET પાસ કરવી ફરજિયાત કરવામાં આવી હોવાથી એક લાખ જેટલા શિક્ષકો જે જે તે સમયે સરકારના નિયમ મુજબ નોકરીમાં લાગ્યા છે.

### વાડજ ફ્લાય ઓવરબ્રિજની કામગીરીમાં જોઇન્ટમાં પણ ખામી, કોન્ટ્રાક્ટરની બેદરકારી!

અમદાવાદ | અમદાવાદના વાડજ વિસ્તારમાં નિર્માણાધિન ફ્લાય ઓવરબ્રિજની કામગીરીમાં કોન્ટ્રાક્ટરની બેદરકારી સામે આવી છે. બ્રિજ બનાવવાની કામગીરી દરમિયાન મજૂરોના સેફટી માટેની કોઈ વ્યવસ્થા કરવામાં આવી નથી. 50 ફૂટ જેટલી હાઈટ ઉપર મજૂરો માત્ર દોરડા અને લાકડાના બામ્બુના ટેકા ઉપર બેઠેલા છે.
સેફટીના સાધનો વિના માત્ર લાકડાના અને દોરડાના ટેકા ઉપર મજૂરો બેસીને લાકડાના ટેકા બાંધી રહ્યા છે. મજૂરોને દોરડા બાંધીને અથવા અન્ય કોઈ નીચે સેફટીના સાધનો રાખવામાં આવ્યા નથી જેથી ઉપરથી જો નીચે કામ કરતા મજૂર પટકાય તો તેને ગંભીર ઈજા અથવા તો મૃત્યુ પણ થઈ શકે છે.
વાડજ વિસ્તારમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રૂપિયા 105 કરોડથી વધુના ખર્ચે રચના કન્સ્ટ્રકશન્સને ઓવરબ્રિજ બનાવવા માટે નો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે જેની 80 ટકા કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે. જુના વાડજ બીઆરટીએસ બસ સ્ટેન્ડ પાસે બ્રીજના નીચેના ભાગમાં 8થી 10 મજૂરો લાકડાના ટેકા ઉપર બેસી કામ કરી રહ્યા છે અને તેમના જીવને ખૂબ જ જોખમ ઉભું થયું છે.
વાડજ ફ્લાય ઓવર બ્રિજની કામગીરીને લઈને પણ સવાલ ઉભા કરતા દ્રશ્યો જોવા મળ્યા છે, જૂનાવાડજ BRTS બસ સ્ટેન્ડ પાસે બ્રિજ ઉપર જોઈન્ટમાં ખામી જોવા મળી છે. પોઈન્ટ જે રાખવામાં આવ્યો છે તે યોગ્ય રીતે કરવામાં આવ્યો નથી અને તેમાં તિરાડ પણ જોવા મળી રહી છે. યોગ્ય રીતે જોઈન્ટ કરવામાં આવ્યું ન હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા છે ત્યારે ફ્લાય ઓવર બ્રિજની કામગીરી પર સવાલો ઊભા થઈ રહ્યા છે.

## નશાયુક્ત કફસીરપ અને ટેબલેટ્સની હેરાફેરી કરતો પેડલર પકડાયો

વડોદરા | વડોદરાના આજવા રોડ વિસ્તારમાં નસાયુક્ત આયુર્વેદિક પ્રોડક્ટ્સ સાથે એસઓજીએ એક કેરિયરને ઝડપી પાડ્યો છે. આજવા રોડના દત્તનગરમાં રહેતો સતનામસિંગ મકનસિંગ સીકલીગર છેલ્લા કેટલાક સમયથી આયુર્વેદિક કફસીરપ તેમજ ટેબલેટ્સની હેરાફેરી કરતો હોવાની વિગતો મળતા એસઓજીની ટીમે વોચ રાખી હતી.
પોલીસને પૂરતા પુરાવા મળ્યા બાદ દરોડો પાડતા ઘેનયુક્ત કોડીન સીરપની 128 બોટલ (કિંમત રૂપિયા 23,000), ટ્રામાડોલ ટેબલેટ્સના 13 સ્ટ્રીપ, અલ્પ્રાઝોલમ ટેબલેટના 20 સ્ટ્રીપ તેમજ 61000 રોકડા મળી આવ્યા હતા.
પોલીસે આરોપીનો મોબાઈલ પણ કબજે કર્યો હતો. પ્રાથમિક તપાસમાં આરોપી દિલ્હીમાં ચોરીના એક કેસમાં પકડાયો હોવાની વિગતો જાણવા મળી હતી. પોલીસે સિરપનો જથ્થો ક્યાંથી લાવ્યો હતો અને કોને કોને આપતો હતો તે દિશામાં તપાસ હાથ ધરી છે.

# પોલીસ FIRમાં આત્મહત્યા માટે જવાબદાર ભાજપના નેતાઓના નામ લખવા માંગતી નથી: ગોપાલ ઇટાલીયા

અમદાવાદ : અમરેલી જિલ્લાના વડીયા ગામના ખેડૂત મનસુખભાઈ સોજીત્રાએ આત્મહત્યા કરી હતી અને ગતરોજ આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા, 'આપ' પ્રદેશ સંગઠન મંત્રી નિકુંજ સાવલિયા સહિત આગેવાનોએ મૃતક મનસુખભાઈના પરિવારની મુલાકાત લીધી અને તેમને સાંત્વના પાઠવી. ત્યારબાદ ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ મીડિયા સમક્ષ પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, અમરેલી જિલ્લાના વડીયા ગામના ખેડૂત મનસુખભાઈ સોજીત્રાએ બે દિવસ પહેલા એક વિડીયો બનાવ્યો હતો અને વીડિયોમાં એમણે એવું કહ્યું હતું કે ભાજપના અમુક નેતાઓના ત્રાસના કારણે તેઓ આત્મહત્યા કરે છે. આ રીતની વાત કરીને તેમણે આત્મહત્યા કરી અને તેઓ આજે આપણી વચ્ચે નથી. ત્યારબાદ સમાજના અને મનસુખભાઈના પરિવારના આગેવાનો વડીયા પોલીસ સ્ટેશને પોલીસ ફરિયાદ કરવા માટે ગયા પણ વડીયા પોલીસ સ્ટેશને પણ સ્પષ્ટ રીતે ના પાડી કે "ભાજપના નેતાનું નામ FIRમાં લખવામાં આવશે નહીં, જો કહેતા હોય તો કોઈ નાના મોટા આગેવાનોના નામ લખીએ. પરંતુ જે વ્યક્તિ આત્મહત્યા પાછળ જવાબદાર છે એમનું નામ લખવામાં આવશે નહીં"



વધુમાં ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ જણાવ્યું હતું કે, આપણા અમરેલી જિલ્લાના વડીયા ગામમાં હિન્દુ ખેડૂત આત્મહત્યા કરે અને હિન્દુત્વના નામે ચાલતી આખી સરકાર જો કોઈ માણસને મરતા રોકી ન શકે તો એ ખૂબ જ દુ:ખની બાબત છે. મૃતક મનસુખભાઈના કૌટુંબિક ભાઈ જીવરાજભાઈએ પણ જમીન બાબતે આજે ખૂબ જ દુ:ખી સ્વરે કહ્યું કે એમને પણ રસ્તાનો પ્રશ્ન છે અને એમને પણ આત્મહત્યા કરવી પડે એવું લાગે છે. મેં એમને આશ્વાસન આપ્યું છે અને રસ્તાના પ્રશ્નો મુદ્દે ભાજપના માણસો દાદાગીરી કરી રહ્યા છે એની સામે મામલતદારો, કલેકટરો, ડીવાયએસપીઓ સહિત તમામ લોકો સજાગ બને અને ખેડૂતોને મદદરૂપ બને એ બાબતની આજે જાણ કરી છે.

## ઓઢવમાં પ્લાસ્ટિકની ફેક્ટરી આગમાં એકનાં મોત મામલે ગુનો દાખલ કરાયો

અમદાવાદ | અમદાવાદના ઓઢવ વિસ્તારમાં પ્લાસ્ટિકની ફેક્ટરીમાં આગ લાગવાની ઘટનામાં એક મજૂરના મૃત્યુ મામલે ફેક્ટરી માલિક પિતા પુત્ર વિરુદ્ધ ઓઢવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી છે. ફેક્ટરીમાં આગ લાગી ત્યારે ઓરડીમાં તૂટેલો મજુર આજે જવાથી અને ગુંગળામણથી મોતને ભેટ્યો હતો.

ફેક્ટરી માલિક દ્વારા કંપનીમાં આગના સમયે ઈમરજન્સી એક્ઝિટ ગેટ કે રસ્તો રાખ્યો નહોતો નિયમ મુજબ ફાયર સેફટીના સાધનો પણ રાખવામાં આવ્યા નહોતા અને સંપૂર્ણપણે બેદરકારી દાખવવામાં આવતા ઓઢવ પોલીસે ગુનો નોંધ્યો છે.

ઓઢવ વિસ્તારમાં જુના ઓઢવ ફાયર સ્ટેશન નજીક મારુતિ એસ્ટેટમાં આવેલી અંબિકા પ્લાસ્ટિક નામની ફેક્ટરીમાં 12 જુનના રોજ મોડી રાત્રે આગ લાગવાની ઘટના બની હતી. ફાયરબ્રિગેડની ગાડીઓ સ્થળ ઉપર પહોંચી હતી. ફાયર બ્રિગેડે પાણીનો મારો ચલાવી આગને બુજાવી દીધી હતી અને ત્યારબાદ ફેક્ટરીમાં તપાસ કરતા એક વ્યક્તિનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતક કંપનીમાં કામ કરતો મજૂર પ્રતાપ પટેલિયા (રહે. મૂળ માલપુર અરવલ્લી) હોવાનું જાણવા મળ્યું હતું. ઓઢવ પોલીસ દ્વારા મામલે તપાસ શરૂ કરવામાં આવી હતી.

ઓઢવ પોલીસ તપાસમાં ફેક્ટરીના માલિક અરૂણભાઈ બાબુભાઈ માંગરોલીયા અને સાગર અરૂણભાઈ માંગરોલીયા હોવાનું જાણવા મળ્યું હતું બંનેની બેદરકારી સામે આવતા ઓઢવ પોલીસે કંપનીમાં કામ કરતા દિલીપભાઈ નિનામાની પોલીસ ફરિયાદ લીધી છે.

## ગુજરાતના 12 જિલ્લામાં ગાજવીજ સાથે વરસાદની આગાહી : નવસારી શહેરમાં વરસાદી ઝાપટું...

ગુજરાત| ગુજરાતમાં ચોમાસું બેસવાની તારીખ 15 જૂન છે અને 30 જૂન સુધીમાં તો ચોમાસું આખા ગુજરાતને કવર કરી લેતું હોય છે. પરંતુ, 15 જૂન વિતી ગયા બાદ પણ રાજ્યમાં સત્તાવાર ચોમાસાની એન્ટ્રી ન થતા ચિંતાના વાદળો ઘેરાયા છે. ચોમાસું 8 જૂનથી પશ્ચિમી તટ પર લગભગ સ્થિર છે. ત્યારે હવામાન એજન્સી સ્કાયમેટ અનુસાર, ચોમાસાને મુંબઈ પહોંચવામાં હજુ 7થી 8 દિવસ લાગી શકે છે.
તો આ તરફ આજે ( 17 જૂન) ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, ભરૂચ, સુરત, તાપી, નવસારી, વલસાડ, ડાંગ, દમણ, દાદરા અને નગર હવેલી, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના ડાયરેક્ટર એ. કે દાસે જણાવ્યા અનુસાર, આગામી 7 દિવસ માટે ગુજરાત, દીવ, દમણ અને દાદરા નગર હવેલી માટે કોઈ મોટું એલર્ટ નથી, પરંતુ કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે.
હવામાન વિભાગની આગાહી વચ્ચે આજે 17 જૂને સવારે નવસારી શહેરમાં વાતાવરણમાં પલટો આવ્યો હતો. એટલે કે શહેરના પૂર્વ વિસ્તારોમાં વરસાદી ઝાપટું પડ્યું હતું. શહેરના સર્કિટ હાઉસ, ડેપા સહિત તેની આસપાસના વિસ્તારોમાં વરસાદી ઝાપટા પડ્યા હતા. પવન સાથે વરસાદી ઝાપટા પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. તો દક્ષિણ ગુજરાતમાં ચોમાસાની સત્તાવાર એન્ટ્રી પહેલા ખેડૂતો અને શહેરીજનો હજુ સારા વરસાદની રાહ જોઈ રહ્યા છે.
ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, ભરૂચ, સુરત, તાપી, નવસારી, વલસાડ, ડાંગ, દમણ, દાદરા અને નગર હવેલી, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી છૂટાછવાયા વિસ્તારોમાં હળવોથી મધ્યમ વરસાદ અને ગાજવીજ સાથે ઝાપટાં પડવાની સંભાવના છે. બાકીના જિલ્લાઓમાં હવામાન સૂકું રહેવાની શક્યતા છે.
અરવલ્લી, મહીસાગર, દાહોદછૂટાછવાયા વિસ્તારોમાં હળવોથી મધ્યમ વરસાદ અને ગાજવીજ સાથે ઝાપટાં પડવાની સંભાવના છે. બાકીના જિલ્લાઓમાં હવામાન સૂકું રહેવાની શક્યતા છે.

## અમદાવાદ મેડિસિટી ખાતે રૂ. 295 કરોડના ખર્ચે બનશે વર્લ્ડ ક્લાસ સ્પાઇન અને સ્પોર્ટ્સ ઇન્જરી સેન્ટર

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારે આરોગ્ય ક્ષેત્રે વધુ એક મહત્વપૂર્ણ અને ભવિષ્યલક્ષી પહેલ હાથ ધરી છે. અમદાવાદ મેડિસિટી ખાતે અંદાજિત રૂ. 295 કરોડના ખર્ચે આંતરરાષ્ટ્રીય ધોરણની સુવિધાઓથી સજ્જ 'સ્પાઈન અને સ્પોર્ટ્સ ઈન્જરી સેન્ટર' સ્થાપિત કરવામાં આવશે, તેમ આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું છે. આ પ્રોજેક્ટ અંગે ગાંધીનગર ખાતે મંત્રી શ્રી પાનશેરીયાના અધ્યક્ષસ્થાને ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી, જેમાં ગવર્નમેન્ટ સ્પાઈન ઈન્સ્ટિટ્યુટના નિયામક ડૉ. પિયુષ મિત્તલ સહિત આરોગ્ય વિભાગ અને



પી.આઈ.યુ.ના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આરોગ્ય મંત્રીએ જણાવ્યું કે વર્ષ 2030ની કોમનવેલ્થ ગેમ્સ અને 2036ની ઓલિમ્પિક ગેમ્સને ધ્યાનમાં રાખીને ગુજરાત રમતગમત તબીબી સુવિધાઓમાં વૈશ્વિક સ્તરે સજ્જ થઈ રહ્યું છે. આ કેન્દ્ર ખેલાડીઓ માટે આધુનિક સારવાર, નિદાન અને પુનર્વસન (રિહેબિલિટેશન)ની તમામ સુવિધાઓ એક જ છત હેઠળ ઉપલબ્ધ કરાવશે.

# ભારતીય તટરક્ષક દળને સમર્પિત દેશનું પ્રથમ 'સ્વર્ણિમ જયંતી સર્કલ' ગાંધીનગરમાં લોકાર્પિત

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ભારતીય તટરક્ષક દળની સ્થાપનાના 50 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ગુજરાત સરકારે ગાંધીનગરના ચ-4B સર્કલને 'ભારતીય તટરક્ષક સ્વર્ણિમ જયંતી સર્કલ' તરીકે નામાભિધાન કરી તેનું ઉદ્ઘાટન નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે કરાવ્યું. સમગ્ર દેશમાં ભારતીય તટરક્ષક દળને સમર્પિત આ પ્રકારનું પ્રથમ સર્કલ હોવાનું વિશેષ મહત્વ ધરાવે છે. કાર્યક્રમમાં ભારતીય કોસ્ટ ગાર્ડ ક્ષેત્ર (ઉત્તર-પશ્ચિમ)ના કમાન્ડર ઈન્સ્પેક્ટર જનરલ ટેકુર સશી કુમાર, રાજ્યના આગેવાનો, નિવૃત્ત અધિકારીઓ અને તટરક્ષક દળના જવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ



પ્રસંગે ગુજરાત અને ભારતીય તટરક્ષક દળ વચ્ચેના મજબૂત સહયોગને વધુ સશક્ત બનાવવાનો સંદેશ આપવામાં આવ્યો. સર્કલની રચનામાં ઓફશોર પેટ્રોલ વેસલ, ડોર્નિયર એરક્રાફ્ટ, એડવાન્સ્ડ લાઈટ હેલિકોપ્ટર તેમજ તટરક્ષક જવાનોની પ્રતિમાઓ દ્વારા દળની બહુમુખી કામગીરી, દરિયાઈ સુરક્ષા અને સતત સતર્કતાને પ્રતીકાત્મક રીતે રજૂ કરવામાં આવી છે. ઉપરાંત ડિજિટલ વોલ મારફતે ભારતીય તટરક્ષક દળની વિવિધ કામગીરી અને સિદ્ધિઓનું સતત પ્રદર્શન પણ કરવામાં આવશે. આ સ્વર્ણિમ જયંતી સર્કલ ભારતીય તટરક્ષક દળના રાષ્ટ્રસેવા, દરિયાકાંઠાની સુરક્ષા, પર્યાવરણ સંરક્ષણ અને માનવતાવાદી કામગીરીમાં રહેલા મહત્વપૂર્ણ યોગદાનને જનજન સુધી પહોંચાડવાની સાથે નાગરિકોમાં દેશપ્રેમ અને ગૌરવની ભાવના વધુ મજબૂત બનાવશે.

## ધીનગરમાં પ્રાકૃતિક કૃષિ સંવાદ: રાસાયણિક મુક્ત ખેતીથી આત્મનિર્ભરતા તરફ મજબૂત પગલું

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગાંધીનગર જિલ્લામાં 'આત્મા' પ્રોજેક્ટ અને ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના સંયુક્ત ઉપક્રમે પ્રાકૃતિક કૃષિ સંવાદ તથા લાઈવ નિદર્શન કાર્યક્રમ યોજાયો હતો, જેમાં જિલ્લાના ચારેય તાલુકાના આશરે 650 ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ રાસાયણિક મુક્ત ખેતીને પ્રોત્સાહન આપી આત્મનિર્ભર ખેડૂત અને સ્વસ્થ ભારતની દિશામાં વૈચારિક પરિવર્તન લાવવાનો રહ્યો હતો. જિલ્લા પંચાયત પ્રમુખ રાજેશભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના વિવિધ પાસાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.



કાર્યક્રમ દરમિયાન 30થી વધુ સ્ટોલ્સમાં ઓર્ગેનિક ઈનપુટ્સ અને પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોનું લાઈવ નિદર્શન રજૂ કરવામાં આવ્યું હતું. પ્રમુખશ્રીએ સંબોધનમાં જણાવ્યું હતું કે દેશી ગાય આધારિત શૂન્ય ખર્ચ પ્રાકૃતિક ખેતી દ્વારા ઉત્પાદન ખર્ચ ઘટાડીને ખેડૂતોની આવક બમણી કરી શકાય છે. તેમણે "ફેમિલી ડોક્ટર જેવી રીતે હવે 'ફેમિલી ફાર્મર' રાખવાનો સમય આવ્યો છે".

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654


## ટ્રક અકસ્માતમાં સાત લોકોના મોત, વડોદરામાં લક્ઝરી બસનો અકસ્માત

# વડોદરામાં કાળમુખો અકસ્માત સાત લોકોના મોત

(એજન્સી) વડોદરા । તા. 17

રાજસ્થાનના બાસવાડાથી મુસાફરોને લઈને સુરત તરફ જઈ રહેલી એક લક્ઝરી બસ પરોઢિયાના સમયે વડોદરા-હાલોલ માર્ગ પર કાળના મુખમાં ધકેલાઈ ગઈ હતી. કોટંબી સ્ટેડિયમ નજીક માર્ગ પર ઉભેલા એક ટ્રક સાથે બસની જોરદાર ટક્કર થતા સાત લોકોના ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યા છે, જ્યારે ૨૦થી વધુ મુસાફરો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. આ ઘટનાએ સમગ્ર પંથકમાં અરેરાટી ફેલાવી દીધી છે.





સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ ઘટના વહેલી સવારે લગભગ ચાર વાગ્યાના અરસામાં બની હતી. રાજસ્થાનથી સુરત જતી આ ખાનગી લક્ઝરી બસ ગતિમાં હતી, ત્યારે અચાનક વડોદરા-હાલોલ રોડ પર કોટંબી સ્ટેડિયમ પાસે માર્ગની એક બાજુ ઉભેલા ટ્રક સાથે તે ધડાકાભેર અથડાઈ હતી. ટક્કર એટલી પ્રચંડ હતી કે બસનો આગળનો ભાગ કચડાઈ ગયો હતો. અવાજ સાંભળીને આસપાસના ગ્રામજનો અને ત્યાંથી પસાર થતા અન્ય વાહન ચાલકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા. અકસ્માતને પગલે માર્ગ પર ચારથી પાંચ કિલોમીટર સુધી લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો.

અકસ્માતની જાણ થતા જ વડોદરા ફાયર બ્રિગેડના જવાનો, પાણીગેટ ટીમ અને ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટરની ટુકડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. સ્થિતિની ગંભીરતાને જોતા ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની ટીમને પણ બોલાવવામાં આવી હતી. બસનું પતરું ટ્રકની અંદર ઘૂસી ગયું હોવાથી મુસાફરોને બહાર કાઢવા ભારે મુશ્કેલ હતા. બચાવકર્મીઓએ કટર મશીન અને જેસીબીની મદદથી બસના પતરા કાપીને ફસાયેલા મુસાફરોને બહાર કાઢવાની કામગીરી હાથ ધરી હતી. અંધારું હોવા છતાં સતત પ્રયત્નો કરીને ઘાયલ મુસાફરોને તાત્કાલિક બહાર કાઢીને સારવાર માટે વડોદરાની સિવિલ હોસ્પિટલ અને નજીકની ખાનગી હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા હતા.

આ ગંભીર વડોદરા અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલા ૨૬ જેટલા મુસાફરોમાંથી પાંચ વ્યક્તિઓની હાલત અત્યંત ગંભીર હોવાનું હોસ્પિટલના તબીબો જણાવી રહ્યા છે. ડોક્ટરોની ટીમ સતત ઘાયલોની સારવાર કરી રહી છે અને તેમને બચાવવા માટે તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. બીજી તરફ, સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે પહોંચીને અકસ્માતનું કારણ જાણવા માટે તપાસ શરૂ કરી છે. પોલીસ પ્રાથમિક તપાસમાં ટ્રક રોડ પર કેમ ઉભો હતો અને બસ ચાલકને ઝોકું આવી ગયું હતું કે કેમ, તેવા વિવિધ પાસાઓ પર તપાસ કરી રહી છે. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, જવાબદાર વ્યક્તિઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

### સ્થાનિક સ્તરે શોકનું મોજું

આ દુર્ઘટનાને પગલે મૃતકોના પરિવારોમાં માતમ છવાઈ ગયો છે. અકસ્માતનો ભોગ બનનારા મોટાભાગના મુસાફરો રોજગારી માટે સુરત તરફ જઈ રહ્યા હતા. આટલી મોટી સંખ્યામાં લોકોના મોતને કારણે સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. વહીવટીતંત્ર દ્વારા પણ ઘાયલોને શ્રેષ્ઠ સારવાર મળે તે માટે તમામ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. આ બનાવમાં ટ્રક અને બસ બંને વાહનોના પતરાં વળી ગયા હોવાથી અકસ્માતની ભયાનકતાનો અંદાજ લગાવી શકાય છે. ટ્રાફિક ક્લિયરન્સ માટે પોલીસની ટીમો સતત પ્રયત્નશીલ રહી હતી જેથી એમ્બ્યુલન્સ અને રાહત સામગ્રી લઈ જતા વાહનોને અવરોધ ન નડે.

## વડોદરાના તળાવોમાં માછલીઓના મોત: અલ નીનોની અસરથી પાણીમાં ઓક્સિજન ઘટતા ખતરો



વડોદરા | દેશભરમાં અલ નીનોની અસરના કારણે ચોમાસું વિલંબમાં મુકાતા ચિંતાનું મોજું ફરી વળ્યું છે. ત્યારે વડોદરા શહેરમાં પણ આ અસરના નકારાત્મક પરિણામો જોવા મળી રહ્યા છે. છેલ્લા ૨૦ દિવસમાં શહેરના ગોત્રી, સમા, ગોરવા અને સૂરસાગર જેવા મુખ્ય તળાવોમાં સેંકડો માછલીઓના મૃતદેહ મળી આવતા તંત્ર અને પર્યાવરણપ્રેમીઓમાં દોડધામ મચી ગઈ છે. સૂરસાગર તળાવમાં તો ત્રણ વખત આ પ્રકારની ઘટના બની છે. એમ.એસ.યુનિવર્સિટીના ઝૂઓલોજી વિભાગના પ્રોફેસર ડો. ધવલ ભટ્ટે આ ઘટના પાછળના કારણો પર પ્રકાશ પાડતા જણાવ્યું છે કે, "શહેરના તળાવોમાં પ્રદૂષિત પાણી તો અગાઉ પણ ઠલવાતું હતું, પરંતુ અત્યારે અલ નીનોની અસરને કારણે ગરમીનું પ્રમાણ વધ્યું છે અને વરસાદ ખેંચાવાથી જળાશયોમાં પાણીનું સ્તર ઝડપથી ઘટી રહ્યું છે. પાણી ઘટવાને કારણે તેમાં ઓક્સિજનનું પ્રમાણ પણ નોંધપાત્ર રીતે ઘટી ગયું છે, જે માછલીઓના મોત માટેનું મુખ્ય કારણ હોવાની પૂરેપૂરી શક્યતા છે."

## સતિસાણામાં ૫ વર્ષની બાળકીનું અપહરણ, રાત્રે ખાટલામાં ઊંઘતી પુત્રી રહસ્યમય રીતે ગુમ

(એજન્સી) શિનોર । તા. 17

શિનોર તાલુકાના સતિસાણા ગામમાં પાંચ વર્ષની માસૂમ બાળકીના રહસ્યમય અપહરણની ઘટનાએ સમગ્ર પંથકમાં ચકચાર જગાવી છે. ઘર આંગણે ખાટલામાં ઊંઘતી બાળકી રાતોરાત ગુમ થઈ જતાં પરિવારમાં ભારે આક્રંદ છવાઈ ગયો છે. આ મામલે શિનોર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. સતિસાણા ગામમાં રહેતા દિનેશ રમેશભાઈ રાઠોડિયાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ પોતાની પત્ની અને બે સંતાનો - પાંચ વર્ષની પુત્રી દિવ્યા ઉર્ફે દિવું અને છ વર્ષના પુત્ર સાથે રહે છે. દોઢ મહિના અગાઉ પત્ની સાથે અણબનાવ થતા તે બાળકોને લઈને પોતાના પિયર જતી રહી હતી. જોકે, દસ દિવસ પહેલા દિનેશ બાળકોને પરત ઘરે લઈ આવ્યા હતા. બાદમાં ૧૪મી જૂને તેઓ ફરીથી પત્નીને લેવા માટે પિયર ગયા હતા અને પત્ની સાથે પરત ફરતી વખતે વડોદરા રોકાયા હતા. આ દરમિયાન ઘરે રહેલા નાના ભાઈએ ફોન કરીને જણાવ્યું કે, રાત્રે ૧૧ વાગ્યા સુધી બાળકી ખાટલામાં મોબાઈલમાં વીડિયો જોતી હતી, પરંતુ રાત્રે ૩ વાગ્યે તે ખાટલા પર મળી ન હતી.


બાળકીના ગુમ થયાની જાણ થતાં જ દિનેશ અને તેની પત્ની તાત્કાલિક ગામમાં પરત ફર્યા હતા. ઘર અને આસપાસના વિસ્તારોમાં શોધખોળ કરવા છતાં બાળકીનો કોઈ પત્તો મળ્યો નહોતો. રાત્રિના સમયે ખાટલામાં ઊંઘતી બાળકી અચાનક ગાયબ થઈ જવાની આ ઘટનાએ અનેક તર્ક-વિતર્કો ઊભા કર્યા છે. આ મામલે પોલીસે ફરિયાદ નોંધીને બાળકીને શોધવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

ઘટનાની ગંભીરતાને જોતા જિલ્લા પોલીસની એલસીબી, એસઓજી અને સ્થાનિક પોલીસની વિવિધ ટીમો દ્વારા બાળકીને શોધી કાઢવા માટે સઘન કવાયત હાથ ધરવામાં આવી છે. જોકે, બનાવને ઘણો સમય વીતી ગયો હોવા છતાં અત્યાર સુધી બાળકીનો કોઈ પત્તો લાગ્યો નથી. આ માસૂમ બાળકીનું અપહરણ કોણે અને શા માટે કર્યું હશે, તે એક મોટો પ્રશ્ન બની ગયો છે.

## વડોદરામાં નશાના વેપારનો પર્દાફાશ, પેડલર ઝડપાયો, નશાના વેપારનો પર્દાફાશ, પેડલર ઝડપાયો

(એજન્સી) વડોદરા । તા. 17

વડોદરાના આજવા રોડ વિસ્તારમાં સક્રિય થયેલા નશાના વેપારીઓ સામે સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (એસઓજી) એ લાલ આંખ કરી છે. શહેરના દત્તનગરમાંથી નશાયુક્ત આયુર્વેદિક સીરપ અને પ્રતિબંધિત



ટેબલેટ્સની હેરાફેરી કરતા એક ઈસમને એસઓજીની ટીમે બાતમીના આધારે રંગેહાથ ઝડપી પાડ્યો છે. આ કાર્યવાહીથી સ્થાનિક વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. આરોપી સતનામસિંગ મકનસિંગ સીકલીગર છેલ્લા કેટલાક સમયથી આજવા રોડ વિસ્તારમાં નશાનો ગેરકાયદેસર વેપાર ચલાવતો હતો. પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે એસઓજીની ટીમે તેના ઘરે દરોડો પાડ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન પોલીસે ઘેનયુક્ત કોડીનયુક્ત કફસીરપની ૧૨૮ બોટલ, જેની અંદાજિત કિંમત ૨૩,૦૦૦ રૂપિયા છે, તે કબજે કરી હતી. આ ઉપરાંત ટ્રામાડોલ ટેબલેટ્સની ૧૩ સ્ટ્રીપ અને અલ્પ્રાઝોલમ ટેબલેટ્સની ૨૦ સ્ટ્રીપ પણ મળી આવી હતી. પોલીસે સ્થળ પરથી રોકડ ૬૧,૦૦૦ રૂપિયા અને આરોપીનો મોબાઈલ ફોન પણ જપ્ત કર્યો છે. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે સતનામસિંગ અગાઉ દિલ્હીમાં ચોરીના એક કેસમાં પણ પોલીસ પકડમાં આવી ચૂક્યો છે. આટલી મોટી માત્રામાં નશાયુક્ત દવાઓનો જથ્થો તે ક્યાંથી લાવતો હતો અને શહેરના કયા યુવાનોને તે સપ્લાય કરતો હતો, તે દિશામાં પોલીસે તપાસ શરૂ કરી છે. આરોપીના મોબાઈલ કોલ ડિટેલ્સના આધારે આ નેટવર્ક સાથે જોડાયેલા અન્ય સાગરીતોની પણ ઓળખ મેળવવામાં આવી રહી છે.

## વ્યાજખોર મહિલાના ત્રાસથી નિવૃત સફાઈ કામદારનું પગલું, 10 ટકાના વ્યાજને 20 ટકા કરી પઠાણી ઉઘરાણી કરાતી હતી

(એજન્સી) રાજકોટ । તા. 17

રાજકોટના પેડક રોડ પર આવેલા બી-ડિવીઝન પોલીસ મથક સામેના આવાસ યોજનાના કવાર્ટરમાં રહેતા અને મનપાના નિવૃત સફાઈ કામદાર મોહનભાઈ વાઘેલા (૬૭) એ વ્યાજખોર મહિલાના ત્રાસથી કંટાળીને ઝેર પી લેતા ચકચાર મચી ગઈ છે. પીડિત મોહનભાઈએ ઘઉંમાં નાખવાનો ઝેરી પાવડર પીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો, જે બાદ બી-ડિવીઝન પોલીસે દીનાબેન ખીમસુરીયા નામની મહિલા વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ચાર વર્ષ પહેલાં સગાઈના પ્રસંગ માટે મોહનભાઈની પત્નીએ પાડોશમાં રહેતા દીનાબેન પાસેથી ૧.૨૦ લાખ રૂપિયા ૧૦ ટકાના વ્યાજે લીધા હતા. આ માટે બે કોરા ચેક પણ આપવામાં આવ્યા હતા. શરૂઆતમાં ૧૦ ટકા લેખે ૧૨,૫૦૦ રૂપિયા વ્યાજ ચૂકવવામાં આવતું હતું, પરંતુ છ મહિના બાદ દીનાબેને અચાનક વ્યાજનો દર વધારીને ૨૦ ટકા કરી દીધો હતો અને ૨૨,૦૦૦ રૂપિયાની માંગણી શરૂ કરી હતી.

દોઢ વર્ષ સુધી વ્યાજ ચૂકવ્યા બાદ મોહનભાઈની પત્ની બીમાર પડતા આર્થિક સ્થિતિ બગડી હતી અને વ્યાજ ચૂકવવાનું બંધ થયું હતું. ત્યારબાદ મહિલાએ પત્નીના નામે ૧ લાખની લોન કરાવીને રકમ પોતાની પાસે રાખી લીધી હતી. આ ઉપરાંત મોહનભાઈએ તેમના પેન્શનમાંથી ૭૫,૦૦૦ રૂપિયા ચૂકવ્યા હોવા છતાં વ્યાજખોરનો ત્રાસ ઘટ્યો નહોતો. દસ દિવસ પહેલા વકીલ મારફત નોટિસ મોકલ્યા બાદ પણ જો વ્યાજ નહીં મળે તો પુત્રને કેસમાં ફસાવી દેવાની ધમકી આપવામાં આવતા કંટાળીને વૃદ્ધે અંતિમ પગલું ભર્યું હતું.

વ્યાજખોરો સામે રાજ્ય સરકારના કડક અભિયાન છતાં પણ આવી ઘટનાઓ બનવી તે ગંભીર બાબત છે. પોલીસ હવે આ મહિલા દ્વારા અન્ય કેટલા લોકોને આ રીતે વ્યાજની જાળમાં ફસાવવામાં આવ્યા છે તેની તપાસ કરી રહી છે. મોહનભાઈ હાલ સારવાર હેઠળ છે અને તેમની સ્થિતિ પર તબીબો નજર રાખી રહ્યા છે. આ ઘટનાએ ફરી એકવાર સમાજમાં વ્યાજખોરોના વધતા જતાં દૂષણ સામે લાલબત્તી ધરી દીધી છે.

## પાંડેસરામાં 15 દિવસથી દૂષિત પાણીની સમસ્યા, તંત્ર સામે સ્થાનિકોમાં રોષ



સુરત | સુરત શહેરના પાંડેસરા વિસ્તારમાં છેલ્લા ૧૫ દિવસથી પીવાના પાણીની ગંભીર સમસ્યાએ જોર પકડ્યું છે. સંદીપનગર, શિવમનગર, સીતાનગર, માયાવંશી મહોલ્લો અને પાંડેસરા ગામ તળ સહિતની અનેક સોસાયટીઓના રહીશો દૂષિત પાણીની સમસ્યાથી પીડાઈ રહ્યા છે. નળમાંથી આવતું પાણી માત્ર ગંદુ જ નહીં, પરંતુ તેમાં પ્લાસ્ટિકના ટુકડા અને કોથળીઓ નીકળતા સ્થાનિકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, પાણી પુરવઠો અપૂરતો હોવાની સાથે સાથે પાણી એટલું અશુદ્ધ આવે છે કે તેનો ઉપયોગ કરવો પણ મુશ્કેલ છે. આ સમસ્યાને ઉકેલવા માટે સુરત મહાનગરપાલિકાના અધિકારીઓએ સમગ્ર વિસ્તારમાં ઠેર-ઠેર ખાડા ખોદી નાખ્યા છે. જોકે, આટલા મોટા પાયે ખોદકામ કરવા છતાં તંત્ર હજુ સુધી મુખ્ય 'ફોલ્ટ' શોધવામાં નિષ્ફળ રહ્યું છે. પરિણામે, આખો વિસ્તાર ખોદકામને કારણે અવ્યવસ્થિત અને કાદવવાળો બની ગયો છે. નિયમિત અને શુદ્ધ પાણી ન મળવાને કારણે પાંડેસરાના રહીશો હાલમાં પાલિકાના ટેન્કરો પર નિર્ભર રહેવા મજબૂર બન્યા છે.

## ગેરકાયદે ખનનનો પર્દાફાશ

# મહી નદીમાં ગેરકાયદે ખનન પર તવાઈ, ફ્લાઈંગ સ્કવોડ દરોડા



(એજન્સી) સાવલી । તા. 17

વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાંથી પસાર થતી મહી નદીના પટમાં છેલ્લા ઘણા સમયથી ચાલી રહેલા રેતીના ગેરકાયદે ખનન પર આજે ગાંધીનગરની ફ્લાઈંગ સ્કવોડે આકસ્મિક દરોડો પાડતા ખળભળાટ મચી ગયો છે. સ્થાનિક તંત્રને અંધારામાં રાખીને કરવામાં આવેલી આ મોટી કાર્યવાહીમાં આશરે સવા કરોડ રૂપિયાની કિંમતનો મુદ્દામાલ ઝડપી લેવામાં આવ્યો છે. આ ઘટનાએ સ્થાનિક ખાણ-ખનીજ વિભાગની કામગીરી સામે ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે.

સાવલી તાલુકાના પોઈચા કનોડા ગામ પાસે મહી નદીના પટમાં બેફામ રેતીનું ખનન થઈ રહ્યું હોવાની ફરિયાદો લાંબા સમયથી ઉઠી રહી હતી. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, સરકારની તિજોરીને કરોડો રૂપિયાનું નુકસાન પહોંચાડતા આ ખનન માફિયાઓને સ્થાનિક અધિકારીઓની મૌન મંજૂરી હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. સ્થાનિક ખાણ-ખનીજ વિભાગ જાણે કુંભકર્ણની નિદ્રામાં પોઢી રહ્યું હોય તેમ આ ગેરકાયદે પ્રવૃત્તિઓ બેરોકટોક ચાલતી હતી. આખરે રાજ્ય કક્ષાની ગાંધીનગર સ્થિત ફ્લાઈંગ સ્કવોડને આ અંગેની ગુપ્ત માહિતી મળતા તેઓએ વહેલી સવારે દરોડો પાડીને ખનન માફિયાઓની કમર તોડી નાખી છે.

### દરોડામાં લાખોનો મુદ્દામાલ જપ્ત

ફ્લાઈંગ સ્કવોડ દ્વારા કરવામાં આવેલી આ કાર્યવાહીમાં મહી નદીના પટમાંથી મોટા પાયે મશીનરી ઝડપાઈ છે. જેમાં એક હિટાચી મશીન, એક ડમ્પર અને એક બ્રેકર મશીનનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, નદીના નજીકના વિસ્તારમાંથી બ્લેક ટ્રેપ પથ્થર અને રેતીનો મોટો જથ્થો પણ મળી આવ્યો છે. સ્કવોડ દ્વારા આ તમામ મુદ્દામાલ કબજે કરી એક ખાનગી જગ્યાએ સુરક્ષિત રાખવામાં આવ્યો છે. જપ્ત કરાયેલા સાધનોની કિંમત આશરે સવા કરોડ રૂપિયા જેટલી થવા જાય છે. હાલમાં આ મુદ્દામાલના જથ્થાની ગણતરી અને તે અંગે કાયદેસરની કાર્યવાહી કરવાની પ્રક્રિયા ચાલી રહી છે.

### મહી વીયરના કામની આડમાં ખેલ

પ્રાથમિક તપાસમાં ચોંકાવનારી માહિતી સામે આવી છે કે, આ ગેરકાયદે ખનન મહી નદી પર ચાલી રહેલા મહી વીયર ડેમના બાંધકામની આડમાં કરવામાં આવતું હતું. વિકાસ કામોના નામે પરવાનગી મેળવી અથવા પરવાનગી વિના પણ નદીના પટમાંથી બેફામ રેતી અને પથ્થર કાઢવામાં આવતા હતા. અધિકારીઓએ હાલમાં આ બાબતે સત્તાવાર રીતે કશું પણ બોલવાનો ઈનકાર કર્યો છે, પરંતુ સૂત્રોનું માનવું છે કે આ દરોડા બાદ અનેક અધિકારીઓ અને માફિયાઓની મિલીભગત બહાર આવી શકે છે.

### તપાસનો વ્યાપ વધશે

ગાંધીનગરની ટીમની આ ત્વરિત કાર્યવાહી બાદ સ્થાનિક વહીવટીતંત્રમાં ફફડાટ વ્યાપી ગયો છે. સામાન્ય રીતે સ્થાનિક સ્તરે થતી તપાસમાં વિલંબ કે મીઠાશ જોવા મળતી હોય છે, પરંતુ આ વખતે ફ્લાઈંગ સ્કવોડે સીધી દખલગીરી કરીને ખનન માફિયાઓના આખા નેટવર્કને હચમચાવી દીધું છે.

## સરોવર ઊંડું કરવાની કામગીરી, વડોદરા મ્યુનિસિપલ કમિશનર

# આજવા સરોવરને ઊંડું કરવાની કામગીરીનો પ્રારંભ

(એજન્સી) વડોદરા । તા. 17

વડોદરા શહેરને પીવાનું શુદ્ધ પાણી પૂરું પાડતા મુખ્ય સ્ત્રોત એવા આજવા સરોવરને વધુ ઊંડું કરવાની મહત્વકાંક્ષી કામગીરીનો આખરે આજે વહીવટીતંત્ર દ્વારા પ્રારંભ કરી દેવામાં આવ્યો છે. એક તરફ શહેરમાં રાજકીય ગતિવિધિઓ અને ધાર્મિક કાર્યક્રમો ચાલી રહ્યા છે, ત્યારે બીજી તરફ મ્યુનિસિપલ કમિશનરે જાતે જ ઘટનાસ્થળે પહોંચીને આ મહત્વના પ્રોજેક્ટને ગતિ આપી હતી. જોકે, ચોમાસું નજીક હોવા છતાં આ કામગીરી શરૂ કરવામાં આવતા કોર્પોરેશનના આંતરિક વર્તુળોમાં અનેક તર્ક-વિતર્ક સર્જાયા છે.

### મેયર કથામાં અને કમિશનર કામમાં

શહેરમાં આજે એક તરફ મેયર સત્યનારાયણ ભગવાનની કથાના ધાર્મિક આયોજનમાં વ્યસ્ત જોવા મળ્યા હતા, તો બીજી તરફ વડોદરા મ્યુનિસિપલ કમિશનર સરોવરના કામના સ્થળે પહોંચી ગયા હતા. વહીવટી વડા દ્વારા કરવામાં આવેલી આ તાત્કાલિક મુલાકાત અને કામગીરીના પ્રારંભે મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ચર્ચા જગાવી છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, આ પ્રોજેક્ટ પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય વિશ્વામિત્રી નદીમાં આવતા પૂરની સ્થિતિને અંકુશમાં લેવાનો અને શહેરીજનોને ભવિષ્યમાં પાણીની તંગી ન વર્તાય તે સુનિશ્ચિત કરવાનો છે.

વર્ષ ૨૦૨૪માં વિશ્વામિત્રી નદીમાં આવેલા ભયાનક પૂરને કારણે વડોદરા શહેરના અનેક વિસ્તારો જળમગ્ન થયા હતા. આ કડવા અનુભવમાંથી બોધપાઠ લઈને ગત વર્ષે ૨૦૨૫માં પ્રશાસને સરોવરોને ઊંડા કરવાનું મોટું અભિયાન છેડ્યું હતું. તે દરમિયાન આજવા સરોવરમાંથી ૪ લાખ મેટ્રિક ટન અને પ્રતાપપુરા સરોવરમાંથી ૧૧ લાખ મેટ્રિક ટન માટી દૂર કરવામાં આવી હતી. આ વર્ષે પણ તે જ ગતિએ કામગીરી ચાલુ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.



મ્યુનિસિપલ કમિશનરના મતે, આ કામગીરી સતત ત્રણ મહિના સુધી ચલાવવામાં આવશે. રાજ્ય સરકાર અને નિષ્ણાત સમિતિના માર્ગદર્શન હેઠળ આખું વર્ષ પ્લાનિંગ મુજબ કામગીરી કરી શકાય તેવું આયોજન કરવામાં આવ્યું છે.

સામા ચોમાસાએ આ પ્રકારની કામગીરી શરૂ કરવા બદલ જ્યારે પ્રશાસન પર સવાલો ઉઠ્યા, ત્યારે કોર્પોરેશનના જવાબદાર સૂત્રોએ આનો બચાવ કર્યો હતો. તેમણે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, આ કામગીરીનો પ્રારંભ તો ઉનાળામાં જ કરવાનું નક્કી હતું, પરંતુ ચૂંટણીની આચાર સંહિતા લાગુ હોવાને કારણે તેમાં વિલંબ થયો હતો. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, "અમે કામ શરૂ કરી દીધું છે. જો વરસાદના આગમનને કારણે સ્થળ પર વધુ પડતી ભીનાશ કે કાદવ થશે, તો કામગીરી કામચલાઉ ધોરણે રોકી દેવામાં આવશે. અમારો ધ્યેય આખું વર્ષ આ કામગીરી ચાલુ રાખીને સરોવરની ક્ષમતામાં વધારો કરવાનો છે."

આજવા સરોવર ઉપરાંત પ્રતાપપુરા અને દેણા સરોવરને પણ ઊંડા કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. ખાસ કરીને પ્રતાપપુરા સરોવર અંગે મ્યુનિસિપલ કમિશનરે મહત્વની જાહેરાત કરતા જણાવ્યું હતું કે, ભવિષ્યમાં પ્રતાપપુરા સરોવરમાં ૧૨ ફૂટ લેવલ સુધી પાણીનો કાયમી સંગ્રહ થઈ શકે તે માટે એક રિઝર્વ ડેમ બનાવવામાં આવશે.

**ભૂકંપ જેવો ધડાકો થતા લોકોમાં ફફડાટ, મકાનોને નુકસાન**

## સુરક્ષા વગર બિલ્ડિંગ તોડાતા સોસાયટીના રહીશોમાં રોષ

(એજન્સી) વડોદરા । તા. 17

શહેરના રાજમહેલ રોડ પર આવેલી જર્જરિત ડાયમંડ જ્યુબિલી ઈન્સ્ટિટયૂટની ઈમારતને તોડવાની કામગીરી દરમિયાન કોન્ટ્રાક્ટરની ગંભીર બેદરકારી સામે આવતા આસપાસની સોસાયટીના રહીશોમાં ભારે રોષ ફેલાયો છે. સુરક્ષાના કોઈપણ સાધનો કે સુરક્ષા કવચ વગર આ બિલ્ડિંગ તોડવામાં આવતા કાટમાળ આસપાસના મકાનોમાં જઈ પડ્યો હતો, જેના કારણે સ્થાનિકોનો જીવ અધ્ધર થઈ ગયો હતો.

બિલ્ડિંગ તોડવાની કામગીરી વખતે થયેલા અચાનક ધડાકાને કારણે આજુબાજુના રહીશો ભૂકંપ આવ્યો હોવાની આશંકા સાથે ઘરમાંથી બહાર દોડી આવ્યા હતા. ઈમારત પત્તાના મહેલની જેમ ધડાકાભેર તૂટી પડતા તેનો કાટમાળ આજુબાજુની સોસાયટીના કમ્પાઉન્ડમાં ફેલાઈ ગયો હતો. કાટમાળ પડવાથી કેટલાંક મકાનોને નુકસાન પહોંચ્યું છે, તો ગટરલાઈન પણ તૂટી ગઈ હોવાનું જાણવા મળ્યું છે.



એક સ્થાનિક મહિલાએ આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, "અમને કોઈપણ પ્રકારની આગોતરી નોટિસ કે જાણ કરવામાં આવી નહોતી. સવારે અચાનક વાઈબ્રેશન અને મોટો અવાજ થતા અમને ભૂકંપ લાગ્યો હતો. જ્યારે બહાર નીકળ્યા ત્યારે જોયું કે આખું ઘર અને કમ્પાઉન્ડ ધૂળથી ભરાઈ ગયું હતું." અન્ય એક રહીશે જણાવ્યું હતું કે, બિલ્ડિંગ તોડનાર કોન્ટ્રાક્ટરે સુરક્ષાના માપદંડોને નેવે મૂકીને કામગીરી કરી છે. આ ગંભીર બેદરકારી સામે નારાજ રહીશોએ પોલીસને જાણ કરવી પડી હતી.

**18 જૂને ઓન-ધ-સ્પોટ એડમિશન પ્રક્રિયા હાથ ધરાશે**

## એમ.એસ.યુનિવર્સિટી: વધુ 800 છાત્રોને એફવાયમાં મળશે પ્રવેશ

(એજન્સી) વડોદરા । તા. 17

એમ.એસ.યુનિવર્સિટીની સૌથી મોટી ગણાતી કોમર્સ ફેકલ્ટીમાં એફવાયબીકોમમાં પ્રવેશ લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે રાહતના સમાચાર આવ્યા છે. ભૂલથી ખોટા કોર્સમાં રજિસ્ટ્રેશન કરાવી ચૂકેલા અને પ્રવેશ પરીક્ષા આપી ચૂકેલા વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને ફેકલ્ટી દ્વારા વધુ ૮૦૦ જેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની તૈયારી દર્શાવવામાં આવી છે. આ માટે તા. ૧૮ જૂને ખાસ 'ઓન-ધ-સ્પોટ' એડમિશન કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ઘણા વિદ્યાર્થીઓએ અગાઉ જીકાસ પોર્ટલ પર બીકોમની જગ્યાએ 'બીકોમ ઈન બિઝનેસ ઓપરેશન' કોર્સ માટે ભૂલથી ફોર્મ ભરી દીધા હતા, પરંતુ બાદમાં તેમણે યુનિવર્સિટીના પોર્ટલ પર બીકોમની એન્ટ્રન્સ એક્ઝામ માટે રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. આવા વિદ્યાર્થીઓની સંખ્યા અંદાજે ૮૦૦ જેટલી છે. ફેકલ્ટી ડીન પ્રો. પ્રજ્ઞોશ શાહના જણાવ્યા અનુસાર, જે વિદ્યાર્થીઓ વડોદરા શહેર અને જિલ્લાના રહેવાસી છે,



જેમના ધોરણ ૧૨માં ૪૫ ટકા કે તેથી વધુ ગુણ છે, અને જેમણે પ્રવેશ પરીક્ષા આપી છે તથા પ્રથમ રાઉન્ડ પહેલા રજિસ્ટ્રેશન કરાવ્યું છે, તેવા વિદ્યાર્થીઓને પાદરા કોલેજમાં એફવાયબીકોમમાં પ્રવેશ આપવામાં આવશે. આ પ્રવેશ કાર્યવાહી આવતીકાલે, એટલે કે ૧૮ જૂનના રોજ સવારે ૯ વાગ્યાથી એમ.એસ.યુનિવર્સિટીના મેઈન બિલ્ડિંગ ખાતે કરવામાં આવશે. જો આ તમામ ૮૦૦ વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવે છે, તો એફવાયબીકોમમાં કુલ વિદ્યાર્થીઓની સંખ્યા ૭,૫૦૦ સુધી પહોંચી જશે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે, જે તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. તમને મારી સલાહ છે કે દારૂ સિગારેટ જેવી વસ્તુ પર પૈસા ખર્ચ ન કરો, આમ કરવા થી તમારું સ્વાસ્થ્ય તો બગડે જ છે, તે તમારી આર્થિક સ્થિતિ ને પણ ખરાબ કરે છે.

**વૃષભ : બ. વ. ઉ.**

આનંદ-પ્રમોદ અને મનોરંજન તમને હળવા થવામાં મદદ કરશે. આજે તમારે જમીન, રિયલ એસ્ટેટ અથવા સાંસ્કૃતિક પ્રૉજેક્ટ્સને લગતી બાબતો પર ધ્યાન આપવું જોઈએ. તમારા પરિવારના સભ્યની લાગણી દુભાવવાનો ભય હોવાથી તમારા ગુસ્સા પર અંકુશ રાખો.

**મિથુન : ક. છ. ઘ.**

તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે. મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂં-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે.

**કર્ક : ડ. હ.**

નાની-નાની બાબતોને તમારા મગજ પર અસર કરવા ન દેતા. તમે જો અન્યોના શબ્દો પર ધ્યાન આપીને રોકાણ કરશો તો આજે આર્થિક નુકસાનની શક્યતા જોવાય છે. તમારી જાતને લાડ લડાવવાનો દિવસ અને તમને જે સૌથી વધુ ગમે છે.

**સિંહ : મ. ટ.**

આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે.

**કન્યા : પ. ઠ. ણ.**

દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ. આજે વધુ એક ઉચ્ચ-ઊર્જાયુક્ત દિવસ છે તથા અણધાર્યા લાભની શક્યતા છે. તમે તમારી સમસ્યાઓ ભૂલી જશો તથા પરિવારના સભ્યો સાથે સારો સમય વિતાવશો.

**તુલા : ર. ત.**

તમારી જાતને કોઈક રમત રમવામાં સાંકળો કેમ કે તે સનાતન યૌવનનું રહસ્ય છે. આજ માટે તમારો સફળતા મંત્ર હોવો જોઈએ- તમારા નાણા એવા લોકોની સલાહ મુજબ રોકવા જોઈએ જેઓ કશુંક નવું કરવામાં માને છે તથા સારા અનુભવોને યાદ રાખો.

**વૃશ્ચિક : ન. ય.**

આજે તમે જે કેટલાક ભોતિક ફેરફારો કરશો તે ચોક્કસ જ તમારા દેખાવનો ઓર નીખારશે. આજ ના દિવસે ધન હાનિ થવા ની સંભાવના છે તેથી લેણદેણ ની સમયે જેટલી સાવચેતી રાખશો તેટલું તમારા માટે સારું રહેશે મિત્રો તથા પરિવારના સભ્યો તમારો મોટાભાગનો સમય લેશે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

આજ ના દિવસે તમે ઘરે થી ઘણી સકારાત્મકતા સાથે નીકળશો પરંતુ કોઈ મોંઘી વસ્તુ ના ચોરી થવા થી તમારું મૂડ ખરાબ થયી શકે છે. સંબંધીઓને મળવા જવા નાનકડી મુસાફરી તમારા રોજિંદા ભાગદોડભર્યા સમયપત્રકમાંથી તમને રાહત તથા હળવાશ આપશે.

**મકર : ખ. જ.**

તમારી જાતને આજે તમે સામાન્યપણે તમે હો છો એના કરતાં ઓછા ઊર્જાવાન મહેસૂસ કરશો-વધારાના કામ દ્વારા તમારી જાત પર વધુ બોજો ન નાખતા-થોડોક આરામ કરો તથા તમારી એપોઈન્ટમેન્ટ બીજા કોઈ દિવસ માટે રાખો.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે.

**મીન : દ. ચ. ઝ. થ.**

કેટલાક લોકો માનશે કે કશુંક નવું શીખવા માટે તમે ઉંમરમાં વધુ છો-પણ એ બાબત સત્યથી સદંતર વેગળી છે-તમારા તીવ્ર અને સક્રિય મગજને કારણે તમે નવી બાબત ઝડપથી શીખી લેશો. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો.

## કોઠંબામાં ચેક રિટર્નના કેસમાં કોર્ટ વેપારીને બે વર્ષની સજા ફટકારી

જગદીશ ત્રિવેદી મહીસાગર

કોઠંબા ના જોશી મૃગેન કુમાર યોગેશભાઈએ યોગેશભાઈએ પોતાના ફળિયામાં સ્થાનિક રહેતા પટેલ શકુંતલાબેન કાંતિલાલ પાસેથી કાપડના ધંધા માટે બે લાખ રૂપિયા ઉછીના લીધા હતા. જેમાં ધંધાના નફામાંથી દર માસે રૂ.5000 આપવાના નક્કી કર્યા હતા અને બે વર્ષ પૂરા થયા બાદ રકમની પૂરા મુદામાલની ચુકવણી કરવાનું જણાવ્યું હતું. તે રકમની ચુકવણી પેટે મૃગેન જોશી એ પોતાના ખાતા પંચમહાલ ડિસ્ટ્રીક બેંકનો રૂ.1.30 લાખનો ચેક લખી આપેલ હતો. તે ચેક શકુંતલાબેને પોતાના બેંક મારફતે ક્લિયરિંગમાં મોકલતા સ્ટોપ પેમેન્ટના કારણસર ચેક પરત થયેલ હતો. તેથી કાયદેસરની નોટિસ આપવા છતાં મૃગેન જોશીએ ચેકની રકમ ચૂકવેલી નહીં. આમ શકુંતલાબેને લુણાવાડાની ચીફ ચીડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટમાં ચેક રિટર્ન ગુનાની ફરિયાદ એડવોકેટ બીપીનભાઈ આર.પટેલ દ્વારા દાખલ કરી હતી .આ કેસ લુણાવાડા કોર્ટમાં ચાલી જતા બંને પક્ષકારો તરફે રજૂ થયેલા પુરાવાને આધારે ફરિયાદીના એડવોકેટ બીપીનભાઈ આર પટેલની દલીલોને ધ્યાનમાં લઈને લુણાવાડાના ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ જજ એચ.એ. પંડ્યા એ મૃગેન કુમાર જોશીને ગુનામાં ગુનેગાર ઠરાવીને બે વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી અને રૂ.1.30 લાખ ના ચૂકવે તો વધુ છ માસની સજા ફટકારવાનો હુકમ કરેલ છે. હા ચુકાદો નાના વેપારીઓ માટે રાહતરૂપ છે. આ ચુકાદા થી કોઠંબા પંથકના વેપારી આલમ માં ચેકની લેવડદેવડ કરનારાઓમાં જાગૃતિ આવી છે.ખોટા ચેક આપી છેતરપિંડી કરનારાઓ સામે કાયદો કડક છે તેઓ સંદેશ ગયો છે.

### 41 કરોડના ખર્ચે ઓવરબ્રિજનું નિર્માણ પ્રગતિમાં

## લક્ષ્મીપુરા ઓવરબ્રિજ માટે નડતરૂપ મકાનોના ભાગ હટાવવાનું કામ શરૂ

(એજન્સી) પાલનપુર | તા.17



પાલનપુર શહેરના લક્ષ્મીપુરા રેલવે ફાટક પર બની રહેલા ઓવરબ્રિજના નિર્માણમાં વર્ષોથી અડચણરૂપ બનેલા રહેણાંક મકાનોના બહારના ભાગ હટાવવાની કામગીરી હાથ ધરાતા પ્રોજેક્ટને ગતિ મળવાની આશા જાગી છે. અઢી વર્ષથી ફાટક બંધ હોવાથી હજારો લોકોને રોજિંદી અવરજવરમાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. રૂ.41 કરોડના ખર્ચે બની રહેલા ઓવરબ્રિજનું કામ હાલ ફાઉન્ડેશન સ્તરે ચાલી રહ્યું છે અને આગામી 2 વર્ષમાં સમગ્ર પ્રોજેક્ટ પૂર્ણ કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે. લક્ષ્મીપુરા રેલવે ફાટક પર ટ્રાફિકની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માટે 1100 મીટર લાંબા ઓવરબ્રિજનું નિર્માણ કરાઈ રહ્યું છે. પ્રોજેક્ટ અંતર્ગત હાલ ફાઈલ ફાઉન્ડેશનની કામગીરી ચાલી રહી છે. કાળા હનુમાન મંદિર તરફથી કામગીરી શરૂ કરી છે અને અત્યાર સુધીમાં 8 જેટલા પાઈલ ગ્રુપ તૈયાર થઈ ચૂક્યા છે. સમગ્ર પ્રોજેક્ટમાં કુલ 24 પિલર બનવાના છે, જેમાં એક તરફ 16 અને બીજી તરફ 8 પિલરનો સમાવેશ થાય છે.

ચેતન કન્સ્ટ્રક્શન નામની એજન્સી દ્વારા હાથ ધરાયેલા આ પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ રૂ.41 કરોડ છે. સત્તાવાર રીતે પ્રોજેક્ટ પૂર્ણ કરવા માટે 24 મહિનાનો સમયગાળો નક્કી કર્યો છે, જોકે કામગીરી ઝડપી ગતિએ આગળ વધે તો દોઢ વર્ષના ગાળામાં બ્રિજ વાહનવ્યવહાર માટે ખુલ્લો મુકાઈ શકે તેવી આશા વ્યક્ત કરાઈ છે.

નેશનલ હાઈવે સ્ટેટની ઈડર શાખાના ઈજનેરે જણાવ્યું કે પ્રોજેક્ટ માટેનું મુખ્ય જમીન સંપાદન 1 વર્ષ પહેલાં પૂર્ણ થયું છે. હાલમાં બ્રિજના માર્ગમાં આવતા નડતરૂપ સ્ટ્રક્ચર અને વૃક્ષોના વળતરની પ્રક્રિયા અંતિમ તબક્કામાં છે. પ્રાંત કચેરીમાં એવોર્ડ તૈયાર કરવાની કામગીરી ચાલે છે, જે ચાલુ મહિનાના અંત સુધીમાં પૂર્ણ થવાની સંભાવના છે. રેલવે વિભાગ દ્વારા રેલવે ટ્રેક ઉપર સિંગલ સ્પાન ડિઝાઈન અપનાવવાની રજૂઆત કરતા નવી ડિઝાઈન તૈયાર કરવાની પ્રક્રિયા ચાલુ છે. બ્રિજની બંને બાજુ સર્વિસ રોડની સુવિધા પણ ઉભી કરાશે. બ્રિજમાં નડતરરૂપ કેટલાક દબાણો મકાન માલિકોએ જાતે જ દૂર કર્યા છે.

## લાખણીના વાસણાની શાળામાં દૂધ સંજીવની યોજનાનું ફ્લેવરવાળા દૂધમાં ગઠ્ઠા પડી ગયા

(એજન્સી) લાખણી | તા.17



લાખણીના વાસણા ગામની સરકારી પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ માટે પહોંચાડવામાં આવેલા દૂધ સંજીવની યોજનાના ફ્લેવર મિલ્કના પેકેટ ખોલતા તેમાં ઘટ્ટ ગઠ્ઠા જોવા મળ્યા હતા.

આ ઘટનાના વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં વાલીઓ અને ગ્રામજનોમાં ચિંતા વ્યાપી હતી.સરકાર દર વર્ષે કરોડો રૂપિયા ખર્ચી ટ્રાઈબલ વિભાગની ગ્રાન્ટ હેઠળ બાળકોની સંખ્યા સતત જળવાયએ માટે ફ્લેવર વાળું દૂધ અપાઈ રહ્યું છે. દૂધ પરિવહન કરનાર એજન્સીએ જણાવ્યું કે ગરમીના લીધે ક્યારેક દૂધ બગડતું હોય છે. સરકાર દ્વારા આદિજાતિ અને વિકાસશીલ તાલુકાઓની શાળાઓમાં વિવિધ પોષણલક્ષી યોજનાઓ અંતર્ગત શાળાના વિદ્યાર્થીઓને નિયમિત દૂધ અપાય છે. વાસણા ગામની શાળામાં પણ વિદ્યાર્થીઓ માટે ફ્લેવર મિલ્કના પેકેટો પહોંચાડ્યા હતા. જોકે વિતરણ પહેલાં કેટલાક પેકેટોની તપાસ દરમિયાન દૂધ સામાન્ય પ્રવાહી સ્વરૂપમાં જોવા મળવાને બદલે તેમાં ઘટ્ટ ગઠ્ઠા જોવા મળ્યા હતા. જેના કારણે સ્થાનિકો અને વાલીઓએ દૂધની ગુણવત્તા અંગે શંકા વ્યક્ત કરી હતી. શાળા સ્ટાફ દ્વારા આ દૂધને ફેંકી બાળકોને અપાયું નહોતું.

સ્થાનિક ભેમાભાઈ ચૌધરીએ આક્ષેપ કર્યો હતો કે બાળકોના આરોગ્ય સાથે સંકળાયેલા આવા મુદ્દાઓમાં વિશેષ સાવચેતીની જરૂર છે. આ બાળકો માટેના દૂધમાં ગંભીર લાપરવાહી છે આમાં દોષિત જે પણ હોય તેમની સામે કાર્યવાહી થવી જોઈએ.

ડેરી પ્લાન્ટમાં ફ્લેવર મિલ્કનું ઉત્પાદન અને પેકિંગ થાય છે. જે બાદ તૈયાર પેકેટોને નિયત સંગ્રહ વ્યવસ્થા હેઠળ રાખવામાં આવે છે. અને સપ્લાય એજન્સી દ્વારા દૂધ વિવિધ શાળાઓ સુધી પહોંચાડવામાં આવે છે. શાળામાં પહોંચેલા પેકેટોની નોંધ કરીને વિદ્યાર્થીઓ માટે રાખવામાં આવે છે. નિર્ધારિત દિવસે બાળકોને દૂધનું વિતરણ કરાય છે.

### પાલિકાએ સમારકામ કરવાને બદલે ઈંટના રોડાથી ખાડો પુર્યો

## પાલનપુરના ઢુંઢિયાવાડીમાં બેંકને સાંકળતા માર્ગના બ્લોક બેસી ગયા

(એજન્સી) પાલનપુર | તા.17



પાલનપુર કોઝીથી જીઆઈડીસી ઢુંઢીયાવાડીને સાંકળતા માર્ગ ઉપર બંધન બેંક તરફ જતાં માર્ગે ગટર આસપાસના બ્લોક બેસી જતાં ખાડો પડી ગયો છે. જ્યાં નગરપાલિકાએ સમારકામ કરવાને બદલે ઇંટના રોડા દબાવી દેતાં સ્થાનિક વેપારીઓમાં રોષ છે.

પાલનપુર કોઝી વિસ્તારમાં મહારાણા પ્રતાપની પ્રતિમાથી જીઆઈડીસી ઢુંઢીયાવાડી રોડ ઉપર પાણીપુરની લારીથી અંદર બંધન બેંક સહિત સ્ટેશનરી, હિરાના કારખાના તેમજ અન્ય ચીજવસ્તુઓની દુકાનો આવેલી છે. જ્યાં માર્ગ વચ્ચે બનાવેલી ગટરની આજુબાજુના બ્લોક બેસી જતાં ખાડો પડી ગયો છે.

સ્થાનિક વેપારીઓએ આક્રોશ પૂર્વક જણાવ્યું હતું કે, નગરપાલિકાએ ખાડો પુરી વ્યવસ્થિત બ્લોક ફીટ કરવાને બદલે ઇંટોના રોડા દબાવી ખાડો પુરી દેવાયો છે. વાહન ચાલકો અને રાહદારીઓ મુશ્કેલીમાં મુકાઇ રહ્યા છે. ખાડો પુરી પુનઃ વ્યવસ્થિત રીતે બ્લોક નાંખવામાં આવે તેવી માંગણી છે.

### પગ પર વ્હીલ ફરતા ગંભીર ઈજા થતા અમદાવાદ ખસેડાયો

## ખેડામાં ધોરણ 7ના વિદ્યાર્થીને ટ્રેલરે લીધું અડફેટે

(એજન્સી) ખેડા | તા.17



ખેડાના મહેમદાવાદ રોડ પર આવેલી એચ એન્ડ ડી પારેખ હાઈસ્કૂલ પાસે મંગળવારે, 16 જૂનના રોજ, શાળા છૂટવાના સમયે એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. સાયકલ પર ઘરે જઈ રહેલા ધોરણ 7ના વિદ્યાર્થીના પગ પર ટ્રેલરનું પાછળનું વ્હીલ ફરી વળતા તે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો.

મળતી માહિતી મુજબ, એચ એન્ડ ડી પારેખ હાઈસ્કૂલમાં ધોરણ 7માં અભ્યાસ કરતો વિદ્યાર્થી મલેક અલીમહંમદ સફી મહંમદ શાળા છૂટ્યા બાદ પોતાની સાયકલ પર ઘરે જઈ રહ્યો હતો. આ દરમિયાન ખેડા ચોકડીથી મહેમદાવાદ તરફ જઈ રહેલા એક ટ્રેલરના પાછલા વ્હીલમાં તેનો પગ આવી ગયો હતો. આ ઘટનામાં વિદ્યાર્થી લોહીલુહાણ હાલતમાં ગંભીર રીતે ઘાયલ થયો હતો. સ્થાનિક લોકોએ તેને તાત્કાલિક ખેડા સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો. ઘટનાની જાણ થતાં જ શાળાના આચાર્ય અને શિક્ષકો પણ હોસ્પિટલ પહોંચ્યા હતા. ઈજાની ગંભીરતાને જોતા વિદ્યાર્થીને વધુ સારવાર માટે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યો છે.

આ દુર્ઘટના બાદ શાળાના પ્રિન્સિપાલ રાજુભાઈ ગૌસ્વામી અને કાઉન્સિલર દિનેશ રાઠોડે તાત્કાલિક ખેડા પ્રાંત અધિકારીને લેખિત રજૂઆત કરી હતી. તેમણે ભવિષ્યમાં આવી ગંભીર દુર્ઘટનાઓ ન બને તે માટે ટ્રાફિક ડાયવર્ઝનની માંગ કરી છે. રજૂઆતમાં જણાવાયું છે કે, શાળા છૂટવાના સમયે, એટલે કે સવારે 11 થી 12 વાગ્યા સુધી, ટ્રાફિકને વિઠ્ઠલપુરાથી ખેડા કેમ્પ તરફ ડાયવર્ટ કરવામાં આવે. આ ડાયવર્ઝનથી વિદ્યાર્થીઓનો જીવ જોખમાતો અટકાવી શકાશે.

## સ્ટોન ક્વોરી એસોસિએશનની વિવિધ મુદ્દે કલેક્ટર સાથે ચર્ચા

વલસાડ : વલસાડ જિલ્લા બ્લેક સ્ટોન ક્વોરી એસોસિએશન દ્વારા નવનિયુક્ત જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાનનું સ્વાગત કરાયું હતું. એસોસિએશન દ્વારા વલસાડ જિલ્લામાં ક્વોરી અને માઈનિંગ ઉદ્યોગની વર્તમાન સ્થિતિ તેમજ જિલ્લાના આંતર માળખાકીય વિકાસમાં આ ઉદ્યોગના યોગદાન અંગે હકારાત્મક ચર્ચા કરી હતી. વલસાડ જિલ્લાના નવનિયુક્ત જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાન વલસાડ જિલ્લા બ્લેક સ્ટોન ક્વોરી એસોસિએશનના પ્રતિનિધિ મંડળે કલેક્ટર કચેરી ખાતે મુલાકાત લીધી હતી. આ પ્રસંગે એસોસિએશનના હોદ્દેદારો અને અગ્રણી સભ્યો દ્વારા કલેક્ટરનું પુષ્પગુચ્છ અર્પણ કરી સ્વાગત અને અભિવાદન કરાયું હતું.

## સંખેડા તાલુકાના બહાદરપુર સ્થિત દ્વારકેશ સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે 'પ્રગતિનો શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ

રિપોર્ટર. કમલેશ પટેલ. સંખેડા



સંખેડા તાલુકાના બહાદરપુર સ્થિત દ્વારકેશ સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે 'પ્રગતિનો શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ 2026'ની પૂર્વ તૈયારીરૂપે એક માર્ગદર્શન બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પ્રાથમિક, માધ્યમિક અને આશ્રમશાળાના આશરે 150 જેટલા આચાર્યો ઉપસ્થિત રહ્યા હતા. આ મહોત્સવ આગામી 23, 24 અને 25 જૂનના રોજ યોજાશે. આ બેઠકમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી જશવંતભાઈ પરમાર, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી પ્રદીપભાઈ પટેલ અને BRC કો-ઓર્ડિનેટર વિમલભાઈ પટેલે આચાર્યોને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સંખેડા તાલુકાની તમામ સરકારી પ્રાથમિક શાળાના આચાર્યો, છોટાઉદેપુર જિલ્લા શૈક્ષિક મહાસંઘના ઉપાધ્યક્ષ જગદીશભાઈ બારોટ અને તાલુકા સંઘના પ્રમુખ અલકેશભાઈ પટેલ સહિત સંગઠનના આગેવાનો પણ હાજર રહ્યા હતા. બેઠક દરમિયાન, શાળા પ્રવેશોત્સવની સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP) મુજબ આયોજન કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. નવા વિદ્યાર્થીઓનું ઉમળકાભેર સ્વાગત કરવા, તેમનું નામાંકન વધારવા અને તેમને શાળામાં સ્થાયી કરવા માટે ખાસ તાકીદ કરવામાં આવી હતી. આ પ્રવેશોત્સવની ઉજવણી શાળા અને સમુદાય વચ્ચે મજબૂત સંકલન સાથે કરવા સૂચના અપાઈ હતી. શાળાઓને ભૌતિક સુવિધાઓથી સજ્જ બનાવવા, ગ્રાન્ટનો અસરકારક ઉપયોગ કરવા અને રેકોર્ડની યોગ્ય નિભાવણી કરવા પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો. શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC) ને સક્રિય કરવા અને સરકારી યોજનાઓનો મહત્તમ લાભ વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવા માટે પણ સૂચનાઓ આપવામાં આવી હતી. શૈક્ષણિક વર્ષ 2026-27 ના પ્રારંભે શાળાકીય, શૈક્ષણિક અને વહીવટી કામગીરીને વધુ સુદ્રઢ, પારદર્શક અને ગુણવત્તાસભર બનાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરવા અને શાળાની સ્વચ્છતા જાળવવા અંગે પણ વિશેષ માર્ગદર્શન અપાયું હતું.

## નડિયાદ મ્યુનિશિપલ કમિશનરના નામે ફેક વ્હોટ્સએપ

### 'તમે કેમ છો?' લખી કિરણ ઝવેરીના ડીપી સાથે વિદેશી નંબરોથી મેસેજ કરાયા

(એજન્સી) નડિયાદ | તા.17




નડિયાદ મહાનગરપાલિકાના કમિશનર કિરણ ઝવેરીના નામે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ વ્હોટ્સએપ પર ફેક એકાઉન્ટ બનાવવામાં આવ્યું હોવાની ઘટના સામે આવી છે. કોઈ અજાણ્યા શખસ દ્વારા કમિશનરના નામ અને ફોટાનો દુરુપયોગ કરીને વ્હોટ્સએપ પર નકલી એકાઉન્ટ સક્રિય કરવામાં આવ્યું છે. આ એકાઉન્ટ પરથી નડિયાદના સ્થાનિકો તેમજ અન્ય લોકોને મેસેજ કરવામાં આવી રહ્યા હોવાનું ધ્યાને આવ્યું છે.

સમગ્ર મામલાની વિગતો મુજબ, આ ફેક વ્હોટ્સએપ એકાઉન્ટ ભારતીય નંબર પરથી નહીં પરંતુ વિદેશી નંબર પરથી ઓપરેટ કરવામાં આવી રહ્યું છે. વ્હોટ્સએપ પર પકડાયેલું પ્રથમ એકાઉન્ટ વિયેતનામના નંબર +84917042130 પર કાર્યરત છે. આ નંબરના વ્હોટ્સએપ સ્ટેટસ તેમજ પ્રોફાઈલ પિક્ચરમાં કમિશનર કિરણ ઝવેરીનો ફોટો મૂકવામાં આવ્યો છે, જેના દ્વારા કમિશનરના પરિચિતો અને અન્ય લોકોને મેસેજ મોકલવામાં આવી રહ્યા છે.

તપાસ દરમિયાન અન્ય એક ચોંકાવનારી વિગત પણ સામે આવી છે કે કમિશનરના નામે માત્ર એક જ નહીં, પરંતુ અન્ય એક વિદેશી નંબર પરથી પણ ફેક એકાઉન્ટ ચલાવવામાં આવી રહ્યું છે. વ્હોટ્સએપ પર નેપાળના નંબર +9779713163785 પરથી પણ લોકોને મેસેજ કરાયા હોવાનું સપાટી પર આવ્યું છે. આ નંબર પર પણ કિરણ ઝવેરીનો જ ઓફિશિયલ ફોટો પ્રોફાઈલ પિક્ચર તરીકે સેટ કરીને લોકો સાથે ચેટિંગ શરૂ કરવામાં આવ્યું છે.

## મહેસાણામાં સગીરા ગુમ, અપહરણની શંકા સાથે ફરિયાદ

મહેસાણા : મહેસાણામાં એક સગીરા તેના મોસાળમાં એક પ્રસંગ દરમિયાન ગુમ થઈ ગઈ છે. કુદરતી હાજતે જવાનું કહીને નીકળેલી 16 વર્ષીય દીકરી મોડી રાત સુધી પરત ન ફરતા પરિવારે અપહરણની શંકા વ્યક્ત કરી છે. માતાએ એક શંકાસ્પદ યુવક સામે ચાણસ્મા પોલીસ ફરિયાદ નોંધાવી છે. મહેસાણાના એક વિસ્તારમાં રહેતા એક પરિવારની દીકરી ધોરણ 9 સુધી અભ્યાસ કરેલી છે. ગત 2 મે, 2026ના રોજ પરિવાર ઈટોદા ગામે એક પ્રસંગમાં ગયો હતો. સાંજે આશરે 6 વાગ્યે સગીરા કુદરતી હાજતે જવાનું કહીને ઘરની બહાર નીકળી હતી. થોડા સમય સુધી તે પરત ન આવતા પરિવારજનોએ આજુબાજુના ઘરે તપાસ કરી હતી. ત્યાં હાજર લોકોએ જણાવ્યું હતું કે દીકરી અહીં આવી હતી અને થોડી વાર પહેલા જ અહીંથી નીકળી ગઈ છે. મોડી રાત સુધી દીકરી ઘરે પરત ન ફરતા પરિવારે સગા-સંબંધીઓ અને આજુબાજુના વિસ્તારોમાં શોધખોળ આદરી હતી, પરંતુ તેનો કોઈ પત્તો લાગ્યો ન હતો. રાત્રે આશરે 11 વાગ્યે રામોસણા ખાતે રહેતા તેમના સંબંધીનો ફોન આવ્યો તેમણે ફોન પર જણાવ્યું હતું કે હાજીપુર, લાલવાડ હનુમાનનગર સોસાયટીના મૂળ રહેવાસી અલ્પેશ ઉર્ફે ટીનાજી ઠાકોરે ફોન કરીને તેમને જાણ કરી છે કે, તેણે સગીરાને ફોસલાવીને ભગાડી દીધી છે.

## ફૂડ વિભાગની તપાસમાં વાસણો પણ ગંદા મળ્યા હતા

### 4.5 રેટિંગવાળી કપડવંજની બંધન ગાર્ડન રેસ્ટોરન્ટમાં ગંદકી મળતા લાઇસન્સ રદ

(એજન્સી) કપડવંજ | તા.17

કપડવંજની બંધન ગાર્ડન રેસ્ટોરન્ટમાં સ્વચ્છતા જળવાતી ન હોવાનું ફુડ વિભાગની સ્થળ તપાસમાં જણાયા બાદ સુધારો કરવા નોટિસ અપાઇ હતી છતાં કોઇ જવાબ આપવામાં ન આવતાં અંતે તંત્રે હોટલનું લાઈસન્સ રદ્દ કર્યું છે. આ રેસ્ટોરન્ટમાં રોજના આશરે 200 થી 250 જ્યારે શનિ-રવિમાં 600થી વધુ ગ્રાહકો દિવસ દરમિયાન આવે છે. તેમજ 4.5 થી વધુનું ઉત્તમ રેટિંગ મળેલું છે.

કપડવંજમાં આવેલી બંધન ગાર્ડન રેસ્ટોરન્ટમાં સ્વચ્છતાના માપદંડો જળવાતા ન હોવાની ફરિયાદ નડિયાદ સ્થિત ફુડ વિભાગને મળી હતી. જેને પગલે ટીમે સ્થળ તપાસ કરી હતી. જેમાં સફાઈના અભાવની સાથે સાથે સ્વચ્છતાના માપદંડોનું પાલન કરાતું ન હોવાનું ધ્યાને આવતાં તંત્રે જે તે સમયે ઈન્સપેક્શન પૂર્ણ કરી, ઈમ્પ્રુવમેન્ટ નોટિસ આપી હતી. જોકે, ત્યારબાદ પણ તંત્ર દ્વારા તપાસ કરાતાં કોઈ સુધારો જણાયો ન હતો અને તંત્રએ આપેલી નોટિસનો પણ હોટલના સંચાલક દ્વારા કોઇ પ્રત્યુત્તર ન આપતાં અંતે તંત્રએ હોટલનું લાઈસન્સ રદ કર્યું છે. જો હોટલમાં ઉપયોગમાં લેવામાં આવતાં વાસણો બરાબર સાફ ન થાય, તો તેમાં રહેલાં બેક્ટેરિયા નવા બનતા ખોરાકમાં ભળી જાય છે, જેનાથી ગ્રાહકોને ઝાડા, ઊલટી, પેટમાં દુખાવો કે ફૂડ પોઈઝનિંગ થઈ શકે છે.

આ ઉપરાંત ધૂળના રજકણો રસોડામાં ખુલ્લા પડેલા ખોરાક, મસાલા કે વાસણો પર બેસે છે. આ ધૂળ સાથે હાનિકારક સૂક્ષ્મ જીવાણુઓ પણ ખોરાકમાં ભળે છે, જે ટાઈફોઈડ, ઝાડા-ઊલટી કે ફૂડ પોઈઝનિંગનું કારણ બને છે.

## પાટણમાં 16 જુલાઈએ ભગવાન જગન્નાથની 144મી રથયાત્રા નીકળશે

પાટણ : પાટણ શહેરમાંથી આગામી તારીખ 16 જુલાઈના રોજ નીકળનારી ભગવાન જગન્નાથની 144મી રથયાત્રાને સફળ બનાવવા માટે તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ અંતર્ગત મંગળવારે જગન્નાથ મંદિર પરિસર ખાતે એક મહત્વની બેઠક મળી હતી, જેમાં રથયાત્રાના સુચારુ આયોજન માટે વિવિધ સમિતિઓની સર્વાનુમતે રચના કરવામાં આવી હતી. જગન્નાથ રથયાત્રા સમિતિની વિવિધ કમિટીઓની રચના અર્થે મળેલી આ બેઠકમાં ઉપસ્થિત જગન્નાથ મંદિર ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી અને રથયાત્રા સમિતિના ચેરમેન પિયુષ આચાર્યે બેઠકની શરૂઆતમાં સૌ ભક્તોનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ તેમણે 144મી રથયાત્રા અંતર્ગત આયોજિત થનારા વિવિધ ધાર્મિક કાર્યક્રમોની વિગતવાર જાણકારી આપી હતી. ચેરમેને તમામ સમિતિના સભ્યોને એકજૂથ થઈને સહભાગી બનવા અને આ વર્ષની રથયાત્રાને ઐતિહાસિક તેમજ યાદગાર બનાવવા અપીલ કરી હતી.

## GSRTC ભરતી મુદ્દે પાટણ ભાજપ પૂર્વ મહામંત્રીની રજૂઆત

### ફોર્મ ભરવાની મુદ્દત વધારવા અથવા નિમણૂક બાદ બેઝ લાયસન્સ રજૂ કરવાની વ્યવસ્થા માટે નાયબ મુખ્યમંત્રીને પત્ર લખ્યો

(એજન્સી) પાટણ | તા.17

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC) દ્વારા ડ્રાઈવર અને કંડક્ટરની ભરતી પ્રક્રિયામાં ઉમેદવારોને પડતી મુશ્કેલીઓ અંગે નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીને રજૂઆત કરાઈ છે. પાટણ જિલ્લા ભાજપ અનુસૂચિત જાતિ મોરચાના પૂર્વ મહામંત્રી નરેશ પરમારે લેખિતમાં આ માંગ કરી છે. તેમણે ફોર્મ ભરવાની સમય મર્યાદા 15 દિવસ લંબાવવા અથવા નોકરી મળ્યા બાદ બેઝ લાયસન્સ રજૂ કરવાની છૂટ આપવા વિનંતી કરી છે.

નરેશ પરમારે નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીને પાઠવેલા પત્રમાં જણાવ્યું હતું કે, GSRTC દ્વારા ડ્રાઈવર અને કંડક્ટરની અંદાજે 4000 જગ્યાઓ માટે ભરતીની જાહેરાત બહાર પાડવામાં આવી છે. આ ભરતીમાં લાખો વિદ્યાર્થીઓ અને યુવાનો ફોર્મ ભરવા ઈચ્છુક છે.

જોકે, જાહેરાત મુજબ RTOમાંથી બેઝ લાયસન્સ મેળવવું અનિવાર્ય છે. આ લાયસન્સ માટે ફર્સ્ટ એઈડ સર્ટિફિકેટ જરૂરી છે, જે લાખો યુવાનો પાસે ઉપલબ્ધ નથી. ભરતીની જાહેરાત પછી વિદ્યાર્થીઓ સર્ટિફિકેટ મેળવવા પ્રયાસ કરી રહ્યા છે, પરંતુ સંખ્યા ફૂલ હોવાથી અને RTO કચેરીઓમાં ભીડને કારણે તેમને સત્વરે સર્ટિફિકેટ મેળવવામાં મુશ્કેલી પડી રહી છે.

લગભગ 4000 જગ્યાઓ સામે લાખો વિદ્યાર્થીઓ ફોર્મ ભરવા ઈચ્છતા હોવાથી, આ સમસ્યાના ઉકેલ માટે પત્રમાં બે વિકલ્પો સૂચવવામાં આવ્યા છે. પ્રથમ વિકલ્પ મુજબ, જે ઉમેદવારોને નોકરી મળે તેઓ નિમણૂક મેળવ્યા બાદ બેઝ લાયસન્સ રજૂ કરી શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવે.

બીજો વિકલ્પ એ છે કે, ફોર્મ ભરવાની વર્તમાન સમય મર્યાદામાં 15 દિવસનો વધારો કરવામાં આવે. આનાથી લાયસન્સ અને સર્ટિફિકેટના અભાવે લાયક ઉમેદવારો પરીક્ષા આપવાથી વંચિત નહીં રહે.

## વાપીમાં અદાવતમાં 2 ભાઈનો યુવક ઉપર તલવારથી હુમલો

વાપી :વાપીના ગુંજન હાઉસિંગમાં ફરીવાર મારામારીની ઘટનામાં બે ભાઈએ ડ્રાઈવરને માર માર્યા બાદ તેના માલિક પર તલવારથી હુમલો કરતા સારવાર માટે તે હોસ્પિટલમાં ખસેડાયો હતો. જે અંગે પોલીસમાં બંને સામે ફરિયાદ કરાઈ છે. વાપીના ગુંજન ખાતે જુના ગુજરાત હાઊસીંગ બોર્ડમાં અક્ષર નગર સોસાયટીમાં રહેતા અને કેળાનો વેપાર કરતા અંકિત મુરલીધર દુબે 15 જૂનની રાત્રે છરવાડા ક્રિકેટ ગ્રાઉન્ડ પર હાજર હતા ત્યારે ડ્રાઈવર રાજેશ બાબુ બારીયાનો ફોન આવ્યો હતો કે, હાઉસીંગ બોર્ડમાં રહેતા રાજેશ બાબુ પટેલ અંકિતને ગાળો બોલી મારવા માટે શોધી રહ્યો છે. થોડીવાર બાદ મિત્ર હિમાંશુ શાહે ફોન કરી જણવ્યું કે, રાજેશ અને તેનો ભાઈ જેકી બાબુ પટેલ ડ્રાઈવર રાજેશને માર મારે છે. જેથી તાત્કાલિક સ્થળ પર પહોંચતા ડ્રાઈવર લોહીલુહાણ હાલતમાં મળ્યો હતો. જેથી આરોપી રાજેશ અને જેકીના ઘરે જતા તેઓ ઉશ્કેરાઈને દોડી આવ્યા હતા અને માથાના ભાગે તલવારથી મારતા તે લોહીલુહાણ થઈ ગયો હતો.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, અષાઢ સુદ-03

# હોર્મુઝ ખુલશે છતાં ક્રૂડ-ગેસનો સપ્લાય નોર્મલ થતાં 4 વર્ષ લાગશે!

છેલ્લાં સાડા ત્રણ મહિના એટલે કે અંદાજે 100થી વધારે દિવસથી હોર્મુઝની ખાડી બંધ છે. યુદ્ધના કારણે ખાડી દેશોમાં મોટાભાગનાએ ક્રૂડનું ઉત્પાદન બંધ કરી દીધું હતું, ધીમું કરી દીધું હતું અને ઘણા દેશઓએ પોતાના ભંડાર ખાલી કરી લીધા હતા. હવે આ સમજૂતીની જાહેરાત થઈ છે અને શુક્રવારથી હોર્મુઝની ખાડી ખુલશે. યુદ્ધ પહેલાની સ્થિતિમાં કામગીરી થશે અથવા તો વેપાર શરૂ થશે તે માની લેવું ભુલ ભરેલું છે : હોર્મુઝની વાત કરવામાં આવે તો એક સાંકડો સમુદ્રમાર્ગ છે જ્યાંથી દુનિયાભરનું 20 ટકા ક્રૂડ સપ્લાય થાય છે. બીજી તરફ કતાર દુનિયાભરમાં જે એલએનજી સપ્લાય કરે છે તેમાંથી 93 ટકા સપ્લાય આ રસ્તે થાય છે. યુએઈનો 96 ટકા ક્રૂડ અને ગેસ સપ્લાય આ રસ્તે જ થાય છે. આ સિવાય ખાડી દેશો પાસે પોતાના ક્રૂડ અને ગેસ એશિયા તથા અન્ય પશ્ચિમી દેશોમાં મોકલવાનો કોઈ રસ્તો નથી. આ બધું એકાએક સામાન્ય થઈ શકે નહીં : કતારના ગેસ પ્લાન્ટને જે નુકસાન થયું છે તેને સામાન્ય થતાં ઓછામાં ઓછા પાંચ વર્ષ લાગશે. 18 માર્ચે ઈરાને આક્રમક રીતે કતારના રાસ લાફન ગેસ કોમ્પ્લેક્સ ઉપર હુમલા કર્યા હતા. તેના કારણે આ પ્લાન્ટને મોટું નુકસાન થયું હતું. અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ કરાર ફાઈનલ થઈ ગયો છે. તેના કારણે વિશ્વભરમાં રાહતનું વાતાવરણ સર્જાયું છે. આ જાહેરાત સાથે જ ક્રૂડના ભાવમાં ઘટાડો થયો છે અને વિશ્વભરના બજારોમાં સ્થિતિ સામાન્ય જોવા મળી હતી. દુનિયાભરના લોકોને લાગે છે કે, હવે સ્થિતિ સામાન્ય થઈ જશે અને જે ઊર્જા સંકટ સમગ્ર વિશ્વ ઉપર સર્જાયું હતું તેનો અંત આવી જશે. જાણકારો માને છે કે, અમેરિકા અને ઈરાન વચ્ચેની સંધી દેખાય છે તેટલી સરળ નથી. ટ્રમ્પ હોય કે પેન્ટાગોન કે પછી બીજી તરફ ઈરાન હોય કે તેના નેતાઓ કોઈની પાસે જાદુઈ છડી નથી કે ફેરવશે અને બધું સામાન્ય થવા લાગશે.સૌથી મોટી વાત જ એ છે કે, હોર્મુઝની ખાડી ખુલશે ક્યારે એ કોઈને ખબર નથી. તે ખરેખર ખુલશે અને સંપૂર્ણ કાર્યરત થશે તેની પણ આપણને ખબર નથી. જો હોર્મુઝની ખાડી ખોલી પણ દેવામાં આવશે તો દુનિયાભરમાં ક્રૂડ અને ગેસનો સપ્લાય સામાન્ય થવામાં કેટલાક વર્ષ લાગી શકે તેમ છે. પ્રેક્ટિકલી પણ વિચારીએ તો છેલ્લાં સાડા ત્રણ મહિના એટલે કે અંદાજે ૧૦૦થી વધારે દિવસથી હોર્મુઝની ખાડી બંધ છે. યુદ્ધના કારણે ખાડી દેશોમાં મોટાભાગનાએ ક્રૂડનું ઉત્પાદન બંધ કરી દીધું હતું, ધીમું કરી દીધું હતું અને ઘણા દેશઓએ પોતાના ભંડાર ખાલી કરી લીધા હતા. હવે આ સમજૂતીની જાહેરાત થઈ છે અને શુક્રવારથી હોર્મુઝની ખાડી ખુલશે. યુદ્ધ પહેલાની સ્થિતિમાં કામગીરી થશે અથવા તો વેપાર શરૂ થશે તે માની લેવું ભુલ ભરેલું છે. સ્થિતિ સામાન્ય થવામાં ઘણો સમય લાગશે. ઉલ્લેખનીય છે કે, હોર્મુઝની વાત કરવામાં આવે તો એક સાંકડો સમુદ્રમાર્ગ છે જ્યાંથી દુનિયાભરનું ૨૦ ટકા ક્રૂડ સપ્લાય થાય છે. બીજી તરફ કતાર દુનિયાભરમાં જે એલએનજી સપ્લાય કરે છે તેમાંથી ૯૩ ટકા સપ્લાય આ રસ્તે થાય છે. યુએઈનો ૯૬ ટકા ક્રૂડ અને ગેસ સપ્લાય આ રસ્તે જ થાય છે. આ સિવાય ખાડી દેશો પાસે પોતાના ક્રૂડ અને ગેસ એશિયા તથા અન્ય પશ્ચિમી દેશોમાં મોકલવાનો કોઈ રસ્તો નથી. સાઉદી અને યુએઈ પાસે પાઈપલાઈન છે પણ તે પૂરતી નથી. તેના દ્વારા ક્રૂડ સપ્લાય કરી શકાય પણ ગેસ માટે તો જહાજો ઉપર જ આધાર રાખવો પડે. હવે આ રસ્તો બંધ થતા જ દુનિયાભરના સપ્લાયમાં ૨૦ ટકાનો ઘટાડો થઈ ગયો છે. દર અઠવાડિયે ૨૦૦ કરોડ ઘન મીટર ગેસ સપ્લાય અટકી ગયો છે. સાદી ભાષામાં કહીએ તો આધુનિક ઈતિહાસની સૌથી મોટી ક્રૂડ અને ગેસની સમસ્યા ઊભી થઈ હતી. જાણકારો માને છે કે, માત્ર આ રસ્તો ખુલી જવાથી સમસ્યાનો ઉકેલ આવે તેમ નથી. કતારના ગેસ પ્લાન્ટને જે નુકસાન થયું છે તેને સામાન્ય થતાં ઓછામાં ઓછા પાંચ વર્ષ લાગશે. ૧૮ માર્ચે ઈરાને આક્રમક રીતે કતારના રાસ લાફન ગેસ કોમ્પ્લેક્સ ઉપર હુમલા કર્યા હતા. તેના કારણે આ પ્લાન્ટને મોટું નુકસાન થયું હતું. અહેવાલો પ્રમાણે આ પ્લાન્ટના કુલ ઉત્પાદનમાંથી ૧૭ ટકા ઉત્પાદન ઘટી ગયું છે. કતારને જ પોતાનો ગેસ સપ્લાય પૂર્વવત કરવામાં ઘણો સમય લાગે તેમ છે. આ સિવાય એક અહેવાલ એવો પણ છે કે, કતારે જણાવ્યું છે કે, જ્યાં સુધી તેના જહાજો ઓપરેટ કરવા માટે સુરક્ષાની ખાતરી નહીં મળે ત્યાં સુધી તે ગેસનું ઉત્પાદન જ નહીં કરે. ધારો કે હોર્મુઝની ખાડી ખુલી જશે તો પણ તાત્કાલિક ક્રૂડ અને ગેસનો સપ્લાય બજારમાં આવી જશે અને અછત ઓછી થઈ જશે તેમ માનવું નહીં.

# શનિદેવ મંદિર 12 વર્ષ પૂર્ણ કરી 13મા વર્ષમાં પ્રવેશ કરશે, 20 જૂને ભવ્ય પાટોત્સવ મહોત્સવ

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા નગરના ચત્રભુજ વળાંક પાસે આવેલ શનિદેવ મંદિર આગામી તા. 20 જૂન, 2026ના રોજ પોતાના સ્થાપનાના 12 વર્ષ પૂર્ણ કરી 13મા વર્ષમાં પ્રવેશ કરશે. આ અવસરે મંદિર ખાતે ભવ્ય પાટોત્સવ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

મંદિર ટ્રસ્ટ અને સેવાભાવી ભક્તોના સહયોગથી દર વર્ષની જેમ આ વર્ષે પણ ધાર્મિક કાર્યક્રમો, પૂજા-અર્ચના, મહાપ્રસાદ તથા વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ સાથે પાટોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવશે. મંદિરના પૂજારી ટીનુ મહારાજે જણાવ્યું હતું કે આ વર્ષના પાટોત્સવ માટે અંદાજે રૂ. 3 લાખ જેટલું બજેટ નક્કી કરવામાં આવ્યું છે.

પૂજારી ટીનુ મહારાજે વધુમાં જણાવ્યું હતું કે મંદિરના વિકાસ અને ધાર્મિક કાર્યક્રમોની સફળતા ભક્તજનોના સહયોગથી જ શક્ય બની છે. આ વર્ષે પણ પાટોત્સવને ભવ્ય બનાવવા માટે તમામ ભક્તોને યથાશક્તિ દાન અને સહયોગ આપવા અપીલ કરવામાં આવી છે. ભક્તોના સહયોગથી જ ધાર્મિક અને સેવાકીય કાર્યોને વધુ વેગ મળશે તેમજ પાટોત્સવની ઉજવણી યાદગાર બની રહેશે, તેવું મંદિરના પૂજારી ટીનુ મહારાજે જણાવેલ.

આયોજકોએ તમામ ભક્તોને પાટોત્સવ મહોત્સવમાં સહપરિવાર ઉપસ્થિત રહી ધર્મલાભ લેવા તેમજ કાર્યક્રમને સફળ બનાવવા માટે સહયોગ આપવા અનુરોધ કર્યો છે.

સંપર્ક:
પૂજારી ટીનુ મહારાજ - 9426271316
બ્રિજેશભાઈ પલણ - 9825339392
કલ્પેશભાઈ પલણ - 9925313231
બીપીનભાઈ શેઠ - 9428895765

## જીંજાય-જતાવીરા માર્ગ પર એજ લાઈન માર્કિંગ અને દિશાસૂચક સાઈનબોર્ડથી માર્ગ સુવિધામાં વધારો

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

જીંજાય-જતાવીરા માર્ગ પર માર્ગ સલામતી અને વાહનચાલકોની સુવિધાને ધ્યાનમાં રાખી મહત્વપૂર્ણ કામગીરી હાથ ધરવામાં આવી છે. માર્ગ પર બંને બાજુએ એજ લાઈન માર્કિંગની કામગીરી શરૂ કરવામાં આવી છે, જ્યારે જતાવીરા ગામ નજીક વિવિધ ગામો અને સ્થળોના અંતર દર્શાવતું નવું દિશાસૂચક સાઈનબોર્ડ પણ સ્થાપિત કરવામાં આવ્યું છે.રોડ પર સફેદ એજ લાઈન દોરવાથી વાહનચાલકોને માર્ગની સીમા સ્પષ્ટ રીતે દેખાશે, જેના કારણે ખાસ કરીને રાત્રિના સમયે તેમજ વરસાદી મોસમ દરમિયાન સુરક્ષિત મુસાફરી કરવામાં સરળતા રહેશે. હાલમાં કર્મચારીઓ દ્વારા વિશેષ મશીનની મદદથી એજ લાઈન દોરવાની કામગીરી કરવામાં આવી રહી છે.બીજી તરફ જતાવીરા નજીક સ્થાપિત કરાયેલા દિશાસૂચક સાઈનબોર્ડમાં દેશલપર(ગું), જીંજાય, ધામાય, હાજીપીર, અને ફુલાય સહિતના વિસ્તારોના અંતરની માહિતી દર્શાવવામાં આવી છે.

# તાલુકા સ્વાગતની રજૂઆત બાદ જિલ્લા સ્તરે ઉઠ્યો ધાવડા મોટાના ગુમ રેકોર્ડનો પ્રશ્ન

જગદીશ પી દવે : દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના ધાવડા મોટા ગામના મેન્યુઅલી હકપત્રક (હસ્તલેખિત જૂની નોંધો) ગુમ થયાના મુદ્દે એડવોકેટ ભગવાન ધનસુખભાઈ કાનજીયાણીએ કલેક્ટર કચેરી, ભુજ ખાતે જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં લેખિત રજૂઆત કરી ત્વરિત અને કાયમી ઉકેલ લાવવા માંગણી કરી છે.રજૂઆતમાં જણાવાયું છે કે ધાવડા મોટા જૂથ ગ્રામ પંચાયત દ્વારા તા. 21/10/2011ના રોજ ગામના તમામ હકપત્રક રેકોર્ડ ઓનલાઈન સ્કેનિંગ પ્રક્રિયા માટે મામલતદાર કચેરી નખત્રાણામાં જમા કરાવવામાં આવ્યા હતા. ત્યારબાદ આ રેકોર્ડની આવક નોંધ મામલતદાર કચેરીમાં થયેલી હોવાનું તેમજ સ્કેનિંગ માટે ભુજ મોકલવામાં આવ્યા હોવાની વિગતો નોંધાયેલ હોવાનું જણાવાયું છે. તેથી આ સરકારી રેકોર્ડ કેવી રીતે ગુમ થયા અથવા ગુમ કરવામાં આવ્યા તે ગંભીર તપાસનો વિષય હોવાનું રજૂઆતમાં જણાવાયું છે.અરજદારે વધુમાં જણાવ્યું છે કે આ મુદ્દે પોલીસ ફરિયાદ કરવામાં આવી છે કે નહીં અને જો ફરિયાદ નોંધાઈ હોય તો છેલ્લા 15 વર્ષ દરમિયાન કોઈ જવાબદાર સામે કાર્યવાહી કરવામાં આવી છે કે કેમ તે અંગે પણ કોઈ સ્પષ્ટ માહિતી આપવામાં આવી નથી.ધાવડા મોટા સીમના અંદાજે 600 જેટલા ખેડૂતોને જમીનના મૂળ રેકોર્ડ ઉપલબ્ધ ન હોવાથી ટાઈટલ ક્લિયરન્સ મેળવવામાં મુશ્કેલી પડી રહી છે. જેના કારણે બેંકો ખેડૂતોને લોન મંજૂર કરતી નથી અને નાના ખેડૂતોને ઊંચા વ્યાજે ખાનગી ધિરાણ લેવાની ફરજ પડે છે. પરિણામે ખેડૂતોને આર્થિક નુકસાન ઉપરાંત માનસિક તકલીફોનો પણ સામનો કરવો પડી રહ્યો છે.તાલુકા સ્વાગત કાર્યક્રમમાં અગાઉ કરાયેલી રજૂઆતના જવાબમાં ગ્રામ પંચાયત તથા બેંકોમાંથી નોંધો મેળવી હકપત્રક લખવાની કામગીરી ચાલુ હોવાનું જણાવાયું હતું.

## કંઢોરા હાટકેશ મંદિરના સહયોગી ધીરજભાઈ શાહને શ્રદ્ધાંજલિ

જગદીશ પી દવે દેશલપર (ગુંતલી)

ભુજ હાટકેશ સેવા મંડળ દ્વારા માતાના મઢના સેવાભાવી વેપારી અને કંઢોરા હાટકેશ મંદિરના સહયોગી ધીરજભાઈ શાહને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે જ્ઞાતિના વડીલ જગદીશચંદ્ર છાયાએ જણાવ્યું હતું કે માતાના મઢ મંદિર સાથે જેમ દેવચંદ વાણીયાનું નામ જોડાયેલું છે, તેમ મઢ નજીક આવેલા કંઢોરા ગામના હાટકેશ મંદિરના નિર્માણ અને વિકાસમાં શાહ પરિવારનું વિશેષ યોગદાન રહ્યું છે. વર્ષ 2005માં ધીરજભાઈના પિતાશ્રી રવિલાલભાઈ શાહ દ્વારા હાટકેશ મંદિરનું નિર્માણ કરાયું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે વર્ષ 2023ની મહાશિવરાત્રિ નિમિત્તે મંદિરને નૂતન સ્વરૂપ આપી યોજાયેલા મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ધીરજભાઈ શાહ અને તેમના પરિવારે સક્રિય ભૂમિકા ભજવી હતી. મંદિર અને સમાજસેવાના કાર્યોમાં તેમનો સહયોગ હંમેશા સ્મરણિય રહેશે.

# ગંભીર ડિસેમિનેટેડ ટીબી સામે લડાઈમાં 16 વર્ષીય બાળકીની સફળ સારવાર

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૭ . જુનાગઢની 16 વર્ષીય બાળકી છેલ્લા 20 દિવસથી સતત તાવ, ઉધરસ, કમરનો દુખાવો અને માથાના દુખાવાથી પીડાઈ રહી હતી. તપાસ દરમિયાન તેને પલ્મોનરી ટીબી (ફેફસાનો ટીબી), જે મગજ અને આંખ સુધી ફેલાયેલો હતો (Disseminated TB) હોવાનું નિદાન થયું. દર્દીની શરૂઆતમાં રાજકોટ ખાતે સારવાર કરવામાં આવી હતી, પરંતુ તબિયતમાં અપેક્ષિત સુધારો ન થતા દર્દીને સારવાર માટે સિવિલ હોસ્પિટલ, જુનાગઢ (GMERS મેડિકલ કોલેજ અને હોસ્પિટલ, જુનાગઢ) ખાતે લાવવામાં આવી. દર્દીની ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખીને એન્ટી ટ્યુબરક્યુલર થેરાપી (ATT), મેનિટોલ ઈન્જેક્શન, સ્ટેરોઇડ્સ તથા જરૂરી સહાયક સારવાર જેવી કે ઈન્જેક્શન આલ્બ્યુમિન, પ્રોટીન સપ્લિમેન્ટ અને અન્ય જરૂરી દવાઓ શરૂ કરવામાં આવી. આ સારવાર GMERS મેડિકલ કોલેજ અને હોસ્પિટલ, જુનાગઢ ખાતે મેડિકલ સુપરિન્ટેન્ડન્ટશ્રી ડૉ.કૃતાર્થ બ્રહ્મભટ્ટના માર્ગદર્શન હેઠળ તથા પલ્મોનોલોજિસ્ટ ડૉ.શ્રેયા કોરડિયા (MD) દ્વારા કરવામાં આવી. સારવાર દરમિયાન નર્સિંગ ઈન્ચાર્જ મર્મિકભાઈ તથા TB વોર્ડની સમગ્ર ટીમનો સતત સહકાર અને મહત્વપૂર્ણ ફાળો રહ્યો. આરોગ્ય સેવાના ભાગરૂપે દર્દીને જરૂરી તપાસ અને સારવારની સુવિધાઓ ખાનગી હોસ્પિટલોમાં થતી મોંઘી સારવારની સરખામણીએ સંપૂર્ણપણે નિઃશુલ્ક રીતે સિવિલ હોસ્પિટલ, જુનાગઢ ખાતે ઉપલબ્ધ કરાવવામાં આવી. સમયસર નિદાન અને યોગ્ય સારવારથી દર્દીની તબિયતમાં નોંધ પાત્ર સુધારો થયો અને દર્દીને આગળની સારવાર ચાલુ રાખવાની સલાહ સાથે રજા આપવામાં આવી. ટીબી એક ગંભીર પરંતુ સંપૂર્ણપણે સારવાર યોગ્ય રોગ છે.

## શહેરમાં ચાલતા ભૂગર્ભના કામો દરમ્યાન તૂટેલા રસ્તાઓના રિસ્ટોરેશન કામનું નિરીક્ષણ કરતા મનપા.જૂનાગઢના માન. કમિશનરશ્રી પ્રભવ જોષી.

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૭. મહાનગરપાલિકા, જૂનાગઢ દ્વારા આગામી વર્ષાઋતુની ઋતુને ધ્યાનમાં રાખીને પ્રિ-મોન્સૂન કામગીરી અને શહેરના વિવિધ વિકાસ કામોને વેગ આપવામાં આવ્યો છે. જેના ભાગરૂપે આજ રોજ માન.કમિશનરશ્રી પ્રભવ જોષી દ્વારા વોટર વર્ક્સ શાખા અંતર્ગત ચાલતા વિવિધ પ્રકલ્પો જેમ કે,વોર્ડ નં. ૭ અને ૧૨માં ભુગર્ભ ગટરના ચાલતા કામોના લીધે જે રસ્તાઓ તૂટેલા છે, તેના રિસ્ટોરેશન (Restoration) એટલે કે પુનઃનિર્માણની કામગીરી,સી.સી. પેચવર્ક (C.C. Patchwork) તથા નવા રોડના નિર્માણ કાર્યોની પ્રત્યક્ષ સમીક્ષા અને ઝીણવટભર્યું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતું. વર્ષાઋતુ દરમિયાન નાગરિકોને વાહન ચલાવવામાં કે આવવા જવામાં કોઈ મુશ્કેલી ન પડે અને પાણી ભરાવવાની સમસ્યા ન સર્જાય તે હેતુથી ટીંબાવાડી વિસ્તારમાં આવેલા વોંકળા સફાઈ કામગીરી તથા રોડ રસ્તાઓની કામગીરીની માન.કમિશનરશ્રી પ્રભવ જોષી દ્વારા સમીક્ષા કરવામાં આવી.

## જૂનાગઢ મહાનગરપાલિકા કમિશનર પ્રભવ જોષી દ્વારા નરસિંહ મહેતા સરોવર ખાતે કાર્યરત ઇન સી ટુ બાયો રેમિડિયેશન પ્લાન્ટની સ્થળ મુલાકાત અને માર્ગદર્શન.

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૬ મહાનગરપાલિકા, જૂનાગઢના માનનીય કમિશનરશ્રી પ્રભવ જોષી દ્વારા નરસિંહ મહેતા સરોવરની પ્રત્યક્ષ મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે સરોવર ખાતે કાર્યરત, ગુજરાત રાજ્યના સૌપ્રથમ એવા ISR મોડ્યુલર બેઝ્ડ ૨.૫ એમ.એલ.ડી. (MLD) ક્ષમતાના 'ઈન સી ટુ બાયો રેમિડિયેશન પ્લાન્ટ' નું નિરીક્ષણ કર્યું હતું.સ્થળ મુલાકાત દરમિયાન કમિશનરશ્રી એ પ્લાન્ટની કામગીરી, તેની તકનીકી ક્ષમતા અને સરોવરના પાણીના શુદ્ધિકરણની પ્રક્રિયા અંગે સબંધિત અધિકારીઓ તેમજ એન્જિનિયરો સાથે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરી હતી. પ્લાન્ટની કાર્યક્ષમતા વધુ સુદ્રઢ બનાવવા અને નરસિંહ મહેતા સરોવરની સ્વચ્છતા જળવાઈ રહે તે માટે તેમણે સ્થળ પર જ જરૂરી ટેકનિકલ અને વહીવટી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ પ્લાન્ટ ગુજરાત રાજ્યનો આ પ્રકારનો સૌપ્રથમ મોડ્યુલર બેઝ્ડ ઈન સી ટુ બાયો રેમિડિયેશન પ્લાન્ટ છે.

## સોશિયલ મીડિયા પર ફેક પ્રોફાઇલ બનાવતા અને નામનો દુરુપયોગ બદલ અજાણ્યા ઇસમ સામે સત્તાવાર ફરિયાદ નોંધાવતા મનપા, જૂનાગઢના માન.કમિશનરશ્રી પ્રભવ જોષી.

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૬. મહાનગરપાલિકા, જૂનાગઢના માન.મ્યુનિસિપલ કમિશનરશ્રી પ્રભવ જોષીના ફોટા અને નામનો દુરુપયોગ કરીને કેટલાક અજાણ્યા અને અસામાજિક તત્વો દ્વારા ડિજિટલ છેતરપિંડી આચરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હોવાની ગંભીર બાબત સામે આવી છે.કોઈ અજાણ્યા ઈસમ દ્વારા પોતાના વોટ્સએપ (Whats App) એકાઉન્ટની પ્રોફાઈલમાં કમિશનરશ્રી નો ફોટો સેટ કરી,પોતે જ જૂનાગઢ મહાનગર પાલિકાના કમિશનર છે તેવો ખોટો દેખાવ (Impersonation) કરીને અન્ય વ્યક્તિઓ તેમજ અધિકારીઓને ખોટા મેસેજ મોકલવામાં આવી રહ્યા છે.આ ગેરકાયદેસર પ્રવૃત્તિ અને સાયબર ક્રાઈમની ઘટનાને અત્યંત ગંભીરતાથી લઈને માન. કમિશનરશ્રી પ્રભવ જોષી દ્વારા આ બાબતે સત્તાવાર રીતે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે, જેના આધારે સાયબર ક્રાઈમ સેલ દ્વારા આગળની તપાસ અને કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જૂનાગઢ મહાનગરપાલિકાના જનસંપર્ક વિભાગ દ્વારા જાહેર જનતા, વેપારીઓ, તમામ નગરજનો અને મહાનગરપાલિકાના કર્મચારીઓને ખાસ અપીલ કરવામાં આવે છે કે આવા કોઈપણ શંકાસ્પદ વોટ્સએપ મેસેજ કે ફોન કોલ પર ભરોસો કરવો નહીં. કમિશનરશ્રીના નામે કે તેમના ફોટાવાળા કોઈ અજાણ્યા નંબર પરથી જો કોઈ પણ પ્રકારની આર્થિક મદદ,નાણાકીય લેવડદેવડ કે સત્તાવાર કામ અંગે દબાણ કરવામાં આવે.

# સોનાના ભાવ વધતાં કારીગરો બેકાર: કચ્છ જિલ્લા સોના ચાંદી મહા મંડળની ભચાઉ ખાતે બેઠક

મહેશ એલ. સોની નખત્રાણા

કચ્છ જિલ્લા સોના ચાંદી મહા મંડળ અને ભચાઉ તાલુકા સોના ચાંદી મહા મંડળના આગેવાનોની મહત્વપૂર્ણ બેઠક ભચાઉ ખાતે યોજાઈ હતી. મંડળના પ્રમુખ શ્રી હીરાલભાઈ સોનીના વડપણ હેઠળ મળેલી આ બેઠકમાં તાલુકા પ્રમુખ શ્રી ધર્મેન્દ્ર પાટડિયા સહિત તાલુકા કારોબારી, આગેવાનો અને આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા.બેઠકમાં સોના-ચાંદીના જુના દાગીના વેચાણની વર્તમાન સ્થિતિ પર ચર્ચા કરતા પ્રમુખ હીરાલભાઈ સોનીએ જણાવ્યું કે હાલમાં ગ્રાહકો પાસેથી પૂરતા આધાર પુરાવા વગર જુના દાગીના ખરીદી શકાતા નથી. આ કારણે વેચાતો રાખેલ માલ જપ્ત થવાનો અને ચૂકવેલા નાણાં પણ ગુમાવવાનો વારો આવે છે. આ ઉપરાંત વધારાના ખર્ચ અને કેશ વગેરેમાં દોડધામ વધી ગઈ છે.સોના-ચાંદીના ભાવમાં આવેલ તીવ્ર વધારાને કારણે ઝવેરીના વ્યવસાય પર ગંભીર અસર પડી છે.

## અખીલ ભારતીય રાષ્ટ્રીય શૈ. મહાસંઘ દાહોદ આજે જિલ્લા કક્ષા એ TET પરીક્ષા મુક્તિ માટે ધરણાં કાર્યક્રમ કરશે

દિપક રાવલ દાહોદ લીમખેડા

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈ. મહાસંઘ દાહોદ આજે તા.18/6/26 ને ગુરુવાર ના રોજ TET બાબતે દાહોદ જિલ્લામાં કલેક્ટર કચેરી ની સામે ના મેદાન માં બપોરે 2 થી 5 વાગ્યા સુધી મોટી સંખ્યામાં શિક્ષક બંધુ , ભાગીનીઓ ધરણા કાર્યક્રમ માં જોડશે. અખિલ ભારતીય કક્ષા એ 18 તારીખે આખા દેશમાં એક સાથે 800 થી વધુ જિલ્લાઓ માં અને ગુજરાત રાજ્ય માં 34 જિલ્લા ઓ માં એક સાથે કુલ 25 લાખ શિક્ષક બંધુ, ભગીની ઓ ધારણા માં જોડાશે,અને માનનીય કલેક્ટર સાહેબ મારફતે દેશ ના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ અને માનનીય કેન્દ્રીય શિક્ષણ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાન સાહેબ શ્રી ને આવેદન પત્ર આપવામાં આવશે. આ કાર્યક્રમ થી માનનીય સુપ્રીમ કોર્ટના ફેંસલા ને બદલા માટે દરમિયાન ગિરિ કરવામાં આવશે

# ફૂલપીરદાદા મંદિર હોલ ખાતે જન કલ્યાણ શિબિર યોજાઈ, વિવિધ યોજનાઓ અંગે માર્ગદર્શન અપાયું

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના નિરોણા ગામ ખાતે શ્રી ફૂલપીરદાદા મંદિર હોલ મધ્યે બુધવારના રોજ "જન કલ્યાણ શિબિર"નું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્ય સરકારની જનકલ્યાણકારી યોજનાઓનો લાભ વધુમાં વધુ નાગરિકો સુધી પહોંચે તેમજ વિકસિત ભારત@૨૦૪૭ અને વિકસિત ગુજરાત@૨૦૪૭ના લક્ષ્યોને સાકાર કરવા માટે યોજાયેલી આ શિબિરમાં મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો. શિબિરમાં આયુષ્માન ભારત યોજના, આયુષ્માન વયવંદના યોજના, નમોશ્રી યોજના, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PM-JAY), પીએમ સૂર્યઘર યોજના, લખપતિ દીદી યોજના, પીએમ સ્વનિધિ યોજના, રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના,



નિરાધાર વૃદ્ધ અને દિવ્યાંગ આર્થિક સહાય યોજના, રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના, ગંગાસ્વરૂપ આર્થિક સહાય યોજના, મુખ્યમંત્રી લક્ષ્મી યોજના અને સરસ્વતી યોજના સહિત વિવિધ સરકારી યોજનાઓ અંગે વિગતવાર માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આ પ્રસંગે મામલતદાર શ્રી રાજેશભાઈ પટેલ સાહેબ, નાયબ મામલતદાર શ્રી જાલા સાહેબ, સર્કલ ઓફિસર એસ.પી. ચૌધરી સાહેબ, જિલ્લા પંચાયત સદસ્ય રાજેશભાઈ આહીર, તાલુકા પંચાયત સદસ્યશ્રીઓ જેસાભાઈ આહીર તથા રમેશભાઈ આહીર ઉપસ્થિત રહ્યા હતા.

## જૂનાગઢના પ્લાસવા ખાતે જનકલ્યાણ શિબિર યોજાઇ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા. ૧૭. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સફળ નેતૃત્વના ૧૨ વર્ષની ઉજવણી અંતર્ગત જનસેવાના કાર્યોને વધુ વેગ આપવા અને નાગરિકોને વિવિધ સરકારી સેવાઓ નજીકના સ્થળે જ સરળતાથી ઉપલબ્ધ બને તે હેતુથી જૂનાગઢ જિલ્લાના પ્લાસવા ખાતે જનકલ્યાણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્લાસવા કન્યા શાળા ખાતે યોજાયેલી આ જન કલ્યાણ શિબિરમાં નાગરિકોને એક જ સ્થળે વિવિધ સરકારી સેવાઓનો સીધો લાભ મળે તે માટે વિવિધ વિભાગો દ્વારા કામગીરી કરવામાં આવી હતી. શિબિર દરમિયાન આવકના દાખલા, રેશનકાર્ડ સંબંધિત સેવાઓ જેવી કે નવા રેશનકાર્ડમાં નામ ઉમેરવા, નામ કમી કરવા તેમજ જરૂરી સુધારાઓ કરવાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. તેમજ નવા આધારકાર્ડ કઢાવવા અથવા જરૂરી સુધારા કરાવવા, આયુષ્યમાન ભારત કાર્ડ, જન્મ- મરણ અને લગ્ન નોંધણીના પ્રમાણપત્રો, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના, નિરાધાર વૃદ્ધ પેન્શન યોજના, દિવ્યાંગજનો માટેની વિવિધ સહાય યોજનાઓ, કુંવરબાઈનું મામેરું તથા માનવ ગરીમા યોજના જેવી અનેક લોકકલ્યાણકારી યોજનાઓ માટે સ્થળ પર જ અરજીઓ સ્વીકારવામાં આવી હતી.

## શુકન વુમન હોસ્પિટલ માટે શુકનવંતી બની રાજ્ય સરકારની 'આત્મનિર્ભર ગુજરાત યોજના'

જગદીશ ત્રિવેદી | મહીસાગર

રાજ્યમાં ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા, મૂડીરોકાણ આકર્ષવા અને રોજગારીની નવી તકો ઊભી કરી ગુજરાતને મેન્યુફેક્ચરિંગ તેમજ સર્વિસ સેક્ટરમાં 'આત્મનિર્ભર' બનાવવાના ઉમદા હેતુથી રાજ્ય સરકાર દ્વારા 'આત્મનિર્ભર ગુજરાત યોજના ૨૦૨૨' (Aatmanirbhar Gujarat Scheme 2022) અમલમાં મૂકવામાં આવી છે. ઉદ્યોગ સાહસિકોને પીઠબળ પૂરી પાડતી સરકારની આ યોજના મહીસાગર જિલ્લાના લુણાવાડા ખાતે શરૂ થયેલી 'શુકન વુમન હોસ્પિટલ' માટે ખરા અર્થમાં શુકનવંતી સાબિત થઈ છે.લુણાવાડા ખાતે કન્સલ્ટન્ટ ગાયનેકોલોજિસ્ટ અને લેપ્રોસ્કોપિક સર્જન તરીકે સેવા આપતા ડૉ. આરતીબા જાડેજા અને તેમના પતિએ વર્ષ ૨૦૨૦ માં પોતાની આગવી હોસ્પિટલ શરૂ કરવાનું સ્વપ્ન સેવ્યું હતું. વર્ષ ૨૦૨૧ માં જ્યારે હોસ્પિટલનું કન્સ્ટ્રક્શન શરૂ થયું, ત્યારે તેમણે આ સ્વપ્નને સાકાર કરવા બરોડા ગુજરાત ગ્રામીણ બેંકમાંથી રૂ. ૧ કરોડની લોન લીધી હતી. આટલી મોટી રકમની લોન અને તેના પર આવતા વ્યાજના આર્થિક ભારણને હળવું કરવામાં રાજ્ય સરકારની 'આત્મનિર્ભર ગુજરાત યોજના'એ નિર્ણાયક ભૂમિકા ભજવી છે.

# રાજુલા ના કોવાયા ગામે સિંહે પરપ્રાંતીય યુવાનનો શિકાર ફાડી ખાતા વનવિભાગ દ્વારા તાબડતોબ રેસ્ક્યૂ ઓપરેશન હાથ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

રાજુલાના કોવાયા ગામ નજીક સિંહે પરપ્રાંતીય યુવકનો શિકાર કર્યો, યુવકનું મોત, વનવિભાગ દ્વારા તાબડતોબ રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરી એક સિંહણ પાંજરે પુરાઈ વન વિભાગ દ્વારા તપાસ શરૂ રાજુલા તાલુકામાંથી એક હૃદયકંપાવનારી ઘટના સામે આવી છે. રાજુલાના કોવાયા ગામ નજીક વનરાજે એક પરપ્રાંતીય યુવક પર હિંસક હુમલો કરી તેને પોતાનો શિકાર બનાવ્યો છે. સિંહના આ ઘાતક હુમલામાં યુવકનું ઘટનાસ્થળે જ કમકમાટી ભર્યું મોત નીપજ્યું છે.મળતી માહિતી અનુસાર, આ દુર્ઘટના કોવાયા ગામ નજીક આવેલા TPP પાવર પ્લાન્ટની સામે, બજરંગ પેટ્રોલ પંપ પાસે બની હતી. મૂળ ઉત્તરાખંડનો વતની અને સ્થાનિક હોટલ રેસ્ટોરન્ટમાં કામ કરતો પ્રકાશ ચંદ્ર નામનો યુવક મોડી રાત્રે હોટલથી નીકળીને પોતાના વતન ઉત્તરાખંડ જવા માટે રવાના થઈ રહ્યો હતો.આ દરમિયાન અંધારાનો લાભ લઈને સિંહે યુવક પર અચાનક હિંસક હુમલો કરી દીધો હતો. સિંહ યુવકને ખેંચીને ઝાડીઓમાં લઈ ગયો હતો અને તેને ફાડી ખાધો હતો. આ હુમલો એટલો ભયાનક હતો કે ઘટનાસ્થળેથી યુવકની માત્ર ખોપરી અને શરીરના અમુક અંશો જ મળી આવ્યા છે.ઘટનાની જાણ થતાં જ રાજુલા વન વિભાગ અને પોલીસના ઉચ્ચ અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા. વન વિભાગ દ્વારા પ્રાથમિક તપાસ હાથ ધરીને મૃતકના અવશેષોને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવાની તજવીજ હાથ ધરી છે. માનવભક્ષી બનેલા આ સિંહને વહેલી તકે પાંજરે પૂરવા માટે વન વિભાગ દ્વારા તાત્કાલિક ધોરણે સર્ચ ઓપરેશન અને પાંજરા ગોઠવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે, જેથી સ્થાનિકોમાં ફેલાયેલો ભયનો માહોલ ઓછો કરી શકાય.

ઔદ્યોગિક વિસ્તાર અને પેટ્રોલ પંપ જેવા ધમધમતા વિસ્તારની નજીક બનેલી આ ઘટનાને પગલે સ્થાનિક રહીશો, શ્રમિકો અને વાહનચાલકોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. વન વિભાગ દ્વારા લોકોને રાત્રિના સમયે બિનજરૂરી બહાર ન નીકળવા અને સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે. હુમલાના સમયે અન્ય સિંહો પણ આસપાસ હોવાની આશંકા હોવા થી વનવિભાગ દ્વારા આ વિસ્તારમાં હજુ પણ અન્ય સિંહોને રેસ્ક્યુ કરવા માટે ઓપરેશન ચાલુ રાખવામાં આવ્યું છે.

## જાફરાબાદ તાલુકાના વાપળીયા ગામે આવેલી મહત્વની સરકારી સ્કૂલના રોડ રસ્તા સાવ ખખડધજ હાલતમાં : અહીં મહત્વની શૈક્ષણિક સંસ્થાઓ આવેલી હોવા છતાં તંત્ર ધ્યાન ઉપર લેતું નથી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ તાલુકાના વાપળીયા બાજુ આવેલ સરકારી સ્કૂલના રોડ રસ્તાઓ અતિશય ખખડધજ રોડ થી અકસ્માત ને નિમંત્રણ આપતો આ રોડ સાવ મગરમચ્છ ની પીઠ જેવી હાલતમાં હોય અહીં મહત્વની સ્કુલ આવેલ હોવા છતાં પણ તંત્ર ધ્યાન ઉપર લેતું નથી અહીં સરકારી મહત્વ ની સ્કૂલ ઓમા આર્ટસ અને કોમર્સ કોલેજ તથા સરકારી આઈટિઆઈ, તથા મોડલ સ્કૂલ તથા ગર્લ્સ હોસ્ટેલ વિગેરે શૈક્ષણિક સંસ્થાઓ આવેલી હોય આ સરકારી સ્કૂલોમાં હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓ વિધાર્થિનીઓ અવરજવર કરે છે. આટલી મોટી અને મહત્વની સરકારી સ્કુલ ઓ આવેલ હોવા છતાં તે સ્કૂલ સુધી જોડતો રોડ અતિશય બિસ્માર હાલતમાં હોય આ બાબતે ત્રણેય સ્કૂલ ના શિક્ષકો દ્વારા આ રોડ બાબતે અનેક વખત લાગતા વળગતા ખાતાઓમાં લેખિત રજુઆત તથા જનપ્રતિનિધિ તથા પદાધિકારીઓ ને મૌખિક તથા લેખિત રજૂઆતો કરવા છતાં કોઈ આ ખખડધજ રોડ બાબતે નોંધ લેવામાં આવતી નથી અહીં થી મળતી માહિતી મુજબ આ રોડ પાલિકા દ્વારા જે તે સમયે બનવવામાં આવ્યો હતો હાલ જેની જવાબદારી આવે છે. તે ખાતું આંખ આડા કાન કરતું હોય તેવું અહીં જોતા લાગી રહ્યું છે. આ એકદમ સાવ ખરાબ હાલતમાં રોડ હોય અને મસમોટા ખાડા તથા લોખંડનાં સળીયા નીકળી ગયા હોવાથી કોઈ ટુ વ્હીલર ચાલકના વીલ માં આવી જાય અને ન કરે નારાયણ કોઈ ટુ વ્હીલર ચાલકનું ઘટનાસ્થળે કોઈ મોટો અકસ્માત સર્જાય તો જવાબદારી કોની..?? અતિશય બિસ્માર હાલતમાં હોવાથી રોડના સળીયા ઓ દેખાય રહ્યા છે. અને રોડ સાવ મગરમચ્છ ની પીઠ જેવી હાલતમાં હોવાથી વિધાર્થીઓ વિધાર્થિનીઓ તથા શિક્ષકો તથા રાહદારીઓ માટે માથાના દુઃખાવા સમાન હોય અહીં ના રહીશો દ્વારા જણાવેલ કે જે તે સમયે નગરપાલિકા દ્વારા આ આરસીસી રોડ બનાવવા માં આવેલ હોય પરંતુ આ વિસ્તાર ખરેખર નગરપાલિકામાં આવતો હોય તો પાલિકા દ્વારા વિધાર્થીઓ ના હિતમાં આરસીસી રોડ બનાવવામા આવે તેવી વિધાર્થીઓ માંથી માંગ ઉઠી છે.

## ભટકતું મોત ભયમાં જીંદગી લોકોની સલામતી ની જવાબદારી કોની.???

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ શહેરમાં દિવસે ને દિવસે આખલાઓ નો ત્રાસ દિનપ્રતિદિન વધી રહ્યો હોય લોકો ને હાલતા ચાલતા રેઢિયાળ પશુઓ માથા મારતાં જતા હોય અને શાકભાજી પાથરી બેઠેલા લોકોની શાકભાજી માં માલઢોર મોઢું મારતા જતા હોય એવામાં હાકલા પડકારા મારવા છતાં પણ શાકભાજી આરોગી જતા હોય આ શાકભાજી માર્કેટ માં બહોળી સંખ્યામાં મહિલાઓ શાકભાજી ખરીદવા માટે ઉભો હોય ત્યારે આખલાઓ માથું માંરી ફગાવી જતા રહેતા હોય છે. આવા અનેક કિસ્સાઓ બની ગયા હોય અને આવા માલઢોર ના અકસ્માતમાં અનેક વ્યક્તિઓ ના હાથપગ માં ફ્રેક્ચર પણ થાય છે. અનેક વ્યક્તિઓ વિકલાંગ પણ બન્યા હોય છે.

## જૂનાગઢ જિલ્લામાં સરકારી કચેરીઓનાં વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જરૂરી પ્રતિબંધાત્મક જાહેરનામું

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૭ જૂનાગઢ જિલ્લામાં સરકારી કચેરીઓના પરિસરમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુસર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.આ જાહેરનામા મુજબ, કોઈએ ઉપવાસ ધરણા ઉપર બેસવું નહી, જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવા સુત્રોચ્ચાર કરવા નહી, કોઈ પણ વ્યકિતએ લાઠી અગર ઈજા થાય તેવા હથિયાર સાથે સરકારી કચેરીમાં પ્રવેશ કરવો નહી, કોઈ વિસ્ફોટક પદાર્થ અથવા આગ લાગે તેવા પદાર્થો સાથે રાખવા નહી, ચાર કે તેથી વધુ માણસોએ ભેગા થવુ નહી કે સરકારી કચેરીમાં અતિક્રમણ કરવુ નહી અને સરકારી કચેરી આસપાસ કે સરકારી કચેરીના પરિસરમાં ગંદકી / કચરો કરવો નહી. આ જાહેરનામું તા.૧૮/૦૬/૨૦૨૬ થી તા.૧૬/૦૮/૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

૧૨ વર્ષ : વિશ્વાસના, વિકાસના અને જનકલ્યાણના

# પ્રભારી મંત્રીશ્રી કમલેશભાઈ પટેલ અને વનમંત્રી શ્રી પ્રવીણભાઈ માળીના હસ્તે પોલીસ પેરેડ ગ્રાઉન્ડ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

પાલનપુર | બનાસકાંઠા જિલ્લામાં સામાજિક વનીકરણ વિભાગ અને જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે પાલનપુર ખાતે પોલીસ પેરેડ ગ્રાઉન્ડ પર 'એક પેડ માં કે નામ ૩.૦' અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ તથા પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમ બનાસકાંઠાના પ્રભારી મંત્રીશ્રી કમલેશભાઈ પટેલ અને વન તથા પર્યાવરણ રાજ્ય કક્ષાના મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. પર્યાવરણ સંરક્ષણ એ સમયની સૌથી મોટી જરૂરિયાત હોવાથી માત્ર વૃક્ષારોપણ જ નહીં પરંતુ તેનું જતન કરવું પણ એટલું જ જરૂરી છે.એક પેડ માં કે નામ ૩.૦' અભિયાનકાર્યક્રમ અંતર્ગત મહાનુભાવોએ વૃક્ષારોપણ કરી પર્યાવરણ જતનનો સંદેશ આપ્યો હતો.માત્ર વૃક્ષો વાવવા પૂરતું મર્યાદિત નથી, પરંતુ વાવેલા વૃક્ષોના ઉછેર, જતન અને સંરક્ષણ સાથે જોડાયેલ એક જનઆંદોલન છે. પર્યાવરણનું સંરક્ષણ, કુદરતી સંસાધનોનું જતન અને હરિયાળીનું સંવર્ધન કરીને આવનારી પેઢી માટે સ્વચ્છ, સ્વસ્થ અને સમૃદ્ધ પર્યાવરણનું નિર્માણ કરવું એ આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ છે.

આ પ્રસંગે રાજ્ય સભાના સાંસદ શ્રીઓ અનુક્રમે શ્રી બાબુભાઈ દેસાઈ,શ્રી મયંક નાયક, પાલનપુર ધારાસભ્ય શ્રી અનિકેત ઠાકર, ધાનેરા ધારાસભ્ય શ્રી માવજીભાઈ દેસાઈ, સંગઠનના આગેવાન શ્રી કીર્તિસિંહ વાઘેલા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી એમ. જે. દવે, પોલીસ અધિક્ષક શ્રી પ્રશાંત સુંબે, વન વિભાગના અધિકારીઓ, જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ, સામાજિક વનીકરણ વિભાગના અધિકારીઓ, પોલીસ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢમાં મોહરમ તહેવાર કાયદો વ્યવસ્થા જળવાઈ રહે એ માટે નિમિત્તે ટ્રાફિક નિયમનનું જાહેરનામું.

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ,તા.૧૭ આગામી તા.૨૬ જુન મુસ્લીમ બીરાદરોનાં મહોરમ (તાજીયા)નો તહેવાર આવતો હોય તાજીયાનાં સરઘસ દરમ્યાન મોટી સંખ્યામાં મુસ્લીંમ બીરાદરો ઉપસ્થિત રહેવાની સંભાવનાને ધ્યાને લઈને કાયદો અને વ્યવસ્થા જાળવવા, ટ્રાફીકમાં કોઇ અવ્યવસ્થા ઉભી ના થાય તથા સુલેહ અને શાંતી જાળવાઈ તે સારૂ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી બી.એસ.બારડે તેમને મળેલ સત્તાની રૂએ એક જાહેરનામા દ્વારા ગિરનાર દરવાજા અને જવાહર રોડ તરફથી આવે તે સેજની ટાંકીથી દિવાનચોક તરફનો પ્રવેશ બંધ, જગમાલ ચોકથી દિવાન ચોક તરફ વાહનોની પ્રવેશબંધી, સુખનાથ ચોકથી સંઘાડીયા બજાર તરફ આવતા વાહનોની પ્રવેશ બંધી, જગમાલ ચોકથી માંડવી ચોક તરફ આવતા વાહનોની પ્રવેશબંધી, છાયા બજારથી દીવાન ચોક તરફ આવતા વાહનો ની પ્રવેશ બંધી, માલીવાડા થી દિવાન ચોક તરફ આવતા વાહનોની પ્રવેશ બંધી, તથા દાણાપીઠથી સર્કલ ચોક તરફ આવતા વાહનોની પ્રવેશબંધી, ચિતાખાના ચોક થી ઢાલ રોડ તરફ આવવા માટે વાહનોની પ્રવેશબંધી તા. ૨૫-૦૬-૨૦૨૬ નાં સાંજે ૪.૦૦ કલાક થી તા. ૨૭-૦૬-૨૦૨૬નાં સવારના ૭.૦૦ કલાક સુધી પ્રવેશબંધી ફરમાવેલ છે.

# કામધેનુ યુનિવર્સિટીની પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, , જૂનાગઢ ખાતે ખાતે રાષ્ટ્રીય સેવા યોજના (NSS યુનિટ) દ્વારા મહારાણા પ્રતાપ જયંતિની ઉજવણી

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૭ વેટરિનરી કોલેજ, કામધેનુ યુનિવર્સિટી, જૂનાગઢના રાષ્ટ્રીય સેવા યોજના (NSS) એકમ દ્વારા વીર શિરોમણિ મહારાણા પ્રતાપ જયંતિ જેઠ સુદ ત્રીજની શ્રદ્ધાભેર ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત મહારાણા પ્રતાપ ના ચિત્ર સમક્ષ દીપ પ્રાગટ્ય અને પુષ્પાંજલિ અર્પણ કરીને કરવામાં આવી હતી. પ્રસંગોપાત NSS કાર્યક્રમ અધિકારી ડૉ. એસ. વી. માવદિયાએ મહારાણા પ્રતાપના જીવનચરિત્ર, તેમના સાહસ, રાષ્ટ્રપ્રેમ, સ્વાભિમાન અને બલિદાન વિષે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે મહારાણા પ્રતાપે પોતાના સમગ્ર જીવન દરમિયાન સ્વતંત્રતા અને સ્વાભિમાન માટે સંઘર્ષ કરીને ભારતીય ઈતિહાસમાં અમર સ્થાન પ્રાપ્ત કર્યું છે. અધ્યક્ષસ્થાનેથી પ્રિન્સિપાલશ્રી ડો.એમ.ડી. ઓડેદરા એ વિદ્યાર્થીઓને સંબોધતાં જણાવ્યું હતું કે મહારાણા પ્રતાપનું જીવન યુવાનો માટે પ્રેરણાનું અખૂટ ઝરણું છે. તેમના જીવન માંથી કર્તવ્યનિષ્ઠા, નેતૃત્વ, આત્મવિશ્વાસ અને દેશસેવાની ભાવના શીખવા મળે છે. આજના યુવાનો મહારાણા પ્રતાપના આદર્શો ને જીવનમાં આત્મસાત કરીને રાષ્ટ્રનિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન આપી શકે છે. કાર્યક્રમ દરમિયાન NSS સ્વયંસેવક કૈલાશ સોનાગ્રા દ્વારા મહારાણા પ્રતાપના જીવનપ્રસંગો, હલદીઘાટીના ઐતિહાસિક યુદ્ધ તથા તેમના સ્વાભિમાનપૂર્ણ જીવન અંગે વક્તવ્ય રજૂ કરવામાં આવ્યુ હતુ. ઉપસ્થિત વિદ્યાર્થીઓ એ મહારાણા પ્રતાપના આદર્શોને જીવનમાં ઉતારી સમાજ અને રાષ્ટ્રની સેવા માટે કાર્યરત રહેવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમમાં કોલેજના અધ્યાપકશ્રીઓ, અધિકારીશ્રીઓ, કર્મચારીમિત્રો તથા મોટી સંખ્યામાં NSS સ્વયંસેવક વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મોહરમ તહેવારને અનુલક્ષીને જૂનાગઢ જિલ્લામાં કાયદો, વ્યવસ્થા અને જાહેર સુલેહ શાંતી જાળવવા અંગે જાહેરનામું

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ,તા.૧૭ જૂનાગઢ જિલ્લામાં મોહરમના તહેવાર દરમિયાન ઝુલુસ તાજીયા કાઢવામાં આવતા હોઈ, જેમા બહોળી સંખ્યામાં લોકો ભાગ લેતા હોઈ, જેથી કાયદો અને વ્યવસ્થા તથા લોકોમાં સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુસર અધિક જિલ્લાહ મેજસ્ટ્રેટશ્રી બી.એસ. બારડે સત્તાની રૂએ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ - ૩૩ (૧) (એન) અને (ઓ) અન્વ.યે એક આદેશ જારી કરેલ છે. તાજીયા, પંજો, ડોલી, હાથી, ઘોડા, ફેરવવા માટે સંબંધકર્તા વિભાગના સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી પાસેથી ઠરાવેલ મુદતમાં પરવાનગી અગાઉથી મેળવવી પડશે. આવી પરવાનગી પરાપૂર્વથી ફેરવવામાં આવતા તાજીયા માટે અગર માનતાના તાજીયા માટે મુસ્લિમ કોમના કોઈપણ શખ્સને પરવાનગી મેળવનાર શખ્સોએ જ્યારે કોઈપણ પોલીસ અધિકારીશ્રી પરવાનગી જોવા માંગે ત્યારે રજૂ કરવી પડશે. પરવાનગી મેળવનાર શખ્સ પોતે તેમના તાજીયા, પંજો, ડોલી, હાથી, ઘોડા સાથે ફરતી મંડળીના સરઘસના કારણે ફરતા માણસોની વર્તણુક અને સુલેહ શાંતિ ભરી રસમો માટે તે પોતે જવાબદાર રહેશે.

# પાલનપુર ખાતે પ્રભારી મંત્રીશ્રી કમલેશભાઈ પટેલ અને મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીની પ્રેરક ઉપસ્થિતિમાં જિલ્લા કક્ષાનું 'વિકસિત ભારત સંકલ્પ સંમેલન' યોજાયું

પાલનપુર | ૧૨ વર્ષ વિશ્વાસના, વિકાસના અને જનકલ્યાણના' અભિયાન અંતર્ગત પાલનપુર ખાતે જિલ્લા કક્ષાનું વિકસિત ભારત સંકલ્પ સંમેલન યોજાયું હતું. બનાસકાંઠા જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી કમલેશભાઈ પટેલ અને રાજ્યમંત્રીશ્રી પ્રવીણભાઈ માળીની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં પ્રબુદ્ધ નાગરિકોએ ભાગ લીધો હતો.આ પ્રસંગે પ્રભારી મંત્રીશ્રી કમલેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ૭૫ વર્ષની વયે પણ ૧૪૦ કરોડ ભારતીયોના કલ્યાણ માટે સતત કાર્યરત છે. તેમના દ્રષ્ટિવંત નેતૃત્વ અને અવિરત પરિશ્રમના કારણે ભારત આજે વિકાસના નવા શિખરો સર કરી રહ્યું છે.મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ભારત અને ગુજરાત સેવા, પરોપકાર અને અન્નદાનની પવિત્ર પરંપરાની ભૂમિ છે. કોરોના મહામારીના કપરા સમયમાં કેન્દ્ર સરકારે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના દ્વારા ૮૧ કરોડથી વધુ લોકોને મફત અનાજ પહોંચાડીને અન્ન સુરક્ષાનું અભૂતપૂર્વ કાર્ય કર્યું હતું. સાથે જ આયુષ્માન ભારત યોજના દ્વારા કરોડો પરિવારોને આરોગ્ય સુરક્ષાનું કવચ પ્રાપ્ત થયું છે, જે સરકારની જનકલ્યાણ પ્રત્યેની પ્રતિબદ્ધતાનું ઉત્તમ ઉદાહરણ છે.મંત્રીશ્રીએ જણાવ્યું કે, વીજળી, પાણી, આવાસ અને આર્થિક સશક્તિકરણના ક્ષેત્રોમાં છેલ્લા વર્ષોમાં ઐતિહાસિક પરિવર્તન આવ્યું છે. જ્યોતિગ્રામ યોજના દ્વારા ગામડાઓમાં ૨૪ કલાક વીજળી ઉપલબ્ધ બની છે, જ્યારે જલ જીવન મિશન હેઠળ કરોડો પરિવારોના ઘરો સુધી નળ દ્વારા પીવાનું પાણી પહોંચાડવામાં આવ્યું છે. પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત કરોડો પરિવારોને ઘર મળ્યાં છે અને જનધન યોજના દ્વારા ૫૬ કરોડથી વધુ બેંક ખાતાં ખોલાવીને નાણાકીય સમાવેશને વેગ મળ્યો છે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં આશરે ૨૫ કરોડ લોકોને ગરીબી રેખામાંથી બહાર લાવવાનું કાર્ય પણ શક્ય બન્યું છે.આ પ્રસંગે રાજ્યમંત્રીશ્રી પ્રવીણભાઈ માળીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાનો સંકલ્પ લીધો છે. આ સંકલ્પ માત્ર આર્થિક વિકાસ પૂરતો મર્યાદિત નથી, પરંતુ ભારતના સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસાને જાળવી રાખીને સર્વાંગી વિકાસ હાંસલ કરવાનો છે. "એક પેડ માંના નામે" જેવા અભિયાનો દ્વારા સમાજમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવવાની સાથે પરિવાર અને સંસ્કારો સાથેનો ભાવનાત્મક સંબંધ પણ મજબૂત કરવામાં આવી રહ્યો છે.

# જૂનાગઢમાં મહોરમનાં પવિત્ર તહેવારમાં જાહેરમાં પશુઓની કતલ કરવા પર પ્રતિબંધ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ,તા.૧૭ આગામી તા.૨૬ જુનનાં રોજ મહોરમનો તહેવાર આવતો હોય કાયદો અને વ્યાવસ્થા જાળવવા માટે સુલેહશાંતી અર્થે સાવચેતીનાં પગલા લેવા તાત્કાલીક અસરથી તા.૨૭/૦૬/૨૦૨૬ સુધી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી બી.એસ. બારડે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ (૧) અન્વયે જૂનાગઢ જિલ્લા ના તમામ શહેરો, ગામડાઓ, તથા કસ્બાઓ ના વિસ્તારમાં કોઈપણ ઢોર, પશુઓની કતલખાના બહાર જાહેર જગ્યાઓ કે શેરીઓમાં કતલ કરવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. આ જાહેરનામા ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

# ભારત વિકાસ પરિષદ કેશોદ દ્વારા વાર્ષિક પરિવાર મિલન અને ઇનામ વિતરણ સમારોહ યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

કેશોદ તા.૧૭ : ભારત વિકાસ પરિષદ, કેશોદ શાખા દ્વારા વાર્ષિક પરિવાર મિલન તથા મેડલ-ઈનામ વિતરણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત પ્રમુખશ્રી આર.પી. સોલંકીના સ્વાગત પ્રવચન અને નગરપાલિકા પ્રમુખશ્રી પ્રતીક્ષાબેન દેવળીયા સહિતના મહાનુભાવો ના હસ્તે દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી.

# સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે 'બાયોફર્ટીલાઈઝર પ્રોડક્શન યુનિટ'નું ઉદ્ઘાટન કરાયું

પાલનપુર | સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીની બેઝિક સાયન્સ એન્ડ હ્યુમેનિટીઝ મહાવિદ્યાલયના માઈક્રોબાયોલોજી વિભાગ ખાતે 'બાયોફર્ટીલાઈઝર પ્રોડક્શન યુનિટ'નું કુલપતિ ડૉ. એસ. ડી. સોલંકીના વરદ હસ્તે વિધિવત ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ ગરિમામય પ્રસંગે મહાવિદ્યાલયના આચાર્ય અને સંશોધન નિયામક ડૉ. એચ. એસ. ભદૌરિયા, વિસ્તરણ શિક્ષણ નિયામક ડૉ. પી. એસ. પટેલ, કુલસચિવ ડૉ. પી. ટી. પટેલ, હિસાબ નિયામક ડૉ. એસ. કે. શાહ, કાર્યપાલક ઈજનેર ડૉ. આલોક ગોરા તેમજ અન્ય મહાવિદ્યાલયોના આચાર્યશ્રીઓ અને વિવિધ સંશોધન કેન્દ્રોના વડાઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમ દરમિયાન માઈક્રોબાયોલોજી વિભાગના વડા ડૉ. આબિદઅલી ભગતે ઉપસ્થિત મહાનુભાવોને બાયોફર્ટીલાઈઝરના ઉત્પાદનના વિવિધ તબક્કાઓ તેમજ તેના વપરાશની વૈજ્ઞાનિક પદ્ધતિઓથી વિગતવાર વાકેફ કર્યા હતા. આ અવસરે સંબોધન કરતા માનનીય કુલપતિ ડૉ. એસ. ડી. સોલંકીએ આશા વ્યક્ત કરી હતી કે, યુનિવર્સિટી દ્વારા ઉત્પાદિત પ્રવાહી બાયોફર્ટીલાઈઝરના ઉપયોગથી વિવિધ સંશોધન કેન્દ્રો અને ખેડૂતોની રાસાયણિક ખાતરો પરની નિર્ભરતા ઘટશે, ઉત્પાદન ખર્ચ ઓછો થશે અને જમીનની ફળદ્રુપતામાં લાંબા ગાળે નોંધપાત્ર વધારો થશે.યુનિવર્સિટીના આ સરાહનીય પ્રયાસને બિરદાવતા માનનીય કુલપતિશ્રી તેમજ અન્ય સર્વે ઉચ્ચ અધિકારીશ્રીઓએ માઈક્રોબાયોલોજી વિભાગની અધ્યાપક ટીમ–ડૉ. આબિદઅલી ભગત, ડૉ. યોગેશ પટેલ અને ડૉ. મૃગેશ પટેલને આ પ્રોડક્શન યુનિટને સફળતાપૂર્વક કાર્યરત કરવા બદલ હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. આ યુનિટ આગામી સમયમાં ટકાઉ ખેતી (Sustainable Farming) ક્ષેત્રે આશીર્વાદરૂપ સાબિત થશે તેમ સરદાર કૃષિનગર કૃષિ યુનિવર્સિટી દ્વારા એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# સોશિયલ મીડિયા પર ફોટા વાયરલ કરનાર સાયબર ક્રાઈમનો આરોપી સાપુતારા પોલીસના સકંજામાં.



ડાંગ | ડાંગ જિલ્લાનાં પોલીસ અધિક્ષક પૂજા યાદવ તેમજ આહવા વિભાગના નાયબ પોલીસ અધિક્ષક કૈલાશ ડિમરી દ્વારા નાસતા-ફરતા, વોન્ટેડ આરોપીઓ અને અનડીટેકટ (ન ઉકેલાયેલા) ગુનાઓ શોધી કાઢવા માટે કડક સૂચનાઓ આપવામાં આવી હતી.આ આદેશોને પગલે સાપુતારા પોલીસ સ્ટેશને એક મોટી સફળતા મેળવી છે. છેલ્લા એક મહિનાથી વણઉકેલાયેલા સાયબર ક્રાઈમના એક ગુનાનો ભેદ ઉકેલીને સાપુતારા પોલીસે આરોપીને ઝડપી પાડ્યો છે. મળતી માહિતી મુજબ, ભોગ બનનાર વ્યક્તિના ફોટા ઈન્સ્ટાગ્રામ પર વાયરલ કરીને સાયબર ગુનો આચરવામાં આવ્યો હતો. આ અંગે સાપુતારા પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૭૮(૧)(ii) તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટ ૨૦૦૦ની કલમ-૬૬(સી) અને ૬૭ મુજબ ગુનો નોંધાયો હતો.સાપુતારા પોલીસ મથકનાં પી.આઈ.કે.બી.સાંખલાની ટીમે હ્યુમન સોર્સ તેમજ ટેકનિકલ સોર્સની મદદથી ઝીણવટભરી તપાસ હાથ ધરીને આ ગુનામાં સંડોવાયેલા આરોપી વિજયભાઈ મુકુંદભાઈ પવાર (ઉંમર વર્ષ ૨૬, રહે. પીપલપાડા (ગલકુંડ), તા. આહવા, જી. ડાંગ) ને ઝડપી પાડી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે..

# મરીન નેશનલ પાર્ક, જામનગર અને ભક્તકવિ નરસિંહ મહેતા વિશ્વ વિદ્યાલય જૂનાગઢ સંયુક્ત ઉપક્રમે સમુદ્રી કાચબા દિવસની ઉજવણી અંતર્ગત કાર્યશાળા યોજાઈ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૭, મરીન નેશનલ પાર્ક, જામનગર તથા સેન્ટર ઑફ એક્સેલન્સ ફોર વાઈલ્ડલાઈફ એન્ડ કન્ઝર્વેશન સ્ટડીઝ, ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ દ્વારા સંયુક્ત ઉપક્રમે વન વિભાગ ના અધિકારીઓ, ફ્રન્ટલાઈન વનકર્મીઓ, વિદ્યાર્થીઓ, સંશોધકો તથા વન્યજીવ સંરક્ષણ ક્ષેત્રના વ્યાવસાયિકોની ઉપસ્થિતી માં ઓખા-મઢી, દ્વારકા ખાતે એક દિવસીય ફીલ્ડ આધારિત "સમુદ્રી કાચબા સંરક્ષણ કાર્યશાળા"નું આયોજન કરવામાં આવ્યું હતું. આજની કાર્યશાળા સમુદ્રી કાચબાના મહત્વ વિશે જાગૃતિ ફેલાવવા, અને તેમના સંરક્ષણ માટે લોકોમાં જવાબદારીની ભાવના વિકસાવવાનો છે.

# કેશોદનાં દિપકભાઇ જોષીએ સંસ્કૃત વિષયે પીએચ.ડીની પદવી હાંસલ કરી

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૭, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી જૂનાગઢ ખાતે દિપકભાઇ મનસુખભાઇ જોષીનાં પીએચ.ડી ફાઇનલ વાઇવા એન. પી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, કેશોદનાં એસોસિએટ પ્રોફેસર ડૉ. લીલાવંતી બી. કાછડિયાનાં માર્ગદર્શનમાં - વિષયે ગોવંદગુરૂ યુનિવર્સીટીનાં સંસ્કૃત વિભાગનાં એસોસીયેટ પ્રોફેસર ડૉ. ભાવપ્રકાશ ગાંધીની બાહ્ય પરીક્ષક તરીકે ઓનલાઇન મોડથી ઉપસ્થિતીમાં યોજાયેલ તે વેળાએ દિપકભાઇ જોષીનાં શોધપત્રને સ્વીકૃતિ મળતા યુનિવર્સીટીનાં કુલપતિ પ્રો.(ડો.) પ્રતાપસિંહજી ચૌહાણે તુરંત પ્રોવિઝનલ સર્ટીફિકેટ અને નોટીફિકેશન દિપકભાઇને અર્પણ કરી શુભકામનાં પાઠવી હતી. પ્રો. પ્રતાપસિંહજી ચૌહાણે શોધસ્કોલર્સ દિપકભાઇ જોષીનાં શુક્લ યજુર્વેદ પૃથવીતત્વમ: એકમધ્યયનમ વિષયે સંસ્કૃતમાં શોધક્ષેત્રે કરેલ અભ્યાસની સહાના કરી જણાવ્યુ હતુ કે સંસ્કૃત ભાષા એ વિશ્વની સૌથી પ્રાચીન અને વૈજ્ઞાનિક ભાષા છે, જેને દેવભાષા' પણ કહેવાય છે,તે માત્ર એક ભાષા નથી, પરંતુ ભારતીય સંસ્કૃતિ, જ્ઞાન-વિજ્ઞાન, અને આધ્યાત્મિકતા નો મુખ્ય આધાર છે. સાહિત્ય અને જ્ઞાનનો ભંડાર એવી સંસ્કૃત ભાષામાં લખાયેલ વેદો, ઉપનિષદો, રામાયણ અને મહાભારત જેવા મહાન ગ્રંથો જીવન જીવવાની સાચી રીત (ધર્મ, અર્થ, કામ, મોક્ષ) શીખવે છે. સંસ્કૃત ભાષાનું વ્યાકરણ એટલું સચોટ છે કે શબ્દો નો ક્રમ બદલવા છતાં વાક્યનો અર્થ બદલાતો નથી, તે કમ્પ્યુટર અને પ્રોગ્રામિંગ માટે સૌથી યોગ્ય ભાષા માનવામાં આવે છે. ગુજરાતી, હિન્દી, મરાઠી, બંગાળી સહિતની મોટા ભાગની ભારતીય ભાષાઓનો ઉદ્ભવ સંસ્કૃતમાંથી જ થયો છે.

# જેતપુર શહેરના સમસ્ત મુસ્લિમ લોકોએ તાજીયા ટાઢા કરવા માટે જૂનાગઢ જિલ્લાની હદમાં પ્રવેશવા પર પ્રતિબંધ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૭. મોહરમ તાજીયાના સબબ રાજકોટ જિલ્લાના જેતપુર શહેરમાં આવતું હોય અને આ તાજીયા ટાઢા કરવા માટે જૂનાગઢ જિલ્લાના માંગરોળ બારા ખાતે લઈ જવામાં આવતા હોય છે. ત્યારે જાહેર સુલેહ શાંતિ તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી બી.એસ.બારડે સત્તાની રૂએ જાહેરનામું બહાર પાડી જેતપુર શહેરના તાજીયા માંગરોળ બારામાં ટાઢા કરવા જવા પર પ્રતિબંધ મૂક્યો છે. આ જાહેરનામા મુજબ આ તાજીયા જેતપુરથી જૂનાગઢ જિલ્લાની ચોકી સોરઠથી શરૂ થતી હદમાં હાઈ-વે ઉપર કે, અન્ય કોઈ માર્ગે લઈ જવા પ્રવેશવું નહીં તેમજ ધોરાજીથી જૂનાગઢના રોડ ઉપર પણ જૂનાગઢ જિલ્લાના ઝાલણસર થી શરૂ થતી હદમાં પ્રવેશવું નહીં.

# ૬૫મી આંતરરાષ્ટ્રીય સુબ્રટો ફૂટબોલ સ્પર્ધા: જૂનાગઢ શહેર અને ગ્રામ્ય કક્ષાના કાર્યક્રમો જાહેર

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ,તા. ૧૭ સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત અને જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, જૂનાગઢ દ્વારા ચાલુ વર્ષે ૬૫મી સુબ્રટો કપ ઈન્ટરનેશનલ ફૂટબોલ સ્પર્ધા-૨૦૨૬-૨૭ નું ભવ્ય આયોજન કરવામાં આવનાર છે. આ સ્પર્ધા અંતર્ગત જૂનાગઢ શહેર અને ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક તમામ સરકારી તથા ખાનગી શાળાઓના ખેલાડીઓ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતી શાળાઓએ સત્તાવાર વેબસાઈટ www.subrotocup.in પર જઈને વયજૂથ અનુસાર પોતાના ખેલાડીઓ ની ઓનલાઈન એન્ટ્રી ફરજીયાતપણે કરવાની રહેશે. ઓનલાઈન કરેલ એન્ટ્રી પ્રવેશ પત્રની નકલ તા.૨૫/૦૬/૨૦૨૬ સુધી માં જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, જૂનાગઢ ખાતે મોકલી આપવાની રહેશે. એક શાળા માંથી એક વય જૂથમાં માત્ર એક જ ટીમ ભાગ લઈ શકશે. વય જૂથ અને કટ ઓફ તારીખ માટે અંડર-૧૫ સબ જુનિયર (ભાઈઓ): ૦૧/૦૧/૨૦૧૨ કે ત્યાર પછી જન્મેલા (ધોરણનો કોઈ બાધ નથી). અંડર-૧૭ જુનિયર (ભાઈઓ): ૦૧/૦૧/૨૦૧૦ કે ત્યાર પછી જન્મેલા (ધોરણનો કોઈ બાધ નથી).અંડર-૧૭ જુનિયર (બહેનો): ૦૧/૦૧/૨૦૧૦ કે ત્યાર પછી જન્મેલા (ધોરણનો કોઈ બાધ નથી).

# જૂનાગઢમાં ગુજરાત સરકારે રૂ.૭૪ કરોડના ખર્ચે ઉપરકોટ કિલ્લાના નવીનીકરણથી કાયાપલટ કરી: ૬૨ એકરમાં ફેલાયેલા ઉપરકોટ કિલ્લાને ૧૭.૫૦ લાખ પ્રવાસી ઓએ માણ્યો.

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ, તા.૧૭: જૂનાગઢમાં ગરવા ગિરનારની ગોદમાં આવેલો અને ઈતિહાસની અગણિત ઘટનાઓનો સાક્ષી રહેલ ઉપરકોટ નો કિલ્લો આજે સદીઓપછી પણ અડીખમ છે. ઈતિહાસની અનેક યાદોને સાચવીને બેઠેલા ઉપરકોટ કિલ્લાના નવીનીકરણથી તેની સિકલ-સુરત બદલાઈ છે. સમયના વહેણ સાથે ઝાંખી પડેલી આ વિરાસતને ગુજરાત સરકારે નવી ભવ્યતા પ્રદાન કરી છે. આ કિલ્લાના બદલાયેલા રંગ-રૂપે પ્રવાસીઓને એટલા જ ઘેલા કર્યા છે, જેના પરિણામે વીતેલા આશરે અઢી-પોણા ત્રણ વર્ષના સમયગાળામાં જ ૧૭.૫૦ લાખથી વધુ પ્રવાસીઓ આ ભવ્ય વારસાની મુલાકાત લઇ ઈતિહાસને નજીકથી માણી ચૂક્યા છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલી 'વિકાસ ભી, વિરાસત ભી' નેમને સાકાર કરતા ઉપરકોટના કિલ્લાનું ગુજરાત સરકારે અંદાજે રૂ. ૭૪ કરોડના ખર્ચે નવીનીકરણ કર્યું હતું, જેથી જૂનાગઢના પ્રવાસનને નવો વેગ મળ્યો છે. ઉપરકોટના કિલ્લાની ઐતિહાસિક ઝાંખી કરાવતા બહાઉદ્દીન વિનયન કોલેજના ઈતિહાસ વિભાગના અધ્યક્ષ ડૉ. ભરત રાઠોડ જણાવે છે કે, ઉપરકોટ ગુજરાત જ નહીં સમગ્ર ભારતના ઈતિહાસમાં મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. ઈસવીસન પૂર્વે બીજી-ત્રીજી સદીમાં નિર્માણ પામેલ ઉપરકોટના કિલ્લાનું મૌર્ય શાસકોએ નિર્માણ કરાવ્યું હતું. કાળક્રમે અનેક શાસકોનું આ કિલ્લા પર આધિપત્ય રહ્યું.

# બ્રહ્મ વિવાહને સર્વ શ્રેષ્ઠ વિવાહ ધર્મની દ્રષ્ટિએ માનવામાં આવ્યા છે

લગ્ન બંધન? ભારતીય હિન્દુ સંસ્કૃતિ એ વિશ્વની અન્ય સંસ્કૃતિ કરતા સાવ અલગ 'વસુદેવ કુટુમ્બકમ' ની છે.મનુ સ્મૃતિ માં સોળ સંસ્કાર ની સાથે "કુટુંબ પ્રથા" ને મહત્વ આપતા વિવાહ બંધન ના આઠ પ્રકાર વર્ણવ્યા છે. બ્રહ્મ વિવાહ,દેવ વિવાહ, આર્ષ વિવાહ,પ્રજાપત્ય વિવાહ, ગાંધર્વ વિવાહ,રાક્ષસ વિવાહ,પિશાચ વિવાહ વગેરે વગેરે આઠ પ્રકારે સ્ત્રી પુરુષ ના વિવાહ થાય છે. બ્રહ્મ વિવાહ ને સર્વ શ્રેષ્ઠ વિવાહ ધર્મ ની દ્રષ્ટિ એ માનવા માં આવ્યા છે. સ્ત્રી પુરુષ ના આઠ પ્રકારે વિવાહ સબંધો માં ચાર ને ઉતમ માનવામાં આવ્યા છે અને અન્ય ચાર ને ધર્મ ની વ્યાખ્યા કરતા કનિષ્ક માનવામાં આવે છે. સતયુગ,ત્રેતા અને દ્વાપર યુગ માં ધરા પર ધર્મ પ્રભુત્વ હતું એટલે જ સાત ભવ સુધી નો વિવાહ સબંધ માનવા માં આવતા. સ્ત્રી પુરુષ બન્ને વિવાહ બંધન મા બંધાયા બાદ મંગળ ચિન્હો સાથે સંસ્કાર ને આજીવન ધારણ કરતા હતા.

શાસ્ત્ર કહે છે કે પતિ ગમે તેવો હોય નિર્ધન કે રોગિષ્ટ છતાંય સ્ત્રીઓ એ એની અહેવાલના કે ત્યાગ કરવો જોઈએ નહી.સ્ત્રીઓ માટે પતિ એના જીવન નું "રક્ષા કવચ" સમાન છે. સ્ત્રીને નિસહાય જાણી ને સાથ આપવાનું અને સાથે રાખવાનું ખોટું વચન તો બધા આપશે પણ નિભાવવાની વાત આવશે ત્યારે અધ વચ્ચે છોડીને ભાગી જશે.વિવાહ બંધન મા બંધાયેલ પુરુષ જ સ્ત્રી ને આજીવન સાથ આપી શકવા સક્ષમ હોય છે. રાજા શર્યાતી ની કોમળ ફૂલ જેવી કુંવરી સુકન્યાનું ધ્યાન સખીઓ સાથે વન ભ્રમણ કરતા કરતા અચાનક રાફડા માં દેખાતી ચમકતી ચીજ પર પડ્યું. કુતૂહલ વશ કુંવરી સુકન્યા એ રાફડા ની અંદર થી બહાર તાકતી આંખો અસલી છે કે નકલી જાણવા માટે બાવળ ના કાંટા આંખ માં ભોંકી દીધા. જેવી કાંટા ની સુલ આંખ માં ભોંકાય એ ભેગા આંખો માંથી લોહીની ધારા વહેવા લાગી. સુકન્યા એ અજાણતા વૃદ્ધ ચ્યવન ઋષિની આંખો ફોડી નાખી હતી છતાંય તુરંત ભૂલ સમજતા ફૂલ થી પણ કોમળ સુકન્યા એ પિતાની સહમતિ લઈને ચ્યવન ઋષિ ની સાથે રાજી ખુશી થી વિવાહ કર્યા હતા.ક્યારેય સુકન્યા એ ખુલ્લા પગે જમીન પર પગ મૂક્યો નહતો પણ ઋષિ પત્ની બન્યા બાદ રાજાની કુંવરી ના સ્વાંગ ત્યજી ને આદર્શ ઋષિ પત્ની બની ગયા હતા.

જ્યારે સ્વર્ગ ના દેવતા અશ્વિની કુમાર એ સુકન્યા ને વરદાન માંગવા નું કહ્યું ત્યારે એણે પોતાના માટે માંગવા ને બદલે ચ્યવન ઋષિ ને આંખો નું તેજ પાછું મળે એવું વરદાન માંગ્યું હતું. આદર્શ સ્ત્રી સુકન્યા ના પતિવ્રતા ધર્મ થી ખુશ થઈ ને સ્વર્ગ ના દેવ અશ્વિનીકુમારો એ ચ્યવન ઋષિ ને આંખો ના અજવાળા સાથે યુવાની નું પણ વરદાન આપી ને અદ્રશ્ય થઈ ગયા. જ્યારે ચ્યવન ઋષિ ને આંખોનું તેજ મળ્યું ત્યારે એની નજર પતિવ્રતા પત્ની સુકન્યા પર પડતાં એ અંદર થી ખૂબ દુઃખી થયા. ચ્યવન ઋષિ એ મુખ અને શરીર નું તેજ ગુમાવી ચૂકેલ પત્ની ને તપોબળ થી પુન: સુંદર સુંદરી બનાવી દીધી હતી. લલિતા ઉપાખ્યાન માં માતાજી કહે છે કે જે દેવી જીવ હોય છે એ ધર્મ ને અનુસરી ને સોળ સંસ્કાર માનો એક વિવાહ સંસ્કાર ની પવિત્રતા ને આજીવન બંધન સમજી ને નિભાવે છે.



વિવાહ બંધન.

- રુપાલી દવે

ચ્યવન ઋષિની પત્ની સુકન્યા એ સત યુગ ની હતી એટલે રાજા ની કુંવરી હોવા છતાંય ધાર્મિક આચાર ના સંસ્કાર ને અનુસરતી હતી.રાજા શર્યાતી ખુદ ધાર્મિક પરંપરા અનુસાર સ્ત્રી પુરુષ ના ધર્મ ને પ્રોત્સાહન આપતો હતો. કળયુગ નું પ્રથમ ચરણ ચાલતું હતું ત્યાં સુધી માતા પિતા નો "દીકરી તો પારકી થાપણ કહેવાય કે દીકરી ને ગાય દોરે ત્યાં જાય" હતો. દીકરીઓને ખૂબ ભણાવવા કરતા પરિવાર ના સંસ્કાર ને આજીવન જાળવવા નું શીખવામાં આવતું હતું. સાસરિયા ની ફરિયાદ લઈને આવતી દીકરી ને માબાપ સલાહ આપતા હતા કે ધીરજ રાખ બધું સરખું થઈ જશે બધા સંપૂર્ણ નથી હોતા નાની મોટી ખોટ તો બધામાં હોવાની. ભૂલ થી પણ દીકરી પતિ થી અલગ થવાની વાત કરે તો "કૂવો શોધી લેજે પણ ઘરે ન આવતી" બોલતા હતા.શું ત્યારે માબાપ ને દીકરીઓ પ્રત્યે લાગણીઓ નહતી? શું એ બધા બેદરકાર હતા? ના બિલકુલ નહી. અચાનક એક સિટી માંથી બીજા સિટી માં રહેવા જઈએ છીએ ત્યારે બીજા સિટી માં એડજેસ્ટ થતા મહિનાઓ લાગી જાય છે.જે પરિવાર સાથે વીસ એકવીસ વર્ષ વિતાવ્યા હોય અચાનક લગ્ન બાદ તેને છોડીને સાવ અજાણ્યા ઘરમાં વસ્તા લોકો સાથે વસવું પડે તો સમસ્યા થાય સ્વભાવિક છે. લગ્ન જીવન ની પ્રારંભિક સમસ્યા માં દીકરીઓને માબાપ ની સાચી સલાહ અને સાથ સહકાર મળશે તો એનું લગ્ન જીવન ખુશખુશાલ ભાગવા દોડવા લાગશે.હિન્દુ ધર્મમા એક ભવ માં બીજો ભવ સ્ત્રી પુરુષ બન્ને હયાત હોય ત્યાં સુધી થતો નથી.

મનુ સ્મૃતિ માં વર્ણવેલા સોળ સંસ્કાર એટલે કે નામ કરણ સંસ્કારની જેમ જ વિવાહ બંધન પણ સોળ સંસ્કાર નો ભાગ છે. કન્યા દાન નું ફળ શાસ્ત્ર એ અતિ ઉતમ ગણ્યું છે. એક કન્યા દાન બરોબર સો અશ્વ મેઘ ના ફળ ની પ્રાપ્તિ થાય છે.બ્રહ્મ વિવાહ એ માત્ર સ્ત્રી પુરુષ નું જ બંધન નથી બન્ને ના પરિવારના સબંધ અને ઋણાનું બંધનનો પવિત્ર સંયોગ માનવામાં આવે છે. બન્નેના પરિવાર ની આપસી સમજૂતી ને લીધે જ સ્ત્રી પુરુષ ની ખાટી મીઠી ગૃહસ્થી આજીવન પ્રેમથી બાળકોના કલશોરમાં ગુંજ્યા કરે છે.

કળયુગ એ ધરા પર પદાર્પણ કર્યું છે ત્યાર થી મનુ સ્મૃતિ માં ઉલ્લેખ થયેલ ઉતમ પ્રકાર ના વિવાહ બંધન ટકતા નથી.આ કારણોસર સારા સંસ્કારી પરિવાર ના દીકરાઓ ને બ્રહ્મ વિવાહ ના પ્રકારે થતા લગ્ન સંસ્થા પરથી ભરોસો ઊઠી ગયો છે.અસ્વીકૃત કનિષ્ક અન્ય ચાર પ્રકારના ગાંધર્વ વિવાહ,આસુરી વિવાહ,રાક્ષસ વિવાહ, પિશાચ વિવાહ નો દબદબો વધ્યો છે.ગાંધર્વ વિવાહ,આસુરી વિવાહ,રાક્ષસ વિવાહ અને પિશાચ વિવાહ વિધિ માં છૂટાછેડા નામક શબ્દ નો છેદ ઉડી જાય છે,કેમ? અસ્વીકૃત કનિષ્ક વિવાહ સબંધ માં દીકરી ના લગ્ન બાદ એના માતા પિતા નો રોલ રહેતો નથી.પુરુષની ગૃહસ્થી આજીવન સમસ્યા વગર આપસી સમજૂતી થી ચાલ્યા કરે છે. કેમ? મોટાભાગ ના ધામધૂમ થી થયેલ બ્રહ્મ વિવાહ સબંધ માં અધધ રૂપિયા ના ખર્ચ સાથે છૂટાછેડા ની રકમ ત્રીસ ચાલીસ લાખ થી વધારે રકમમાં સારા સારા પરિવારો દેવા માં ડૂબી જતા હોય છે.ભૂલ થી છોકરીના ભાઈ અને બાપા પોલીસ માં કે કોર્ટ માં નોકરી કરતા હોય તો એ લોકો તરફ થી છોકરાના પરિવાર ને સખત પરેશાની સહન કરવી પડતી હોય છે. સરકારે સ્ત્રીઓ ના લાભાર્થે બનાવેલ કડક નિયમો માં નાનો મોટો ફેરફાર કરવાની જરૂર છે.આમ જ ચાલતું રહેશે તો ભારત દેશ માં હિન્દુ ની વસ્તી ઘટશે. "દીકરી ના ઘરનું પાણી ન પીવાય"કહેવત કળયુગ માં નામશેષ થઈ ગઈ છે. આજકાલ બનતા "એલિમની મની" ની લાલચે વધતા જતાં છૂટાછેડા ના કેસ સાચા કે ખોટા ની ચકાસણી માટે સરકારે ખાસ કમિટી બનાવવાની આવશ્યકતા ઉભી થઈ છે. વિવાહ બંધન એ રમત નથી બે લોકો સાથે સમગ્ર પરિવારનો જીવન મરણ નો સવાલ છે.




# 'સીતા આજે જાતે લંકા બાળશે'

## ચુલબુલી આલિયા અને શર્વરીની જોરદાર મારધાડ, 'લોર્ડ બોબી'ના ચક્રવ્યૂહને ભેદવા તૈયાર; 'આલ્ફા'નું ટ્રેલર રિલીઝ

(એજન્સી) મુંબઇ | તા 17

આલિયા ભટ્ટની લાંબા સમયથી રાહ જોવાતી હાઈ-ઓક્ટેન એક્શન પેક્ડ ફિલ્મ 'આલ્ફા'નું ટ્રેલર રિલીઝ કરવામાં આવ્યું છે. યશ રાજ ફિલ્મ્સની સ્પાય યુનિવર્સની આ ફિમેલ લીડ ફિલ્મનું 2.33 સેકન્ડનું ટ્રેલર જોઈ આંખ પલકારવાનું ભૂલી જવાય છે. ચુલબુલા અંદાજ માટે જાણીતી આલિયા ભટ્ટ અને શર્વરી વાઘનો મારધાડવાળો અવતાર આશ્ચર્યમાં મૂકી દે છે. ટ્રેલરમાં લોર્ડ બોબીનો એક જૂદો જ પણ ખતરનાક અંદાજ જોવા મળી રહ્યો છે.

ઘમંડી રાક્ષસે રાજકુમારીને કેદ કરી ટ્રેલરની શરૂઆત ફતેહ (બોબી દેઓલ)થી થાય છે, જે નાનકડી બાળકીને પોતાના ઘમંડથી ઊભા કરેલા સામ્રાજ્યમાં કેદ કરી લે છે અને તેને તેની માતા જાનકીના નામ પરથી સીતા (આલિયા ભટ્ટ) નામ આપે છે અને તેને ખતરનાક તાલીમ આપે છે.

ટ્રેલર એક નરેશન સાથે આગળ વધે છે, જેમાં સીતા (આલિયા) જણાવે છે કે, કેવી રીતે એક રાક્ષસ રાજકુમારીનું અપહરણ કરી લે છે અને તેને લાગે છે કે રાજકુમારીના નસીબનો તેણે ફેંસલો કરી નાખ્યો છે. જોકે, આ વખતે વાર્તામાં ટ્વિસ્ટ છે.

સીતા જાતે લંકા બાળવાનો પ્રણ લે છે' સીતા આજ લંકા ખૂદ જલાને વાલી હૈ' ડાયલોગ સાથે મોટી થઈ ગયેલી સીતા (આલિયા) ફતેહ (બોબી)ની લંકાને બાળવા માટેનો પ્રણ લે છે. આલિયા ભટ્ટનો અત્યારસુધી ન જોયેલો એક્શનથી ભરપુર અંદાજ અને હથિયારો પર પકડ જોવા મળે છે.

શર્વરી સાથે જીવ સટોસટીની લડાઈ આ જંગ દરમિયાન તેનો સામનો શર્વરી સાથે થાય છે. શરૂઆતમાં આલિયા શર્વરી પર વિશ્વાસ મૂકતા અચકાય છે, બંને વચ્ચે હેન્ડ-ટુ-હેન્ડ કોમ્બેટ એક્શન જોવા મળે છે. જીવ સટોસટીની લડાઈ બાદ બંને વચ્ચે મિત્રતાની ઝલક પણ જોવા મળે છે. બંને રાક્ષસના સામ્રાજ્યને ધ્વસ્ત કરવા હાથ મિલાવે છે.

ટ્રેલરના અંતે રહસ્યમય માણસની એન્ટ્રી અનિલ કપૂર આલિયાને ફતેહના 'આલ્ફા' મિશન વિશે ચેતવતા અને હિંમત આપતા જોવા મળે છે. જોકે, ટ્રેલરના અંતમાં એક રહસ્યમય માણસની એન્ટ્રી થાય છે, જે વાર્તામાં મોટો વળાંક લાવશે.

'આલ્ફા' 3 જુલાઈએ રિલીઝ થશે આ યશ રાજ ફિલ્મ્સના સ્પાય યુનિવર્સની 7મી અને ફીમેલ લીડવાળી પહેલી ફિલ્મ છે. આલિયા ભટ્ટ, શર્વરી વાઘ, બોબી દેઓલ અને અનિલ કપૂર ફિલ્મમાં મુખ્ય ભૂમિકાઓમાં છે.

ફિલ્મમાં હ્રતિક રોશનનો કેમિયો જોવા મળશે. ફિલ્મ 3 જુલાઈના રોજ રિલીઝ થવા માટે શેડ્યૂલ છે. ફિલ્મનું ડિરેક્શન શિવ રવૈલે કર્યું છે.



# 'ગોવિંદાના માથામાં વાળ નથી, હેર પેચ લગાવે છે'

(એજન્સી) મુંબઇ | તા 17

ગોવિંદાની પત્ની સુનીતા આહુજાએ નવા પોડકાસ્ટમાં ફરી એકવાર પતિની મજાક ઉડાવી છે. તેમણે દાવો કર્યો છે કે, જ્યારે તે ગોવિંદાને પહેલા મળ્યા હતાં, ત્યારે તે ખૂબ સ્માર્ટ હતા, જોકે હવે ગોવિંદાના માથામાં વાળ નથી, જેને છુપાવવા માટે તે હેર પેચનો ઉપયોગ કરે છે.

'મેશેબલ ઈન્ડિયા'ને આપેલા ઈન્ટરવ્યુમાં સુનીતાએ ગોવિંદા સાથેની શરૂઆતની મુલાકાતો પર કહ્યું છે, 'મારી બહેનના લગ્ન, તેમના મામા સાથે થયા હતા, તો હું તેમને લગ્નમાં જ મળી હતી. હું કિસ્મત કોટેજમાં રહેતી હતી, જ્યારે મારું ગોવિંદા સાથે અફેર શરૂ થયું. હું 15-16 વર્ષની હતી. સારો માલ પટાવ્યો હતો.'

તેણે આગળ કહ્યું- 'શું માલ હતો ચીચી (ગોવિંદા). દેશી માલ હતો. ખૂબ હેન્ડસમ લાગતો હતો.' જ્યારે તેમને કહેવામાં આવ્યું કે તેઓ હજુ પણ હેન્ડસમ છે. આના પર સુનીતાએ કહ્યું, 'લાગે છે, પણ ત્યારે ઓરિજિનલ વાળ હતા ને, હવે પેચ લગાવે છે.' આ કહેતા જ સુનીતા જોર જોરથી હસી પડી.

જ્યારે તેમને કહેવામાં આવ્યું કે તેઓ પતિના સિક્રેટ્સ રીવીલ કરી દે છે, તો તેમણે કહ્યું, 'બોલવામાં શું જાય છે. કયો હીરો આ નથી કરતો. બધા જાય છે ઓપરેશન કરાવે છે. જૂઠું નથી બોલી રહી.'

2025થી જ સુનીતા અને ગોવિંદા છૂટાછેડાના સમાચારોથી ચર્ચામાં છે. આ દરમિયાન સુનીતાએ ગોવિંદા વિરુદ્ધ ઘણા વિવાદાસ્પદ નિવેદનો આપ્યા છે.

### ગોવિંદા પર લગાવ્યા હતા એક્સ્ટ્રા મેરિટલ અફેરના આરોપો

સુનીતા આહુજાએ છૂટાછેડાના સમાચારો વચ્ચે 'મિસ માલિની'ને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, '2025 મારા માટે ખૂબ ખરાબ વર્ષ હતું, અમારા પારિવારિક જીવનમાં ઘણી મુશ્કેલીઓ ચાલી રહી હતી. હું ગોવિંદા વિશે પણ ઘણી વાતો સાંભળી રહી હતી.



# સંચિતા ઉગલેની વોટ્સએપ ચેટ સામે આવી...!

## એક્ટ્રેસ લાંબા સમયથી સાઇકોલોજિસ્ટ પાસેથી સારવાર લેતી હતી, પોતાને 'સંપૂર્ણપણે ખોવાયેલી' ગણાવી હતી

મુંબઈ | 'કુમકુમ ભાગ્ય' ફેમ એક્ટ્રેસ સંચિતા ઉગલેની આત્મહત્યા બાદ પોલીસ તેના મોબાઈલ ફોનની વોટ્સએપ ચેટ અને કોલ રેકોર્ડ તપાસી રહી છે. ઝી ન્યૂઝના રિપોર્ટ અનુસાર, સંચિતા અને તેના સાઈકોલોજિસ્ટ વચ્ચે થયેલી વોટ્સએપ વાતચીત સામે આવી છે.

આ ચેટ પરથી જાણવા મળ્યું કે, સંચિતા પોતાના ભવિષ્યને લઈને ખૂબ જ ડરેલી હતી. તેને કામ દરમિયાન ડાયલોગ યાદ રાખવામાં પણ મુશ્કેલી પડી રહી હતી. સંચિતા છેલ્લા કેટલાક મહિનાઓથી એક સાઈકોલોજિસ્ટ પાસેથી સારવાર લઈ રહી હતી.

સંચિતાએ રવિવારે પોતાના બેડરૂમના સીલિંગ ફેનથી સાડીના સહારે ફાંસી લગાવી લીધી હતી. આ પછી તેના પિતાએ સંચિતાને પૈસા માટે ટોર્ચર કરવામાં આવી રહી હોવાનો આરોપ લગાવ્યો હતો.

### સંપૂર્ણપણે ખોવાઈ ગયેલી અનુભવતી હતી

એક્ટિંગ કરિયર દરમિયાન આવી રહેલી મુશ્કેલીઓનો ઉલ્લેખ પણ આ ચેટમાં મળ્યો છે. સંચિતાએ ડોક્ટરને જણાવ્યું હતું કે, તે કામ કરતી વખતે પોતાના ડાયલોગ ભૂલી જવા લાગી છે. તેને લાગી રહ્યું હતું કે, તે હવે પોતાના પ્રોફેશનલ કામને તે રીતે નથી કરી રહી, જે રીતે પહેલા કરતી હતી. તેણે પોતાને 'સંપૂર્ણપણે ખોવાયેલી' ગણાવી હતી.

ઘણા મહિનાઓની સારવાર પછી પણ તેની હાલતમાં કોઈ સુધારો થઈ રહ્યો ન હતો, જેના કારણે તે ખૂબ પરેશાન હતી. સાઈકોલોજિસ્ટે તેને ઓનલાઈન કાઉન્સેલિંગ સેશન શરૂ કરવાની સલાહ આપી હતી અને હિંમત જાળવી રાખવા કહ્યું હતું. સંચિતાની કો-સ્ટાર મેઘા શર્માએ દાવો કર્યો હતો કે, સંચિતા છેલ્લા કેટલાક સમયથી ડિપ્રેશનથી પીડાઈ રહી હતી અને તેની સારવાર ચાલી રહી હતી. જોકે, પોલીસે સ્પષ્ટ કર્યું છે.

# 'મૈં વાપસ આઉંગા' પર પાકિસ્તાની ડિરેક્ટર આફરીન કહ્યું

## ઈમ્તિયાઝ અલીએ ભાગલાની પીડાને સુંદરતાથી રજૂ કરી'; નસીરુદ્દીન શાહને અસાધારણ ગણાવ્યા

(એજન્સી) મુંબઇ | તા 17

ભારત-પાકિસ્તાનના ભાગલાની પૃષ્ઠભૂમિ પર બનેલી ડિરેક્ટર ઈમ્તિયાઝ અલીની ફિલ્મ 'મૈં વાપસ આઉંગા' ને પાકિસ્તાન તરફથી પણ પ્રશંસા મળી છે. જાણીતા પાકિસ્તાની ફિલ્મમેકર ઉમર નાસિર અલીએ આ ફિલ્મની ખૂબ પ્રશંસા કરતા તેને એક અત્યંત સુંદર અને ઊંડી ભાવનાત્મક ફિલ્મ ગણાવી છે.

ઉમર નાસિરના મતે, આ ફિલ્મ તેમના હૃદયની ખૂબ નજીક છે કારણ કે તેઓ પોતે પણ આ જ વિષય પર એક ફિલ્મ બનાવી રહ્યા છે. આ દરમિયાન ફિલ્મને મળી રહેલા સારા પ્રતિસાદની અસર તેના બોક્સ ઓફિસ કલેક્શન પર પણ દેખાઈ રહી છે અને સોમવારે વર્કિંગ ડે હોવા છતાં ફિલ્મની કમાણી વધી ગઈ છે.

'ઈમ્તિયાઝ પાસેથી જેવી અપેક્ષા હતી, તેવી જ પડદા પર ઉતરી' ફીચર ફિલ્મો અને જાહેરાતોના જાણીતા પાકિસ્તાની ડિરેક્ટર ઉમર નાસિર અલીએ ઈન્સ્ટાગ્રામ પર ફિલ્મને લઈને એક નોટ શેર કરી છે. ઉમર નાસિરે લખ્યું કે, 'મૈં વાપસ આઉંગા'માં જે ભાવનાઓ દર્શાવવામાં આવી છે, તે મારા હૃદયની ખૂબ નજીક છે.'

ખરેખર, તેઓ પોતે પણ ભાગલાના બેકગ્રાઉન્ડ પર 'છોડ આયે હમ' નામની એક ફિલ્મ બનાવી રહ્યા છે. તેમની આગામી ફિલ્મ પણ યાદો, પોતાનાપણું અને વતન વાપસીની આ જ ભાવનાને દર્શાવે છે. ઉમરે કહ્યું કે, 'મને ઈમ્તિયાઝ અલી પાસેથી જેવી અપેક્ષા હતી, તેમણે બિલકુલ તેવું જ શાનદાર સિનેમા પડદા પર ઉતાર્યું છે.'

# 'ઘૂંઘટ'માં ઈશા દેઓલનું અલગ રૂપ દેખાશે

(એજન્સી) મુંબઇ | તા 17


દિવંગત એક્ટર ધર્મેન્દ્ર અને દિગ્ગજ એક્ટ્રેસ હેમા માલિનીની દીકરી ઈશા દેઓલ કરિયરમાં પહેલીવાર હૉરર-કોમેડી ફિલ્મમાં જોવા મળશે. તેની આ આગામી ફિલ્મનું નામ 'ઘૂંઘટ' છે. આ ફિલ્મનું ડિરેક્શન 'માય ફ્રેન્ડ ગણેશા' ફેમ ડિરેક્ટર રાજીવ એસ. રુઈયા કરી રહ્યા છે. ફિલ્મનું નિર્માણ બેંગલુરુના પ્રોડ્યુસર દેવેશ કુમાર નેટિવ સિનેમાઝના બેનર હેઠળ કરી રહ્યા છે.

ઈશાએ જણાવ્યું કે, 'આ ફિલ્મ મનોરંજનની સાથે-સાથે સમાજની જૂની માન્યતાઓને પડકારવા અને મહિલા સશક્તિકરણનો એક મજબૂત સંદેશ આપશે.' ફિલ્મમાં ઈશાનો બિલકુલ અલગ અંદાજ જોવા મળશે.

સ્ક્રિપ્ટ અને જોનરે આકર્ષિત કર્યા ઈશા દેઓલે ફિલ્મ સાથે જોડાવાના પોતાના નિર્ણય વિશે વાત કરી. તેણે કહ્યું કે, 'હૉરર-કોમેડી જોનર મારા માટે મુખ્ય આકર્ષણ હતું. આ પ્રકારની ફિલ્મોમાં રોમાંચ અને હાસ્યનું સારું મિશ્રણ હોય છે, જેને આજના સમયમાં દર્શકો ખૂબ પસંદ કરી રહ્યા છે.' ઈશાના મતે, 'જોનર ઉપરાંત ફિલ્મની સ્ક્રિપ્ટ અને મારું અનોખું પાત્ર જ મુખ્ય કારણ હતા, જેમણે મને આ પ્રોજેક્ટનો ભાગ બનવા માટે પ્રેરિત કરી.'

ફિલ્મ જૂની માન્યતાઓ પર પ્રશ્ન ઉઠાવશે એક્ટ્રેસે જણાવ્યું કે, 'ઘૂંઘટ' માત્ર લોકોને ડરાવવા કે હસાવવા પૂરતી સીમિત નથી. તેમાં એક મહત્વપૂર્ણ સામાજિક સંદેશ છુપાયેલો છે. આ વાર્તા લોકોને વર્ષોથી ચાલી આવતી જૂની રીતિઓ અને માન્યતાઓ પર પ્રશ્ન ઉઠાવવાનું સાહસ આપશે. ફિલ્મમાં ભરપૂર ડ્રામા, લાગણીઓ અને કોમેડી હશે, પરંતુ તેનું મુખ્ય ધ્યાન વ્યક્તિગત ઓળખ અને પોતાની વાત પર મજબૂતીથી ટકી રહેવાના મહત્વને દર્શાવવાનું છે.

ઈશાએ 2012માં બિઝનેસમેન ભરત તખ્તાની સાથે લગ્ન કર્યાં બાદથી ફિલ્મોથી અંતર જાળવી લીધું હતું. જોકે, 2024માં બંનેએ છૂટાછેડા લીધા બાદથી ઈશા ફરી ફિલ્મોમાં સક્રીય થઈ છે. ઈશાએ 2012માં બિઝનેસમેન ભરત તખ્તાની સાથે લગ્ન કર્યાં બાદથી ફિલ્મોથી અંતર જાળવી લીધું હતું. જોકે, 2024માં બંનેએ છૂટાછેડા લીધા બાદથી ઈશા ફરી ફિલ્મોમાં સક્રીય થઈ છે. 'માય ફ્રેન્ડ ગણેશા'ના ડિરેક્ટર સંભાળી રહ્યા છે કમાન ફિલ્મનું ડિરેક્શન કરી રહેલા રાજીવ એસ. રુઈયાને અલગ-અલગ શૈલીની ફિલ્મો બનાવવા માટે ઓળખવામાં આવે છે. તેમને બાળકો અને પરિવારો વચ્ચે ખૂબ જ લોકપ્રિય રહેલી 'માય ફ્રેન્ડ ગણેશા' ફ્રેન્ચાઈઝીથી ઓળખ મળી હતી. આ ઉપરાંત તેમણે 'મૈં કૃષ્ણા હૂં', 'ડાયરેક્ટ ઈશ્ક' અને હોરર-થ્રિલર ફિલ્મ 'સાંસેં'નું પણ ડિરેક્શન કર્યું છે.



# સોનુ નિગમની ગરદનની નસો દબાઈ

## MRI, સિટી સ્કેન બાદ પેઈન કિલર્સના સહારે છે સિંગર, કહ્યું- 'અઠવાડિયાથી પીડામાં છું, આત્મવિશ્વાસ ઓછો થયો'

(એજન્સી) મુંબઇ | તા 17

સિંગર સોનુ નિગમની ગરદનની નસો દબાઈ ગઈ છે. આ જાણકારી સિંગરે પોતે સોશિયલ મીડિયા દ્વારા આપી અને બતાવ્યું કે કેવી રીતે તે પટ્ટીઓ લગાવીને પરફોર્મન્સની તૈયારી કરી રહ્યો છે.

આ ઘટના 13 જૂનની છે. સોનુ નિગમે ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી એક વીડિયો પોસ્ટ કર્યો, જેમાં તેણે કહ્યું, 'જુઓ મારી નસો દબાઈ ગઈ છે. હું તો એક અઠવાડિયાથી પીડાઈ રહ્યો છું. MRI, સિટી સ્કેન બધું થયું. દવાઓ, ફિઝિયોથેરાપી ખૂબ થકવી દેનારું કામ છે. હાલમાં પેઈનકિલર્સ લઈ રહ્યો છું, જેનાથી ગળું પણ થોડું ભારે થઈ ગયું છે.'

સિંગરે આગળ કહ્યું, 'આજે (13 જૂન) હું એક મહિના 10-12 દિવસ પછી પરફોર્મ કરી રહ્યો છું. મારો આત્મવિશ્વાસ એમ પણ થોડો ઓછો છે. નસોને આરામ આપવા માટે જે દવા લઈ રહ્યો છું, તેનાથી મારા ગળા પર અસર પડી. કોઈ વાંધો નહીં, ભગવાન સ્ટેજ પર મને શક્તિ આપે.' સોનુ નિગમની પોસ્ટ સામે આવ્યા બાદ ઘણા સિંગર્સ તેના માટે પ્રાર્થના કરી રહ્યા છે, જેમાં કવિતા સેઠ, રૂપકુમાર રાઠોડ, અલીશા ચિનોયનો સમાવેશ થાય છે.

વર્સેટાઈલ અવાજના લીધે જ 4 વર્ષ કામ ન મળ્યું:બાળ ઠાકરેની પુત્રવધૂને લીધે સોનુ નિગમને પત્નીથી છૂટું થવું હતું! ગીતો કરતાં વિવાદાસ્પદ નિવેદનોને કારણે ચર્ચામાં

બોલિવૂડમાં પોતાના સૂરીલા અવાજથી સૌને મંત્રમુગ્ધ કરનાર સિંગર સોનુ નિગમ આજે 52 વર્ષનો થયો છે. 'કલ હો ના હો', 'મુજ મેં કહીં', 'દિલ ડૂબા' જેવા હિટ સોંગ્સ આપનારા સોનુએ 'બેતાબ' ફિલ્મમાં બાળકલાકાર તરીકે પણ કામ કર્યું હતું.



# અંબાણી પરિવારે રિહાનાને ₹2.2 કરોડનું બ્રેસલેટ ભેટમાં આપ્યું

## ગ્લોબલ પૉપ સ્ટારે ડાયમંડ ટેનિસ બ્રેસલેટ ફ્લોન્ટ કર્યું; એપ્રિલમાં 'એન્ટિલિયા'ની મહેમાન બની હતી

(એજન્સી) મુંબઇ | તા 17

પૉપ સ્ટાર રિહાનાને મુકેશ અંબાણી પરિવારે એક ડાયમંડ ટેનિસ બ્રેસલેટ ભેટ આપ્યું છે. તેની કિંમત આશરે 2.2 કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે. રિહાનાએ સોશિયલ મીડિયા પર સામે આવેલા એક વીડિયોમાં આ બ્રેસલેટ બતાવ્યું અને સ્પષ્ટ કર્યું કે, આ તેને ભારતમાં અંબાણી પરિવાર તરફથી મળ્યું છે. રિહાના એપ્રિલમાં પોતાની બ્યુટી બ્રાન્ડના સંબંધમાં મુંબઈ આવી હતી, જ્યાં તેણે એન્ટિલિયામાં અંબાણી પરિવાર સાથે મુલાકાત કરી હતી.

ઈન્સ્ટાગ્રામ વીડિયોમાં ડાયમંડ બ્રેસલેટ બતાવ્યું સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર 'ધ પીપલ ગેલેરી' નામના પેજે એક વીડિયો શેર કર્યો છે. આ વીડિયોમાં રિહાના પોતાના રોજિંદા પહેરવેશ અને ફેશન વિશે વાત કરી રહી છે. તેણે ડબલ ડેનિમ આઉટફિટ પહેર્યો છે અને હાથમાં સેલિન બ્રાન્ડનું બેગ લીધું છે.

વીડિયોમાં રિહાનાએ પોતાના હાથને કેમેરા સામે આગળ વધારતા કાંડા પર પહેરેલું ડાયમંડ ટેનિસ બ્રેસલેટ બતાવ્યું. તેણે બ્રેસલેટ તરફ ઈશારો કરતા કહ્યું, 'આ ભારતમાં અંબાણી પરિવાર તરફથી મળ્યું છે.' જ્વેલરી એક્સપર્ટે બ્રેસલેટની કિંમત જણાવી રિહાનાના આ વીડિયો સામે આવ્યા બાદ જાણીતા જ્વેલરી એક્સપર્ટ પ્રિયાંશુ ગોયલે આ બ્રેસલેટની વિગતો શેર કરી. તેમણે પોતાના ઈન્સ્ટાગ્રામ પેજ પર જણાવ્યું કે, આ ડાયમંડ જ્વેલરીની કિંમત લગભગ 2.2 કરોડ રૂપિયા છે. ગોયલના મતે, આ બ્રેસલેટ ટેનિસ બ્રેસલેટ ડિઝાઈનનું એક ઉત્તમ ઉદાહરણ છે, જે તેની સાદગી અને સુંદરતા માટે જાણીતું છે.

ગ્લેમ ટીમ વિના જાતે જ મેકઅપ કર્યો આ વીડિયોમાં રિહાનાનો વધુ એક અંદાજ લોકોને પસંદ આવી રહ્યો છે. તેણે જણાવ્યું કે વીડિયોમાં દેખાતી તેની હેર સ્ટાઈલ અને મેકઅપ કોઈ નિષ્ણાત ટીમે કર્યો નથી. રિહાનાએ પોતાની બ્રાન્ડ 'ફેન્ટી બ્યુટી'ના પ્રોડક્ટ્સનો ઉપયોગ કરીને આ મેકઅપ જાતે જ કર્યો છે. આ માટે તેણે કોઈ ગ્લેમ ટીમની મદદ લીધી ન હતી. ચાહકો તેમની આ સાદી અને શાંત શૈલીને પસંદ કરી રહ્યા છે.

અંબાણીના ઘરે પણ પહોંચી હતી રિહાના રિહાના તાજેતરમાં પોતાની બ્યુટી બ્રાન્ડના એક પ્રમોશનલ ઈવેન્ટના સંબંધમાં મુંબઈ આવી હતી. અહીં તેણે એક પોપ-અપ સ્ટોર લોન્ચ અને એક પ્રાઈવેટ ઈવેન્ટમાં ભાગ લીધો હતો. રિહાના પ્રાઈવેટ જેટથી મુંબઈ પહોંચી હતી. આ દરમિયાન તે મુકેશ અંબાણીના ઘરે 'એન્ટિલિયા' પણ ગઈ હતી. અંબાણી પરિવારે રિહાનાનું સ્વાગત બિલકુલ દેશી અંદાજમાં કર્યું હતું. રિહાનાએ પરિવાર સાથે ખાસ લંચ કર્યું અને ઘરના સભ્યો સાથે ડાન્સ કરતી પણ જોવા મળી હતી.

**અંબાણી પરિવારે રિહાનાને ગિફ્ટ આપી |** 2024માં પહેલીવાર ભારત આવી હતી આ રિહાનાનો ભારતનો બીજો પ્રવાસ હતો. આ પહેલા તે 2024માં તે અનંત અંબાણીના પ્રી-વેડિંગમાં પરફોર્મ કરવા માટે જામનગર આવી હતી. તે સમયે તેણે તેના પહેલા ભારતીય પરફોર્મન્સથી ઘણી હેડલાઈન્સ બનાવી હતી. તે દરમિયાન રિહાનાએ વચન આપ્યું હતું કે, તે જલ્દી જ ફરીથી ભારત આવશે અને તેણે પોતાનું આ વચન પૂરું પણ કર્યું.

**એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ**

## એથ્લેટિક્સમાં માતૃત્વને પ્રોત્સાહન, વર્લ્ડ એથ્લેટિક્સે શરૂ કર્યો કેર્સ પ્રોજેક્ટ

● મહિલા એથ્લેટ્સ માટે કેર્સ પ્રોજેક્ટ, માતૃત્વ અને રમત પર વૈજ્ઞાનિક સંશોધન



(એજન્સી) મૉનાકો । તા. 17

રમતગમતની દુનિયામાં મહિલા એથ્લેટ્સ માટે માતૃત્વ હવે અવરોધ નહીં, પરંતુ એક સન્માનજનક પડાવ બની રહ્યો છે. વર્લ્ડ એથ્લેટિક્સ દ્વારા તાજેતરમાં 'ચાઈલ્ડબર્થ એન્ડ રિટર્ન ઈન એલાઈટ સ્પોર્ટ્સ' (કેર્સ) નામના એક વિશેષ પ્રોજેક્ટનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ્ય ગર્ભાવસ્થા અને માતૃત્વ દરમિયાન મહિલા ખેલાડીઓને પડતી મુશ્કેલીઓને સમજવા અને તેમને કારકિર્દીમાં પરત ફરવા માટે જરૂરી સહાય પૂરી પાડવાનો છે.

વર્લ્ડ એથ્લેટિક્સ દ્વારા શરૂ કરવામાં આવેલી આ પહેલ અંતર્ગત બે સર્વેક્ષણો કરવામાં આવી રહ્યા છે. પ્રથમ સર્વે એવા એથ્લેટ્સ માટે છે જેમણે જાન્યુઆરી ૨૦૧૯ પછી તેમની કારકિર્દી દરમિયાન ગર્ભાવસ્થાનો અનુભવ કર્યો હોય. આ સર્વેમાં સ્પર્ધામાં પરત ફરતી વખતે આવતી અડચણો, નાણાકીય પાસાઓ અને સપોર્ટ સ્ટ્રક્ચર જેવા મુદ્દાઓ પર ભાર મૂકવામાં આવ્યો છે. જ્યારે બીજો સર્વે એવા ખેલાડીઓ માટે છે જેમણે હજુ માતૃત્વનો અનુભવ કર્યો નથી, જેમાં મેટરનિટી સપોર્ટ અને રેન્કિંગ સુરક્ષા અંગે તેમની ધારણાઓ તપાસવામાં આવશે. વર્લ્ડ એથ્લેટિક્સના પ્રમુખ સેબેસ્ટિયન કોએ આ અંગે જણાવ્યું હતું કે, "અમે રમતને વધુ ન્યાયી અને સમાન બનાવવા માટે સતત પ્રયત્નશીલ છીએ." એથ્લેટ્સ કમિશનના અધ્યક્ષ અને બે બાળકોની માતા વેલેરી એડમ્સે આ પ્રોજેક્ટને આવકારતા કહ્યું કે, અગાઉના સમયમાં ગર્ભાવસ્થાની જાણ થતા જ ખેલાડીઓને સ્પોન્સર ગુમાવવાનો ડર રહેતો હતો. પરંતુ હવે સ્થિતિ બદલાઈ રહી છે, અને વધુ મહિલાઓ માતૃત્વ પછી પણ ઉચ્ચ સ્તરીય પ્રદર્શન કરી રહી છે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે આ કાર્ય મહિલા ખેલાડીઓને પોતાની કારકિર્દી અને જીવન બંનેનું સુંદર આયોજન કરવા માટે પ્રેરણા આપશે.

# વિશ્વકપમાં મેસીનો જાદુ

## અલ્જીરિયા સામે હેટ્રિક સાથે તોડ્યા રેકોર્ડ



(એજન્સી) ચેન્નાઈ । તા. 17

ફિફા વિશ્વકપ ૨૦૨૬માં આર્જેન્ટિનાના સુપરસ્ટાર લિયોનેલ મેસ્સીએ અલ્જેરિયા સામેની મેચમાં ધમાકેદાર પ્રદર્શન કરતા પોતાની કારકિર્દીની પ્રથમ વિશ્વકપ હેટ્રિક નોંધાવી છે. એરોહેડ સ્ટેડિયમમાં હાજર હજારો ચાહકોની હાજરીમાં મેસ્સીએ મેદાન પર જાદુઈ રમત રમીને સાબિત કર્યું કે શા માટે તેને ફૂટબોલ જગતનો 'ગોટ' (GOAT) માનવામાં આવે છે. આ હેટ્રિક તે દિવસે નોંધાઈ જ્યારે મેસ્સીને તેના પ્રથમ વિશ્વકપ ડેબ્યૂને ૨૦ વર્ષ પૂર્ણ થયા છે.

### રેકોર્ડબુકમાં મેસીનું નામ

મેસીએ ૩૮ વર્ષ અને ૩૫૭ દિવસની ઉંમરે હેટ્રિક નોંધાવીને ક્રિસ્ટિયાનો રોનાલ્ડોનો રેકોર્ડ તોડ્યો છે અને તેઓ વિશ્વકપમાં હેટ્રિક નોંધાવનાર સૌથી મોટી વયના ખેલાડી બન્યા છે. આ ઉપરાંત, તેઓ હવે આર્જેન્ટિના માટે વિશ્વકપમાં ગોલ કરનાર સૌથી યુવાન (૧૮ વર્ષની વયે ૨૦૦૬માં) અને સૌથી મોટી વયના ખેલાડી બનવાનો અનોખો રેકોર્ડ પણ ધરાવે છે.

### ગોલનું વિશાળ કદ અને સિદ્ધિઓ

અલ્જીરિયા સામેની આ હેટ્રિક સાથે વિશ્વકપમાં મેસીના કુલ ૧૬ ગોલ થઈ ગયા છે. આ સિદ્ધિ સાથે તેઓ જર્મનીના મિરોસ્લાવ ક્લોઝની બરાબરી કરી વિશ્વકપમાં સૌથી વધુ ગોલ કરનાર ખેલાડીઓની યાદીમાં મોખરે આવ્યા છે. મેસી વિશ્વકપના ઈતિહાસમાં પાંચ અલગ-અલગ વિશ્વકપમાં ગોલ કરનાર બીજા ખેલાડી બન્યા છે. એટલું જ નહીં, તેઓ છ વિશ્વકપમાં રમતા પહેલા ખેલાડી પણ બન્યા છે, જે ૨૦૦૬થી સતત ચાલુ છે.

### 200 આંતરરાષ્ટ્રીય મેચનો પડાવ

આ મેચ મેસી માટે અંગત રીતે પણ ખાસ હતી, કારણ કે આ તેમની કારકિર્દીની ૨૦૦મી આંતરરાષ્ટ્રીય મેચ હતી. આ સિદ્ધિ મેળવનાર તેઓ વિશ્વના માત્ર ત્રીજા ખેલાડી બન્યા છે. તેમના પહેલા આ સિદ્ધિ ક્રિસ્ટિયાનો રોનાલ્ડો (૨૨૮) અને કુવૈતના બાદર અલ-મુતાવા (૨૦૨) એ મેળવી છે.

### મેદાન પરનો દબદબો

મેચની શરૂઆતથી જ મેસી ખૂબ જ આક્રમક દેખાઈ રહ્યા હતા. રદ્રિગો ડી પોલના શાનદાર પાસ પર તેમણે પહેલો ગોલ કર્યો અને ત્યારબાદ બીજા હાફમાં બે ગોલ કરીને પોતાની હેટ્રિક પૂર્ણ કરી હતી. જ્યારે તેમને મેદાનની બહાર બોલાવવામાં આવ્યા, ત્યારે હાજર હજારો દર્શકોએ તેમને સ્ટેન્ડિંગ ઓવેશન આપીને વધાવી લીધા હતા. આ દિવસે મેસીએ સાબિત કરી દીધું કે ઉંમર માત્ર એક આંકડો છે, જો ઉત્સાહ અને કૌશલ્ય અકબંધ હોય. આજના ફૂટબોલ જગતમાં જ્યારે કાયલીન એમ્બાપ્પે અને એર્લિંગ હાલન્ડ જેવા યુવા ખેલાડીઓ પણ સારો દેખાવ કરી રહ્યા છે, ત્યારે મેસીની આ હેટ્રિકે ફરી એકવાર સાબિત કર્યું છે કે અનુભવ અને ટેકનિકનો સમન્વય અદભૂત પરિણામો લાવી શકે છે. આર્જેન્ટિનાના ચાહકો માટે આ ક્ષણ માત્ર એક જીતની નહીં, પણ એક દિગ્ગજ ખેલાડીના અમર વારસાને ઉજવવાની ક્ષણ બની રહી છે. આવનારા સમયમાં મેસી કયા નવા શિખરો સર કરે છે, તે જોવું ફૂટબોલ પ્રેમીઓ માટે અત્યંત

## ગોલ્ફની દુનિયામાં કપિલ દેવનું નવું ઈનિંગ્સ, બદલાશે ભારતીય ખેલનું ભાવિ

(એજન્સી) નવી દિલ્હી । તા. 17



ભારતીય ક્રિકેટના દિગ્ગજ અને ૧૯૮૩ના વિશ્વકપ વિજેતા કેપ્ટન કપિલ દેવ આજે એક અલગ ભૂમિકામાં છે. ક્રિકેટના મેદાન પર પોતાની ચપળતા અને નેતૃત્વથી દુનિયાને મંત્રમુગ્ધ કરનાર કપિલ દેવ હવે 'ડીપી વર્લ્ડ પ્રોફેશનલ ગોલ્ફ ટૂર ઓફ ઈન્ડિયા' (પીજીટીઆઈ) ના પ્રમુખ તરીકે ભારતીય ગોલ્ફનું નવું ભવિષ્ય ઘડી રહ્યા છે. પોતાના ૬૭મા વર્ષમાં પ્રવેશ્યા પછી, તેઓ ગોલ્ફને માત્ર એક રમત તરીકે નહીં, પરંતુ જીવનના એક સુંદર તબક્કા તરીકે માણી રહ્યા છે.

નવી દિલ્હીના ઉપનગરમાં આવેલા પોતાના શાંત ફાર્મહાઉસમાં રહેતા કપિલ દેવનું જીવન આજે સંપૂર્ણપણે બદલાઈ ગયું છે. ક્રિકેટની દુનિયાના ભારે કોલાહલથી દૂર, તેઓ હવે ગોલ્ફના મેદાન પર એકાગ્રતા અને આત્મનિર્ભરતાનો આનંદ માણે છે. તેઓ જણાવે છે કે, "ક્રિકેટમાં તમે અન્ય ખેલાડીઓ પર નિર્ભર હોવ છો, પરંતુ ગોલ્ફ મને એક અલગ જ રોમાંચ આપે છે." તેમનું કહેવું છે કે આ તેમના જીવનનો સૌથી સુંદર તબક્કો છે.

કપિલ દેવનું માનવું છે કે ભારતમાં ગોલ્ફને જે સ્થાન મળવું જોઈએ તે મેળવવા માટે પાયાની સુવિધાઓ એટલે કે 'ઈન્ફ્રાસ્ટ્રક્ચર' સૌથી મહત્વનું છે. તેઓ ક્રિકેટ બોર્ડના ઉદાહરણને ટાંકીને કહે છે કે આજે ભારત ક્રિકેટમાં એટલા માટે સર્વશ્રેષ્ઠ છે કારણ કે તેમની પાસે વિશ્વસ્તરીય સુવિધાઓ છે. ગોલ્ફના સંદર્ભમાં તેઓ માને છે કે, "શા માટે આપણે હંમેશા કહીએ છીએ કે ગોલ્ફ અમીરોની રમત છે? તે દરેક માટે છે." નાનાં શહેરોમાં પણ ગોલ્ફ કોર્સનું નિર્માણ થાય તો ભારતના ખૂણેખૂણેથી પ્રતિભાઓ બહાર આવશે, જે રીતે ક્રિકેટમાં મહેન્દ્ર સિંહ ધોની જેવા ખેલાડીઓ ઝારખંડ જેવા રાજ્યમાંથી બહાર આવ્યા છે.

કપિલ દેવ એક મહત્વની ચિંતા પણ વ્યક્ત કરે છે. તેઓ કહે છે કે ભારતમાં હજુ પણ લોકો રમતને કારકિર્દી તરીકે પસંદ કરવામાં ખચકાટ અનુભવે છે. લોકો માત્ર આઈપીએલમાં રમવા માટે ક્રિકેટ રમવા માંગે છે, જે દુઃખદ છે.

### અદિતિ અશોક અને નવી પેઢી માટે નવી રાહ

ભારતીય ગોલ્ફ ખેલાડીઓ વિશે વાત કરતા કપિલ દેવ ગર્વ અનુભવે છે. અદિતિ અશોક, જીવ મિલ્ખા સિંહ અને શુભંકર શર્મા જેવા ખેલાડીઓએ વૈશ્વિક મંચ પર ભારતનું નામ રોશન કર્યું છે. તેઓ સ્પષ્ટપણે માને છે કે ગોલ્ફની તુલના ક્રિકેટ સાથે ન થવી જોઈએ. દરેક રમતનું પોતાનું મહત્વ હોય છે. તેમના વહીવટ હેઠળ, પીજીટીઆઈ હવે નાના શહેરોમાં પણ ટુર્નામેન્ટ યોજી રહી છે જેથી ખેલાડીઓને યોગ્ય મંચ મળી શકે અને તેઓ પોતાની કારકિર્દી બનાવી શકે.

## મકાઉ ઓપન 2026માં રૌનક ચૌહાણનો મુખ્ય ડ્રોમાં પ્રવેશ



(એજન્સી) મકાઉ । તા. 17

બેડમિન્ટનની વિશ્વસ્તરીય ટુર્નામેન્ટ 'મકાઉ ઓપન સુપર ૩૦૦' માં ભારતીય શટલર રૌનક ચૌહાણે શાનદાર પ્રદર્શન કરતા પુરુષ સિંગલ્સના મુખ્ય ડ્રોમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું છે. મંગળવારે રમાયેલી ક્વોલિફિકેશન મેચમાં મ્યાનમારના ખેલાડી હેઈન હટૂટ સામેના મુકાબલામાં રૌનકનો વિજય થયો હતો, જેના પગલે તે હવે ટુર્નામેન્ટના આગળના રાઉન્ડમાં રમી શકશે.

ક્વોલિફિકેશન મેચમાં રૌનક ચૌહાણ અને હેઈન હટૂટ વચ્ચે કાંટાની ટક્કર જોવા મળી હતી. બંને ખેલાડીઓએ એક-એક ગેમ જીતી લીધી હતી. ત્રીજી ગેમમાં રૌનક ૧૯-૧૭થી આગળ હતો ત્યારે મ્યાનમારના ખેલાડીએ ઈજાને કારણે મેચ અધવચ્ચે છોડી દીધી હતી (રિટાયર્ડ હર્ટ). આ વિજય સાથે રૌનક હવે બુધવારે રમાનારા ૩૨ ખેલાડીઓના રાઉન્ડમાં પહોંચ્યો છે, જ્યાં તેનો મુકાબલો ચીની તાઈપેઈના ઝે યિંગ વુ સાથે થશે, જે હાલમાં વિશ્વ રેન્કિંગમાં ૧૩૩મા સ્થાને છે.

મકાઉ ઓપનમાં અન્ય ભારતીય ખેલાડીઓ માટે દિવસ મિશ્ર રહ્યો હતો. પુરુષ સિંગલ્સમાં તુષાર સુવીરને ઈન્ડોનેશિયાના ક્રિશ્ચિયન આદિનાટા સામે હારનો સામનો કરવો પડ્યો હતો. તુષારે જોરદાર ટક્કર આપી હોવા છતાં, તે ૨૦-૨૨, ૧૩-૨૧ અને ૧૫-૨૧ના સ્કોરથી પરાજિત થયો હતો. આ સિવાય, અલાપ મિશ્રા પણ હેઈન હટૂટ સામે ૧૮-૨૧, ૧૮-૨૧થી હારી ગયા હતા. મહિલા ડબલ્સમાં અશ્વિની ભટ્ટ અને શિખા ગૌતમને પણ ઈન્ડોનેશિયાની જોડી સામે હારનો સામનો કરવો પડ્યો હતો. રૌનક ચૌહાણ હવે ભારતીય આશાનું કેન્દ્ર બન્યો છે.



# ટાઈમ મેગેઝિનની યાદીમાં સ્મૃતિ મંધાનાનું સ્થાન

## વિશ્વના 100 પ્રભાવશાળી ખેલાડીઓમાં સ્મૃતિ મંધાનાનો ડંકો, મંધાનાની ઐતિહાસિક સિદ્ધિ

(એજન્સી) નવી દિલ્હી । તા. 17

ભારતીય મહિલા ક્રિકેટ ટીમની વાઈસ કેપ્ટન અને આધુનિક યુગની આક્રમક બેટર સ્મૃતિ મંધાનાએ આંતરરાષ્ટ્રીય સ્તરે વધુ એક સિદ્ધિ પોતાના નામે કરી છે. પ્રતિષ્ઠિત 'ટાઈમ' મેગેઝિન દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ષ ૨૦૨૬ની વિશ્વના ૧૦૦ સૌથી પ્રભાવશાળી ખેલાડીઓની યાદીમાં સ્મૃતિ મંધાનાને સ્થાન મળ્યું છે. ખાસ વાત એ છે કે આ યાદીમાં વિરાટ કોહલી કે રોહિત શર્મા જેવા દિગ્ગજ ક્રિકેટરોનો સમાવેશ નથી, જેના કારણે મંધાનાની આ સિદ્ધિ વધુ ખાસ બની જાય છે.

### વિશ્વના દિગ્ગજોની સાથે નામ

ટાઈમ મેગેઝિનની આ યાદીમાં રમતગમતની દુનિયામાં પરિવર્તન લાવનાર વ્યક્તિત્વોનો સમાવેશ થાય છે. તેમાં અમેરિકન બાસ્કેટબોલના દિગ્ગજ લેબ્રોન જેમ્સ, ફૂટબોલ જગતના બેતાજ બાદશાહ લિયોનેલ મેસી, ક્રિસ્ટિયાનો રોનાલ્ડો અને ટેનિસના ઉભરતા સિતારા કાર્લોસ અલ્કારાઝ જેવા વિશ્વવિખ્યાત ખેલાડીઓના નામ છે. આ તમામ દિગ્ગજોની હરોળમાં ૨૯ વર્ષીય સ્મૃતિ મંધાનાનું નામ ચમકવું એ ભારતીય મહિલા ક્રિકેટ માટે એક ગૌરવપૂર્ણ ક્ષણ છે.

### રેકોર્ડ્સની ક્વિન તરીકે ખ્યાતિ

સ્મૃતિ મંધાના માત્ર એક ખેલાડી નથી, પણ રેકોર્ડ્સની ક્વિન છે. તેમના નામે અનેક એવા વિક્રમો છે જે તેમને અન્ય ખેલાડીઓથી અલગ પાડે છે. તેઓ ઘરેલુ વન-ડે મેચમાં બેવડી સદી ફટકારનાર પ્રથમ ભારતીય મહિલા ખેલાડી છે. આ ઉપરાંત, ત્રણેય આંતરરાષ્ટ્રીય ફોર્મેટમાં સદી ફટકારનાર તેઓ પ્રથમ ભારતીય મહિલા બેટર છે. તેમના નામે કુલ ૧૭ આંતરરાષ્ટ્રીય સદી નોંધાયેલી છે, જે મહિલા ક્રિકેટમાં સંયુક્ત રીતે સૌથી વધુ છે. એક કેલેન્ડર વર્ષમાં ૧,૦૦૦થી વધુ વન-ડે રન બનાવવાનો રેકોર્ડ પણ તેમના જ નામે છે.

### T20 વર્લ્ડ કપમાં આક્રમક પ્રદર્શન

મહિલા T20 વર્લ્ડ કપમાં પણ મંધાનાનું ફોર્મ અત્યંત શાનદાર રહ્યું છે. પાકિસ્તાન જેવી મહત્વની મેચમાં તેમણે ૯૮ રન બનાવીને ટીમને મજબૂત શરૂઆત અપાવી હતી. વર્લ્ડ કપમાં માત્ર ૨૬ ઈનિંગ્સમાં પાંચ અડધી સદી ફટકારીને તેમણે પોતાની ક્ષમતાનો પરચો આપ્યો છે. હરમનપ્રીત કૌર અને મિતાલી રાજ સાથે તેઓ હવે સંયુક્ત રીતે સૌથી વધુ અડધી સદી ફટકારનારી ભારતીય બેટર બની ગઈ છે. સ્મૃતિ મંધાનાની આ ઉપલબ્ધિ ભારતીય રમતગમતમાં મહિલાઓના વધતા પ્રભાવને દર્શાવે છે. જે રીતે તેઓ મેદાન પર પોતાની બેટિંગથી અને મેદાન બહાર પોતાના વ્યક્તિત્વથી યુવા ખેલાડીઓને પ્રેરણા આપી રહી છે, તે ખરેખર પ્રશંસનીય છે. ટાઈમ મેગેઝિન દ્વારા મળેલી આ માન્યતા સાબિત કરે છે કે તેમની મહેનત અને સમર્પણ માત્ર ભારતમાં જ નહીં, પણ સમગ્ર વિશ્વમાં સ્વીકારવામાં આવ્યું છે. આ સિદ્ધિ બાદ ચાહકો અને રમતગમત નિષ્ણાતોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. મંધાનાનું આ પ્રદર્શન આવનારા સમયમાં મહિલા ક્રિકેટના વિકાસ માટે એક નવી ઊંચાઈ સાબિત થશે.

**તૈયારીઓ પૂર્ણ** // **શ્રીલંકાના ખેલાડીઓ દંડાયા, વૈભવ સૂર્યવંશી વિવાદની અસર**

## શ્રીલંકાના ખેલાડીઓ પર કડક કાર્યવાહી: વૈભવ સાથે વિવાદનું પરિણામ

(એજન્સી) દાંબુલા । તા. 17



ભારત અને શ્રીલંકાની 'એ' ટીમો વચ્ચે રમાયેલી રોમાંચક મેચ બાદ થયેલા વિવાદે હવે ગંભીર વળાંક લીધો છે. ૧૫ જૂનના રોજ રમાયેલી આ મેચના અંતે ભારતીય બેટ્સમેન વૈભવ સૂર્યવંશી અને શ્રીલંકાના ખેલાડી વિશેન હલમ્બગે વચ્ચે થયેલી ઉગ્ર બોલાચાલી અને ધક્કામુક્કીના મામલે શ્રીલંકા ક્રિકેટ બોર્ડે કડક શિસ્તભંગના પગલાં ભર્યા છે. મેચ રેફરી પ્રદીપ જયપ્રગાશ દ્વારા સમગ્ર ઘટનાના રિવ્યૂ બાદ વિવાદમાં સામેલ ખેલાડીઓ પર દંડ ફટકારવામાં આવ્યો છે.

### શિસ્તભંગના પગલાં અને મેચ ફીમાં કાપ

શ્રીલંકા ક્રિકેટ બોર્ડે ઝઘડામાં સામેલ પોતાના ખેલાડીઓની મેચ ફીમાં કાપ મૂક્યો છે. જોકે, કેટલો દંડ વસૂલવામાં આવ્યો છે તેની સત્તાવાર વિગતો હજુ જાહેર કરવામાં આવી નથી, પરંતુ આ કાર્યવાહીથી સ્પષ્ટ છે કે મેદાન પરની અશિસ્તને બોર્ડ દ્વારા જરા પણ સાંખી લેવામાં આવશે નહીં. વૈભવ સૂર્યવંશી અને વિશેન હલમ્બગે વચ્ચેના આ તણાવપૂર્ણ દ્રશ્યોએ રમતની ભાવનાને ઠેસ પહોંચાડી હતી, જેનું પરિણામ હવે ખેલાડીઓએ ભોગવવું પડી રહ્યું છે. આ વિવાદમાં એક અન્ય નામ અનુભવી વિકેટકીપર નિરોશન ડિકવેલાનું પણ સામે આવ્યું છે. રસપ્રદ વાત એ છે કે, ડિકવેલા વિવાદમાં મુખ્ય ઝઘડાખોર નહોતો, પરંતુ તેણે વૈભવ અને હલમ્બગેને શાંત પાડવા માટે વચ્ચે પડીને બચાવ કર્યો હતો. આમ છતાં, ડિકવેલા સામે પણ શિસ્તભંગની કાર્યવાહી કરવામાં આવી છે. રિપોર્ટ અનુસાર, આ કાર્યવાહી સૂર્યવંશી સાથેના ઝઘડાને કારણે નહીં, પરંતુ મેચ દરમિયાન જરૂર કરતાં વધુ અને આક્રમક અપીલ કરવા બદલ કરવામાં આવી છે. આ દર્શાવે છે કે મેચ ઓફિશિયલ્સ ખેલની મર્યાદા જાળવવા માટે કેટલા સતર્ક છે.

### સુપર ઓવરનો તણાવ અને મેદાનની સ્થિતિ

ભારત અને શ્રીલંકા વચ્ચેની આ મેચ સુપર ઓવર સુધી ખેંચાઈ હતી, જે સૂચવે છે કે બંને ટીમો જીતવા માટે કેટલી ઉત્સુક હતી. મેચની અંતિમ ક્ષણોમાં વધેલા દબાણને કારણે ખેલાડીઓ વચ્ચે તણાવ સર્જાયો હતો. હાલમાં ભારતીય ખેલાડીઓ સામે કોઈ પગલાં લેવાયા છે કે નહીં, તે અંગે કોઈ સ્પષ્ટ માહિતી ઉપલબ્ધ નથી. જોકે, શ્રીલંકા ક્રિકેટની આ એક્શનથી ખેલાડીઓને એક કડક સંદેશ મળી ગયો છે કે મેદાન પર ગમે તેટલું દબાણ હોય, વર્તન તો શિસ્તબદ્ધ જ હોવું જોઈએ. ક્રિકેટ જેવી ભદ્ર રમતને શોભે તેવા વર્તન પર હવે વૈશ્વિક સ્તરે વધુ ભાર આપવામાં આવી રહ્યો છે. ભારત અને શ્રીલંકા જેવી બે મોટી ક્રિકેટિંગ રાષ્ટ્રો વચ્ચેના આવા વિવાદો ભવિષ્યમાં ન થાય તે માટે આવી કડક કાર્યવાહી અનિવાર્ય છે.

**અમદાવાદ નેશનલ સ્વિમિંગમાં રેકોર્ડબ્રેક પર્ફોર્મન્સ**

## 17 વર્ષ જૂનો રેકોર્ડ તોડી આસ્થા ચૌધરીનો કમાલ

(એજન્સી) અમદાવાદ । તા. 17



અમદાવાદમાં આયોજિત રાષ્ટ્રીય જળક્રીડા સ્પર્ધા (નેશનલ એકવેટિક્સ ચેમ્પિયનશિપ)ના પ્રથમ દિવસે જ તરવૈયાઓએ રેકોર્ડની વણઝાર લગાવી દીધી છે. મંગળવારે શરૂ થયેલી આ ચેમ્પિયનશિપમાં અનેક ખેલાડીઓએ જૂના વિક્રમો તોડીને નવા રાષ્ટ્રીય રેકોર્ડ સ્થાપિત કર્યા હતા, જેમાં રેલવેની તરવૈયા આસ્થા ચૌધરીનું પ્રદર્શન સૌથી વધુ આકર્ષણનું કેન્દ્ર રહ્યું હતું. રેલવેની આસ્થા ચૌધરીએ મહિલાઓની ૨૦૦ મીટર બટરફ્લાય ઈવેન્ટમાં ૨:૧૮.૩૭ સમય સાથે ૧૭ વર્ષ જૂનો રેકોર્ડ તોડીને ઈતિહાસ રચ્યો હતો. આ સિવાય પુરુષોની ૨૦૦ મીટર મેડલેમાં વિનાયક વિજયે ૨:૦૪.૧૩ સમય સાથે અને મહિલાઓની ૧૫૦૦ મીટર ફ્રીસ્ટાઈલમાં અદિતિ હેગડેએ ૧૭:૨૦.૮૨ સમય સાથે નવા રાષ્ટ્રીય રેકોર્ડ નોંધાવ્યા હતા. કર્ણાટકની મહિલા ટીમે ૪x૧૦૦ મીટર રિલેમાં ૩:૫૩.૪૫નો સમય નોંધાવીને બે વર્ષ જૂનો રેકોર્ડ આઠ સેકન્ડથી વધુના તફાવતથી તોડી નાખ્યો હતો.

સ્પર્ધાના પ્રથમ દિવસે વિવિધ ઈવેન્ટ્સમાં અન્ય વિજેતા ખેલાડીઓમાં પુરુષોની ૧૦૦ મીટર ફ્રીસ્ટાઈલમાં આકાશ મણી (૫૦.૪૦ સેકન્ડ) અને ૧૦૦ મીટર બેકસ્ટ્રોકમાં ઋષભ દાસ (૫૫.૪૪ સેકન્ડ) વિજેતા બન્યા હતા. મહિલાઓની ૫૦ મીટર બ્રેસ્ટસ્ટ્રોકમાં લિનેશા એ.કે.એ ૩૩.૫૧ સેકન્ડ સાથે સુવર્ણ સફળતા મેળવી હતી. કર્ણાટકની રિલે ટીમમાં નિના વેંકટેશ, તનિષી ગુપ્તા, રુજુલા એસ અને ધિનિધિ દેશિંગુનો સમાવેશ થતો હતો, જેમણે શાનદાર ટીમ વર્ક દ્વારા રેકોર્ડ તોડ્યો હતો.

AHMEDABAD EXPRESS
AHMEDABAD • અમદાવાદ

અમદાવાદ એક્સપ્રેસ
THURSDAY • 18-06-2026

## લેબનોનમાંથી સૈન્ય પાછું ખેંચવા ઈરાનની માંગ, શાંતિ કરારને લઈ અમેરિકા-ઈરાન વચ્ચે વિવાદ

# લેબનોનમાંથી સૈન્ય હટ્યા વિના શાંતિ કરાર અશક્ય: ઈરાન

(એજન્સી) દુબઈ । તા. 17

મધ્ય પૂર્વમાં શાંતિ સ્થાપવાના પ્રયાસો વચ્ચે પરિસ્થિતિ વધુ ગંભીર બની રહી છે. ઈરાનના વરિષ્ઠ રાજદ્વારીએ મંગળવારે સ્પષ્ટ કર્યું હતું કે અમેરિકા સાથેનો શાંતિ કરાર ત્યારે જ પરિપૂર્ણ ગણાશે જ્યારે ઈઝરાયેલ લેબનોનમાંથી પોતાની સેના પાછી ખેંચી લેશે. જોકે, ઈઝરાયેલે આ શરતને નકારી કાઢીને લેબનોન પરના હુમલા વધુ આક્રમક બનાવ્યા છે, જેના કારણે પ્રદેશમાં ફરીથી મોટા યુદ્ધનું જોખમ ઊભું થયું છે.

મીડિયા અહેવાલો અનુસાર, દક્ષિણ લેબનોનમાં ઈઝરાયેલી સેનાના તાજા હુમલામાં ચાર લોકોના મોત થયા છે અને અનેક લોકો ઘાયલ થયા છે. ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ સ્પષ્ટ કર્યું છે કે તેમનું સૈન્ય ગાઝા, લેબનોન અને સીરિયામાં જ્યાં સુધી જરૂરી જણાશે ત્યાં સુધી તૈનાત રહેશે. આ હુમલાઓ એવા સમયે થઈ રહ્યા છે જ્યારે ટ્રમ્પ વહીવટીતંત્રની લેબનોનમાં ચાલી રહેલી સૈન્ય કાર્યવાહી અંગે નારાજગી



સામે આવી છે. ટ્રમ્પના મતે, આ સંઘર્ષમાં અત્યાર સુધી ચાર હજારથી વધુ લોકોના મોત થયા છે અને લાખો લોકો વિસ્થાપિત થયા છે.

અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલા શાંતિ કરારને લઈને અધિકારીઓ અલગ-અલગ મંતવ્યો ધરાવે છે. ઈરાનના વિદેશપ્રધાનના મતે, દક્ષિણ લેબનોન પર ઈઝરાયેલનો કબજો કરારનો સીધો ભંગ છે. બીજી તરફ, અમેરિકન અધિકારીઓનું કહેવું છે કે શાંતિ કરારમાં ઈઝરાયેલના સૈન્ય પીછેહઠનો કોઈ ઉલ્લેખ નથી. આ વિરોધાભાસે કરારની વિશ્વસનીયતા પર સવાલો ઉભા કર્યા છે. નેતન્યાહુએ પોતાની પ્રજાને સંબોધતા ઈરાનના પરમાણુ કાર્યક્રમ સામે આકરા વલણનું પુનરાવર્તન કર્યું છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે, "જ્યાં સુધી હું વડાપ્રધાન છું, ત્યાં સુધી ઈરાનને પરમાણુ શસ્ત્રો બનાવવાની મંજૂરી આપવામાં આવશે નહીં." બીજી તરફ, ઈરાનનો પરમાણુ કાર્યક્રમ હાલમાં ૬૦ દિવસની મર્યાદા હેઠળ છે. આ કરારનું અંતિમ સ્વરૂપ શુક્રવારે લ્યુઝર્ન ખાતે નક્કી કરવામાં આવશે. ઈરાન તેના પરમાણુ કાર્યક્રમમાં કેટલો ઘટાડો કરશે તે હજુ અનિશ્ચિત છે, જે આ સમગ્ર શાંતિ પ્રક્રિયા માટે સૌથી મોટો પડકાર બની રહેશે. હાલમાં ઈઝરાયેલ અંદાજે ૬૦૦ કિલોમીટર વિસ્તાર પર અંકુશ ધરાવે છે, જે સ્થિતિ શાંતિના માર્ગમાં મોટો અવરોધ છે.

### શાંતિ કરાર પર મેલોનીનું નિવેદન

# US-ઈરાન શાંતિ કરાર: પાક.નો આભાર માનતી મેલોની

(એજન્સી) રોમ/ઈસ્લામાબાદ । તા. 17



અમેરિકા અને ઈરાન વચ્ચે તાજેતરમાં સંપન્ન થયેલા ઐતિહાસિક શાંતિ કરારે વિશ્વભરમાં નવી આશા જગાડી છે. આ રાજદ્વારી સફળતામાં મહત્વની મધ્યસ્થતા કરનાર દેશો તરીકે પાકિસ્તાન અને કતારનું નામ મોખરે આવ્યું છે. આ કડીમાં ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ ખુલ્લેઆમ પાકિસ્તાનનો આભાર વ્યક્ત કરીને વૈશ્વિક મંચ પર આ મધ્યસ્થતાને મોટી સિદ્ધિ ગણાવી છે.

### શાંતિના પ્રયાસો અને મધ્યસ્થોની ભૂમિકા

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોતાની વાત રાખતા જ્યોર્જિયા મેલોનીએ જણાવ્યું હતું કે, ફ્રાન્સ, જર્મની અને યુનાઈટેડ કિંગડમ સાથે મળીને ઈટાલી આ કરારનું હાર્દિક સ્વાગત કરે છે. તેમણે સ્પષ્ટપણે ઉલ્લેખ કર્યો કે, આ શાંતિ પ્રક્રિયાને સફળ બનાવવામાં પાકિસ્તાન અને કતારે અત્યંત મહત્વની અને રચનાત્મક ભૂમિકા ભજવી છે. આ બંને દેશોના પ્રયાસો વિના આ જટિલ કરારને આકાર આપવો મુશ્કેલ હતો, જેના કારણે યુરોપિયન નેતાઓ તેમના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી રહ્યા છે.

### લેબેનૉન અને હોર્મુઝ અંગેની ચિંતા

શાંતિની આ નવી ધરોહર વચ્ચે તેમણે લેબેનૉનની સ્થિતિ પર પણ ચિંતા વ્યક્ત કરી હતી. મેલોનીએ સ્પષ્ટ કર્યું કે લેબેનૉનમાં લડાઈ અટકવી અત્યંત આવશ્યક છે અને ઈટાલી તે દેશની સાર્વભૌમત્વ જાળવી રાખવા માટે પોતાના પ્રયાસો ચાલુ રાખશે. હોર્મુઝની જળસંધિને ફરીથી ખોલવા અંગે તેમણે સંસદીય મંજૂરી બાદ સક્રિય ભૂમિકા ભજવવાની તૈયારી બતાવી છે, જે આ પ્રદેશમાં સુરક્ષાનું વાતાવરણ ઉભું કરવામાં મદદરૂપ થશે.

### યુરોપિયન દેશોનું સંયુક્ત સમર્થન

યુરોપિયન નેતાઓએ જારી કરેલા એક સંયુક્ત નિવેદનમાં આ ઘટનાને એક મોટી ડિપ્લોમેટિક સફળતા ગણાવી છે. તેમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે આ કરારને ઝડપથી અને સંપૂર્ણ રીતે લાગુ કરવો એ સમયની માંગ છે. મીડિયા અહેવાલો મુજબ, આંતરરાષ્ટ્રીય સમુદાય આ કરારને લઈને અત્યંત આશાવાદી છે. પાકિસ્તાન અને કતાર દ્વારા કરવામાં આવેલી મધ્યસ્થતાએ સાબિત કર્યું છે કે કૂટનીતિના માધ્યમથી ગંભીરમાં ગંભીર વૈશ્વિક વિવાદોને પણ શાંતિના માર્ગે લાવી શકાય છે.


આ કરાર માત્ર અમેરિકા અને ઈરાન માટે જ નહીં, પરંતુ સમગ્ર મધ્ય પૂર્વ અને પશ્ચિમી દેશો માટે સ્થિરતા લાવનારો સાબિત થઈ શકે છે. ભારત સહિતના અન્ય દેશો પણ આ પ્રક્રિયાને ઝીણવટભરી નજરે જોઈ રહ્યા છે. આગામી સમયમાં જ્યારે આ કરાર સંપૂર્ણપણે અમલી બનશે, ત્યારે તે વૈશ્વિક અર્થતંત્ર અને ભૂ-રાજકીય સમીકરણોમાં ચોક્કસપણે મોટા અને હકારાત્મક બદલાવ લાવશે તેવી ધારણા છે.

### પરમાણુ અપ્રસાર અને દરિયાઈ સુરક્ષા પર ભાર

વડાપ્રધાન મેલોનીએ માત્ર આભાર માનવા પૂરતું જ મર્યાદિત ન રહેતા, શાંતિ કરારની કેટલીક શરતો પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું, "આ શાંતિની એક એવી અમૂલ્ય તક છે જેને કોઈ પણ સંજોગોમાં હાથમાંથી જવા દેવી જોઈએ નહીં." મેલોનીએ વધુમાં ઉમેર્યું કે, ઈરાન પરમાણુ હથિયારો મેળવે નહીં તે સુનિશ્ચિત કરવું જરૂરી છે. સાથે જ, દરિયાઈ માર્ગે થતા વૈશ્વિક વેપાર અને પરિવહનની સંપૂર્ણ સ્વતંત્રતાની ગેરંટી હોવી જોઈએ. આ સુરક્ષા માટે ઈટાલી અન્ય સહયોગીઓ સાથે મળીને આંતરરાષ્ટ્રીય નૌકાદળની હાજરીમાં યોગદાન આપવા માટે પણ તૈયારી દર્શાવી રહ્યું છે.

## ન્યૂઝ બ્રીફ

### સલામતી સમિતિમાં ભારતને કાયમી સભ્યપદ મળવું જ જોઈએ: ગ્રોસી



નવી દિલ્હી | વૈશ્વિક રાજકારણના સૌથી શક્તિશાળી મંચ ગણાતા સંયુક્ત રાષ્ટ્રોની સલામતી સમિતિમાં ભારતના કાયમી સભ્યપદનો મુદ્દો ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે. પરમાણુ ઉર્જા પર નજર રાખતી સંસ્થાના વડા રાફેલ એમ. ગ્રોસીએ એક ખાસ વાતચીતમાં ભારતની કાયમી સભ્યપદ માટેની દાવેદારીને મજબૂત સમર્થન આપ્યું છે. આગામી સમયમાં સંયુક્ત રાષ્ટ્રોના મહામંત્રી પદ માટે પ્રબળ દાવેદાર ગણાતા ગ્રોસીના આ નિવેદનને આંતરરાષ્ટ્રીય સ્તરે ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે. ગ્રોસીએ જણાવ્યું હતું કે, "યુએનની સલામતી સમિતિમાં કાયમી સભ્યપદ માટે ભારતની દાવેદારી સૌથી વધુ પ્રબળ અને યોગ્ય છે." તેમણે સ્વીકાર્યું હતું કે અન્ય દેશો પણ આ પદ માટે યોગ્ય છે, પરંતુ ભારતની વૈશ્વિક ભૂમિકા અને વધતી જતી ક્ષમતાને જોતા તેનો દાવો સર્વોપરી છે. ગ્રોસી એક ગ્લોબલ ડિપ્લોમેટ તરીકે જાણીતા છે અને અનેક પરમાણુ વિવાદોને શાંતિપૂર્ણ રીતે ઉકેલવામાં તેમણે મહત્વની ભૂમિકા ભજવી છે.

### હોર્મુઝમાંથી પસાર થવા ટ્રમ્પનો નવો 'વીઆઈપી પાસ' પ્લાન



વૉશિંગ્ટન | ઈરાન અને અમેરિકા વચ્ચે શાંતિ વાર્તાના પ્રયાસો છતાં પર્શિયન ખાડીમાં સ્થિતિ હજુ પણ તણાવપૂર્ણ છે. સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી જહાજોની અવરજવર ફરી સામાન્ય બનાવવા માટે ટ્રમ્પ વહીવટીતંત્ર એક નવી અને ચોંકાવનારી યોજના પર કામ કરી રહ્યું છે, જેને અનૌપચારિક રીતે 'વીઆઈપી પાસ' પ્લાન નામ આપવામાં આવ્યું છે. આ યોજના હેઠળ જહાજના માલિકો નિર્ધારિત ફી ચૂકવીને અમેરિકી નૌસેનાની કડક સુરક્ષા હેઠળ હોર્મુઝની ખાડીમાંથી ઝડપથી અને સુરક્ષિત રીતે પસાર થઈ શકશે. મીડિયા અહેવાલો અનુસાર, હોર્મુઝની બહાર હજુ પણ અંદાજે ૫૦૦ જેટલા દરિયાઈ જહાજો ફસાયેલા છે, જેમાં ૨૨૦થી વધુ ઓઈલ ટેન્કરોનો સમાવેશ થાય છે. શાંતિ કરારની જાહેરાત છતાં, જહાજ માલિકો સુરક્ષાને લઈને હજુ પણ આશંકિત છે. આ માટેનું મુખ્ય કારણ વીમા કંપનીઓનો અભાવ છે. યુદ્ધની સ્થિતિને લીધે વીમા કંપનીઓ આ માર્ગ પર જહાજોને કવરેજ આપવા તૈયાર નથી. હવે અમેરિકા સરકાર 'ડિફેન્સ પ્રોડક્શન એક્ટ'નો ઉપયોગ કરીને વીમા કંપનીઓને કવરેજ આપવા દબાણ કરવા પર વિચાર કરી રહી છે.

## પાલુ તબાહીના ભયથી લોકોમાં ફફડાટ


# ઈન્ડોનેશિયા ભૂકંપે મચાવી ભારે તબાહી, મધ્ય સુલાવેસીમાં ધરતી ધ્રૂજી

(એજન્સી) પાલુ । તા. 17

મધ્ય ઈન્ડોનેશિયાના સુલાવેસી ટાપુ પર મંગળવારે વહેલી સવારે ૬.૭ની તીવ્રતાના શક્તિશાળી ભૂકંપે ભારે આતંક મચાવ્યો છે. ભૂકંપનું કેન્દ્ર પાલુ શહેરથી લગભગ ૪૩ કિલોમીટર દૂર પૂર્વ-દક્ષિણપૂર્વમાં જમીનની ૧૦ કિલોમીટર નીચે નોંધાયું હતું. અચાનક આવેલી ધરતીકંપના ઝાટકાને કારણે ચાર લાખની વસ્તી ધરાવતું પાલુ શહેર હચમચી ગયું હતું. લોકો જીવ બચાવવા માટે પોતાના ઘરોમાંથી બહાર દોડી આવ્યા હતા અને ખુલ્લા મેદાનોમાં આશરો લીધો હતો. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૩૨ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે, જેમાંથી આઠ વ્યક્તિઓની સ્થિતિ અત્યંત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

### ભીષણ આફત અને તબાહીનો તાગ

સ્થાનિક સત્તાવાળાઓ અને મીડિયા અહેવાલ મુજબ, આ કુદરતી આફતને કારણે ૧૦૯ લોકોએ પોતાના રહેઠાણ ગુમાવીને વિસ્થાપિત થવું પડ્યું છે. પ્રાથમિક નુકસાનના આંકડા મુજબ, ૬૪ ઘરો સંપૂર્ણપણે ધરાશાયી થયા છે અથવા તેને ભારે નુકસાન પહોંચ્યું છે. આ ઉપરાંત, ચાર ધાર્મિક સ્થળો, ચાર જાહેર સુવિધાઓ, બે મહત્વના પુલો, બે સરકારી કચેરીઓ, એક લોકપ્રિય કેફે અને એક હોટેલને પણ ગંભીર નુકસાન થયું છે. હોસ્પિટલોએ પણ સાવચેતીના ભાગરૂપે તમામ દર્દીઓને સુરક્ષિત બહાર કાઢવાની ફરજ પડી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, રાહત અને બચાવ કામગીરી દરમિયાન ઘાયલો અને વિસ્થાપિતોનો આ આંકડો હજુ વધી શકે છે.



ભૂકંપને પગલે અસરગ્રસ્ત વિસ્તારોમાં વહીવટી તંત્ર દ્વારા સતર્કતા વધારી દેવામાં આવી છે. લોકોના મનમાં રહેલા ડરને દૂર કરવા અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે રાહત ટુકડીઓ સતત કાર્યરત છે. મીડિયા અહેવાલ મુજબ, અત્યારે પ્રાથમિકતા ઘાયલોને યોગ્ય સારવાર આપવાની અને વિસ્થાપિત થયેલા લોકો માટે આશ્રયસ્થાનોની વ્યવસ્થા કરવાની છે. પાલુ જેવા સંવેદનશીલ વિસ્તારોમાં ભૂકંપની સક્રિયતા જોતા, સ્થાનિકોને ખુલ્લા વિસ્તારોમાં રહેવાની સલાહ આપવામાં આવી છે.

નિષ્ણાતોના મતે, ભૂસ્તરશાસ્ત્રીય દ્રષ્ટિએ આ ક્ષેત્ર અત્યંત સંવેદનશીલ છે. હાલમાં જે રીતે સતત આંચકા અનુભવાઈ રહ્યા છે, તેના પર વૈજ્ઞાનિકોની નજર છે. સરકાર દ્વારા નુકસાન પામેલા ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સરકારી મિલકતોનું મૂલ્યાંકન કરવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. ખાસ કરીને પુલો અને જાહેર સુવિધાઓને થયેલું નુકસાન આવનારા દિવસોમાં મુશ્કેલી ઊભી કરી શકે તેમ છે. વહીવટી તંત્ર દ્વારા લોકોને અફવાઓ પર ધ્યાન ન આપવા અને સુરક્ષિત સ્થાનો પર રહેવા માટે સતત સૂચનાઓ આપવામાં આવી રહી છે. સમગ્ર પ્રદેશ હાલમાં ડર અને અનિશ્ચિતતાના વાદળો હેઠળ છે, ત્યારે સંપૂર્ણ પરિસ્થિતિ થાળે પડતા હજુ સમય લાગી શકે તેમ છે. આ દુર્ઘટના બાદ આખા દેશની નજર મધ્ય સુલાવેસી પર ટકેલી છે. લોકોની સુરક્ષા અને પુનઃસ્થાપન એ આગામી સમયનો સૌથી મોટો પડકાર બની રહેશે. સુરક્ષા એજન્સીઓ અત્યારે સતત સતર્ક છે અને કોઈપણ પ્રકારના વધુ જોખમને ટાળવા માટે યુદ્ધના ધોરણે કામ કરી રહી છે.

### 2018ની યાદો તાજી કરાવી આફ્ટર શોક્સ

આ વિનાશક ભૂકંપની સાથે જોડાયેલી સૌથી ચિંતાજનક બાબત તે સતત આવતા આંચકા છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીના પ્રવક્તા અબ્દુલ મુહારીના જણાવ્યા અનુસાર, મુખ્ય ભૂકંપ બાદ દિવસભર ઓછામાં ઓછા ૫૫ આફ્ટર શોક્સ નોંધાયા છે. આ આંચકાઓને કારણે સમગ્ર વિસ્તારના લોકોમાં ભારે ભયનો માહોલ છવાઈ ગયો છે. આ દુર્ઘટનાએ ૨૦૧૮માં મધ્ય સુલાવેસીમાં આવેલા વિનાશક ભૂકંપ અને સુનામીના કાળા દિવસોની યાદ તાજી કરાવી દીધી છે. તે સમયે થયેલી તબાહીના દ્રશ્યો ફરીથી લોકોની નજર સામે તરવરતા હોવાથી, હાલના આંચકાઓથી લોકો વધુ ગભરાયેલા જોવા મળ્યા હતા.

# તાઈવાન સંકટથી ભારતનો 40 ટકા વેપાર ઠપ થવાનું જોખમ

(એજન્સી) નવી દિલ્હી । તા. 17

અમેરિકા અને ઈરાન વચ્ચેના શાંતિ કરારથી હોર્મુઝના દરિયાઈ માર્ગે રાહત મળી છે, પરંતુ ભારતની ચિંતાઓ ઘટવાનું નામ નથી લઈ રહી. પૂર્વ વિદેશ સચિવ વિજય ગોખલેએ એક ગંભીર ચેતવણી આપતા જણાવ્યું છે કે, હોર્મુઝ કરતા પણ વધુ ભયાનક આર્થિક સંકટ ભારતની સામે તાઈવાનના સ્વરૂપમાં આવી રહ્યું છે. જો ચીન તાઈવાન પર સૈન્ય દબાણ કે નાકાબંદી કરે છે, તો ભારતની અર્થવ્યવસ્થા પર તેની સીધી અને વિનાશક અસર પડશે. હોર્મુઝ વિવાદ દરમિયાન ભારતની ક્રૂડ ઓઈલ આયાતનો ૫૫% અને સીએનજીનો ૯૦% હિસ્સો ખોરવાઈ ગયો હતો, જેના કારણે દેશમાં મોંઘવારીનું સંકટ ઊભું થયું હતું. હવે નિષ્ણાતોના મતે, જો તાઈવાનમાં સ્થિતિ બગડે તો મલાક્કા સ્ટ્રેટ - જે દુનિયાનો સૌથી વ્યસ્ત સમુદ્રી માર્ગ છે - બંધ થઈ શકે છે. આ માર્ગ ચીન, જાપાન અને દક્ષિણ કોરિયા માટે જીવનરેખા સમાન છે. ભારતનો ૪૦% વેપાર આ જ સમુદ્રી માર્ગ પર નિર્ભર છે, જે તુરંત ઠપ થઈ શકે છે. ચીન લાંબા સમયથી તાઈવાનને પોતાના હિસ્સા તરીકે જુએ છે. અમેરિકન ગુપ્તચર એજન્સીના સૂત્રોના જણાવ્યા અનુસાર, ચીની નેતૃત્વએ ૨૦૨૭ સુધીમાં તાઈવાન પર આક્રમણ માટે તૈયારીઓ પૂર્ણ કરવાનો આદેશ આપ્યો છે. મલાક્કા સ્ટ્રેટ બંધ થવાથી માત્ર ઈંધણ જ નહીં, પરંતુ દુનિયાના ૯૦% સેમિકન્ડક્ટર (ચિપ્સ)નો સપ્લાય પણ ખોરવાઈ જશે. ચિપ્સના અભાવે ભારતના ઈ-કોમર્સ, ઓટોમોબાઈલ અને લોજિસ્ટિક્સ ક્ષેત્રો પર ગંભીર અસર પડશે, જે દેશમાં બેરોજગારી અને આર્થિક અસ્થિરતા લાવી શકે છે. વિજય ગોખલેની ચેતવણી મુજબ, તાઈવાન સંકટ ભારતની સૌથી મોટી શક્તિ ગણાતા આઈટી ઉદ્યોગને પણ બરબાદ કરી શકે છે.

# રશિયન ઓઈલ ખરીદવા પર અમેરિકાના પ્રતિબંધથી ભારતનું ટેન્શન, રશિયન ઓઈલ આયાત પર ભારતનું જોખમ વધ્યું

(એજન્સી) નવી દિલ્હી । તા. 17

ફ્રાન્સમાં ચાલી રહેલા જી-૭ શિખર સંમેલનમાં ભારત માટે ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. રશિયા-યુક્રેન યુદ્ધ વચ્ચે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સંકેત આપ્યા છે કે રશિયન ઓઈલ પર આપવામાં આવેલી અસ્થાયી છૂટછાટ હવે સમાપ્ત થઈ શકે છે. આ નિર્ણયની સીધી અસર ભારતની ઊર્જા સુરક્ષા અને સસ્તા ક્રૂડ ઓઈલની આયાત પર પડી શકે છે.

વૈશ્વિક ઓઈલ માર્કેટમાં અસ્થિરતા વચ્ચે રશિયન ઓઈલ ખરીદવા પર મળેલી છૂટની સમયસીમા આજે ૧૭ જૂન, ૨૦૨૬ના રોજ પૂર્ણ થઈ રહી છે. ગત ફેબ્રુઆરીમાં ઈરાન સંઘર્ષ બાદ ક્રૂડ ઓઈલના ભાવ આસમાને પહોંચ્યા હતા, ત્યારે ભારત જેવા દેશોને રાહત આપવા માટે આ છૂટછાટ આપવામાં આવી હતી. પરંતુ હવે ઈરાન સાથેના તણાવમાં ઘટાડો થતા, અમેરિકા ફરી રશિયાની ઊર્જા આવકને રોકવા માટે આર્થિક



દબાણ વધારી રહ્યું છે. બ્રિટન અને કેનેડાએ પણ રશિયાના ગુપ્ત ઓઈલ ટેન્કરો પર નવા પ્રતિબંધોની જાહેરાત કરી દીધી છે.

ભારત હાલમાં રશિયન અશ્મિભૂત ઈંધણનો વિશ્વનો બીજો સૌથી મોટો ખરીદદાર છે. મીડિયા અહેવાલ અનુસાર, મે મહિનામાં રશિયાથી ભારતની ક્રૂડ ઓઈલની આયાત વધીને ૬.૭ બિલિયન ડોલર સુધી પહોંચી હતી, જેમાં ક્રૂડ ઓઈલનો હિસ્સો લગભગ ૮૩% જેટલો રહ્યો હતો. આ આયાતમાં માસિક ધોરણે ૨૧%નો વધારો નોંધાયો હતો, જે ભારતની વધતી જતી ઊર્જા જરૂરિયાતો દર્શાવે છે. હવે જો અમેરિકા આ છૂટછાટ આગળ નહીં વધારે, તો ભારતીય રિફાઈનરીઓ માટે રશિયાથી સસ્તું ઓઈલ મંગાવવું મોટું કૂટનીતિક અને નાણાકીય જોખમ બની જશે.

જી-૭ સમિટમાં યુક્રેનના પ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કીએ પણ રશિયા સામે કડક આર્થિક પ્રતિબંધોની માંગ કરી છે. ભારતના વડાપ્રધાને પણ હોર્મુઝના માર્ગે થતા વેપાર અને વૈશ્વિક અર્થતંત્ર પર તેની અસરનો મુદ્દો પ્રમુખતાથી ઉઠાવ્યો છે. એક તરફ પોતાની અર્થવ્યવસ્થાની જરૂરિયાતો પૂરી કરવા માટે સસ્તા ઓઈલની અનિવાર્યતા અને બીજી તરફ પશ્ચિમી દેશોના દબાણ વચ્ચે સંતુલન જાળવવું એ ભારત માટે આગામી દિવસોમાં મોટો પડકાર રહેશે. ભારત માટે હવે આ મુદ્દે આંતરરાષ્ટ્રીય મંચ પર નવી વ્યૂહરચના ઘડવી અનિવાર્ય બની ગઈ છે.

**ધરા ધ્રુજી..... | જી-૭માં મોદીનો વૈશ્વિક મંત્ર, ભરોસાની અછત પર ગંભીર ચર્ચા**

# જી-૭ મંચથી મોદીનો હૂંફાળો સંદેશ: દુનિયાને ભરોસાની ખાસ જરૂર

(એજન્સી) એવિયાં (ફ્રાન્સ) । તા. 17

વૈશ્વિક મંચ પર ભારતનો અવાજ વધુ એક વખત ગુંજી ઉઠ્યો છે. ફ્રાન્સના એવિયાં શહેરમાં યોજાયેલા મહત્વપૂર્ણ જી-૭ શિખર સંમેલન દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિશ્વના દિગ્ગજ નેતાઓ સમક્ષ વર્તમાન સમયની સૌથી મોટી ચિંતા પર પ્રકાશ પાડ્યો છે. આઉટરીચ સત્રને સંબોધતા વડાપ્રધાને જણાવ્યું કે, આજે સમગ્ર વિશ્વ સંસાધનોની તંગીનો નહીં, પરંતુ પરસ્પર ભરોસાની અછતનો સામનો કરી રહ્યું છે. જ્યારે પીએમ મોદી આ મજબૂત સંદેશ આપી રહ્યા હતા, ત્યારે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ તેમની બાજુમાં જ બેઠા હતા, જે આ દ્રશ્યને વધુ નોંધપાત્ર બનાવી રહ્યું હતું.

### એકતા અને સમાનતાનો નવો યુગ

વડાપ્રધાને જૂની દાતા અને દાન લેનારની માનસિકતાને ફગાવી દેવાનું આહવાન કર્યું છે. તેમણે સ્પષ્ટ કર્યું કે, હવે દુનિયાએ આ જૂના દ્રષ્ટિકોણથી




બહાર નીકળીને એકતા અને સમાનતા પર આધારિત ભાગીદારી તરફ આગળ વધવાની જરૂર છે. ખાસ કરીને ગ્લોબલ સાઉથના દેશો માટે આર્થિક મદદ કરતા સમાન ભાગીદારી વધુ મહત્વની છે. પીએમ મોદીએ ભારપૂર્વક કહ્યું કે ભાગીદારીનો અર્થ કોઈના પર નિર્ભર રહેવું નથી, પરંતુ એકબીજા પ્રત્યે પરસ્પર સન્માનની ભાવના રાખવી છે.

### મોદી-ટ્રમ્પની ખાસ મુલાકાત

સમિટની કાર્યવાહી શરૂ થાય તે પૂર્વે પીએમ મોદી અને ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે લગભગ ૫૦ સેકન્ડ સુધીની ખાસ મુલાકાત થઈ હતી. બંને નેતાઓ વચ્ચેની આ ગરમજોશીભરી મુલાકાત અને ત્યારબાદ સત્રમાં તેમની સાથેની બેઠક રાજદ્વારી વર્તુળોમાં ચર્ચાનો વિષય બની છે. આ મુલાકાતે ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધોની મજબૂતીને ફરી એકવાર સાબિત કરી દીધી છે. ભારતની પ્રાચીન સંસ્કૃતિ અને 'વસુધૈવ કુટુંબકમ'ના મૂલ્યોને યાદ કરતા વડાપ્રધાને જણાવ્યું કે ભારત હંમેશા માનવતાને પ્રાથમિકતા આપે છે. આ વિચારધારા જ ઈન્ટરનેશનલ સોલર એલાયન્સ અને ગ્લોબલ બાયોફ્યુઅલ એલાયન્સ જેવા વૈશ્વિક પ્રયાસો પાછળનું મુખ્ય પ્રેરકબળ છે. મિશન લાઈફ અને 'એક પેડ મા કે નામ' જેવા અભિયાનો દ્વારા ભારતે પર્યાવરણ અને માનવતા પ્રત્યેની પોતાની જવાબદારી નિભાવી છે. આ મહત્વપૂર્ણ સત્રમાં ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન, ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોની અને બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુલા ડી સિલ્વા સહિતના વિશ્વના અગ્રણી નેતાઓ હાજર રહ્યા હતા.

# શાંતિ કરાર ખોરવાતા ટ્રમ્પ ભડક્યા, નેતન્યાહૂની કરી ફજેતી

(એજન્સી) નવી દિલ્હી । તા. 17

પશ્ચિમ એશિયામાં શાંતિ સ્થાપવાના પ્રયાસો વચ્ચે અમેરિકા અને ઈઝરાયેલ વચ્ચેના સંબંધોમાં તણાવની સ્થિતિ જોવા મળી રહી છે. જી-૭ સમિટ દરમિયાન અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે લેબનોનમાં ઈઝરાયેલ દ્વારા કરવામાં આવી રહેલી સૈન્ય કાર્યવાહી પર ખુલ્લેઆમ નારાજગી વ્યક્ત કરી છે. ટ્રમ્પનું માનવું છે કે ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂની વર્તમાન રણનીતિને કારણે ઈરાન સાથે ચાલી રહેલી મહત્વપૂર્ણ શાંતિ વાર્તા લગભગ પાટા પરથી ઉતરી ગઈ છે.

મીડિયા અહેવાલો મુજબ, ટ્રમ્પે કતારના અમીર સાથેની મુલાકાત દરમિયાન ચોંકાવનારું નિવેદન આપતા કહ્યું હતું કે, "હિઝબુલ્લાહ સામે લડવામાં ઈઝરાયેલ કરતા સીરિયા વધુ સારી ભૂમિકા ભજવી શકે છે." ઈઝરાયેલના સૈન્ય અભિયાનમાં સામાન્ય નાગરિકોના થઈ રહેલા મોત પર ટ્રમ્પે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે કોઈ એક વ્યક્તિને નિશાન બનાવવા માટે આખી એપાર્ટમેન્ટ બિલ્ડિંગ તોડી પાડવી યોગ્ય નથી. બૈરૂતમાં થયેલા તાજેતરના હુમલામાં ત્રણ લોકોના મોત અને છ લોકો ઘાયલ થયા બાદ અમેરિકાએ ઈઝરાયેલ સામે પોતાનો વિરોધ નોંધાવ્યો છે.

ટ્રમ્પે ઈઝરાયેલને તેની મર્યાદાઓ યાદ અપાવતા સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, "અમેરિકાના ટેકા વગર ઈઝરાયેલનું અસ્તિત્વ ટકાવી રાખવું અશક્ય છે." આ નિવેદન દ્વારા તેમણે ઈઝરાયેલને અમેરિકી સમર્થનના મહત્વનો અહેસાસ કરાવ્યો છે. બીજી તરફ, અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ ઓછો કરવા માટે એક શાંતિ કરારનું માળખું તૈયાર કરવામાં આવ્યું છે.

# અન્નામલાઈ 14 સપ્ટેમ્બરે પોતાની પાર્ટીની જાહેરાત કરશે

## ટીમમાં 50 વર્ષથી ઓછી ઉંમરના જ સભ્યો હશે; 'વી ધ લીડર' આંદોલન ચલાવી રહ્યા છે

(એજન્સી) તમિલનાડુ | તા.17

તમિલનાડુ ભાજપના પૂર્વ અધ્યક્ષ અને પૂર્વ IPS અધિકારી કે. અન્નામલાઈ 14 સપ્ટેમ્બરે પોતાની નવી પાર્ટીના નામ, નીતિ અને સંગઠનની જાહેરાત કરશે. તેઓ નવેમ્બર-ડિસેમ્બરમાં આખા રાજ્યનો પ્રવાસ કરશે. અન્નામલાઈ 'વી ધ લીડર' આંદોલન દ્વારા યુવાનોને જોડી રહ્યા છે. પોતાના વતન અરાવકુરિચીમાં તાલીમ શિબિર શરૂ કરી છે. પાર્ટીના જિલ્લા સંયોજકોમાં 50 વર્ષથી ઓછી ઉંમરના લોકો જ હશે.

### 2 લક્ષ્યો પર જ ધ્યાન

1. ઓબીસી+એમબીસી: અભિનેતામાંથી નેતા બનેલા સીએમ સી. જોસેફ વિજયની પાર્ટી ટીવીકેએ દલિત અને લઘુમતી મતો પર મજબૂત પકડ બનાવી છે. તેથી અન્નામલાઈ બિન-દલિત વોટ બેંક, ખાસ કરીને ઓબીસી, એમબીસી (મોસ્ટ બેકવર્ડ ક્લાસ) અને સામાન્ય વર્ગ પર ધ્યાન કેન્દ્રિત કરશે.

2. કોંગુ ક્ષેત્ર: આ ક્ષેત્રને સત્તાનો પ્રવેશદ્વાર કહેવાય છે. અહીં 57 વિધાનસભા બેઠકો છે. કોઈ ધાર્મિક ઓળખ વગરના અન્ના અહીંના મધ્યમ વર્ગના ખેડૂતો, વેપારીઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે.





### અન્નામલાઈએ 2020માં ભાજપમાં જોડાયા, 6 વર્ષ પછી રાજીનામું આપ્યું

અન્નામલાઈએ 25 ઓગસ્ટ 2020ના રોજ ભાજપ જોઈન કર્યું હતું. તે સમયે તેઓ કર્ણાટક કેડરના પૂર્વ IPS અધિકારી હતા. પાર્ટીમાં સામેલ થયાના તરત જ તેમને તમિલનાડુ ભાજપના ઉપાધ્યક્ષ બનાવવામાં આવ્યા હતા. 2021માં તેમને તમિલનાડુ ભાજપના પ્રદેશ અધ્યક્ષ નિયુક્ત કરવામાં આવ્યા. એપ્રિલ 2025 સુધી તેઓ આ પદ પર રહ્યા. તમિલનાડુમાં ભાજપના સંગઠનને બૂથ સ્તર સુધી મજબૂત કરવા માટે અભિયાન ચલાવ્યું. એન મન્ન, એન મક્કલ (મારી ધરતી, મારા લોકો) યાત્રા કાઢી, જેના દ્વારા રાજ્યભરમાં જનસંપર્ક કર્યો.

# ચોમાસું પશ્ચિમ કિનારે અટક્યું, મુંબઈ 7-8 દિવસમાં પહોંચશે

## દેશના 103 જિલ્લામાં જ સામાન્ય વરસાદ ; રાજસ્થાનના 23 જિલ્લામાં વાવાઝોડા-વરસાદનું એલર્ટ

(એજન્સી) ભોપાલ/જયપુર/લખનૌ/પટના | તા.17

મોન્સૂન 8 જૂનથી પશ્ચિમી તટ પર લગભગ સ્થિર છે. હવામાન એજન્સી સ્કાયમેટ અનુસાર, મોન્સૂનને મુંબઈ પહોંચવામાં 7-8 દિવસ લાગી શકે છે. તેનું મુખ્ય કારણ બંગાળની ખાડીમાં મજબૂત લો-પ્રેશર એરિયા એટલે કે ડિપ્રેશન ન બનવું છે. મોન્સૂનની ધીમી ગતિને કારણે દેશના 723 જિલ્લાઓમાંથી માત્ર 103માં જ સામાન્ય વરસાદ થયો છે.

રાજસ્થાનના જયપુર, ભરતપુર અને કોટા સહિત 23 જિલ્લાઓમાં આજે વાવાઝોડા-વરસાદનું યલો એલર્ટ છે. છેલ્લા 24 કલાકમાં ઝુનઝુનુ સહિત રાજ્યના 10 જિલ્લાઓમાં 2 ઈંચ વરસાદ થયો છે. જ્યારે, મધ્ય પ્રદેશના રાયસેન, છિંદવાડા, ગ્વાલિયર અને સાગર સહિત 8 જિલ્લાઓમાં વાવાઝોડા-વરસાદની અસર રહેશે.

બિહારના ભાગલપુર, પૂર્ણિયા અને ચંપારણ સહિત 26 જિલ્લાઓમાં આજે વરસાદનું એલર્ટ છે. મંગળવારે પટના સહિત 7 જિલ્લાઓનું તાપમાન 40 ડિગ્રીથી વધુ રહ્યું.

દિલ્હી-એનસીઆરમાં મંગળવારે વરસાદ અને તેજ પવનો ફૂંકાયા. મહત્તમ તાપમાન સામાન્ય કરતાં 6C સુધી ઓછું નોંધાયું, જેના કારણે આ જૂનનો અત્યાર સુધીનો સૌથી ઠંડો દિવસ રહ્યો. 4 જૂને કેરળમાં દસ્તક આપ્યા બાદ મોન્સૂન 13 દિવસમાં 19 રાજ્યો સુધી પહોંચી ચૂક્યું છે.

રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર, છત્તીસગઢ, ઓડિશા, બિહાર, ઝારખંડ, ઉત્તર પ્રદેશ, તેલંગાણા અને મધ્ય પ્રદેશના ઘણા શહેરોમાં સોમવારે પારો 40C થી વધુ રહ્યો. દેશમાં સૌથી વધુ પારો ઉત્તર પ્રદેશના વારાણસીમાં નોંધાયો. અહીં પારો 43C રહ્યો. જ્યારે યુપીના બાંદા અને પ્રયાગરાજમાં 42.6C, એમપીના ખજુરાહોમાં 42.2C, મહારાષ્ટ્રના બ્રહ્મપુરીમાં 42.2C અને ઓડિશાના બૌધમાં 42.6C રહ્યો. બિહાર, ઝારખંડ, ઓડિશા, પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં વરસાદની સંભાવના. બિહારમાં કેટલીક જગ્યાએ 50-70 કિમી પ્રતિ કલાકની ઝડપે તેજ પવનો ફૂંકાઈ શકે છે. આસામ, મેઘાલય અને અરુણાચલ પ્રદેશ, તમિલનાડુ, પુડુચેરી અને કર્ણાટકના કેટલાક ભાગોમાં ભારે વરસાદ થઈ શકે છે.

# NCRના ચારેય રાજ્યોમાં એક-એક નમો સિટી બનશે

## દિલ્હી-NCRમાં લાગુ પડતા પ્રતિબંધોમાંથી રાહત મળશે, ક્ષેત્રમાં કોઈ ફેરફાર નહીં

(એજન્સી) નવી દિલ્હી | તા.17

દિલ્હી-એનસીઆરમાં ચાર ગ્રીન ફિલ્ડ બ્લુ સિટી (નમો સિટી) વિકસાવવામાં આવશે. એનસીઆરમાં સમાવિષ્ટ ચારેય રાજ્યો દિલ્હી, હરિયાણા, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશમાં એક-એક નમો સિટી હશે, જેમને એક પડકાર દ્વારા પસંદ કરવામાં આવશે.

શહેરી બાબતોના મંત્રાલયે નમો સિટીના વિકાસ માટે આગામી 5 વર્ષમાં 5 હજાર કરોડ રૂપિયા ખર્ચ કરવાની જોગવાઈ રાખી છે. એનસીઆર પ્લાનિંગ બોર્ડની 42મી બેઠકમાં મંગળવારે આ નિર્ણય લેવાયો.

બેઠક દરમિયાન દિલ્હી અને હરિયાણાના મુખ્યમંત્રીની હાજરીમાં એનસીઆર માટે રિજનલ પ્લાન-2041ના પ્રસ્તાવો પર ચર્ચા થઈ. શહેરી બાબતોના મંત્રી મનોહર લાલ ખટ્ટરે એ પણ જણાવ્યું કે એનસીઆરના કાર્યક્ષેત્રમાં કોઈ ફેરફાર થશે નહીં.

તેમણે કહ્યું કે આ પ્રસ્તાવ એટલા માટે લાવવામાં આવ્યો કારણ કે રાજધાનીના મુખ્ય વિસ્તારથી ખૂબ જ દૂરના કેટલાક વિસ્તારોમાં પણ એવા પ્રતિબંધો લાગુ પડે છે, જેમની ત્યાં જરૂર હોતી નથી.



### દિલ્હીમાં નરેલા-બવાના, દ્વારકા અને અલીપુર પૈકી એક પર મહોર લાગશે

દિલ્હીમાં પ્રદૂષણ મુક્ત અને સ્માર્ટ 'નમો સિટી' બનાવવાની તૈયારીઓ તેજ બની છે. NCR પ્લાનિંગ બોર્ડની બેઠક બાદ દિલ્હી સરકારે આ ડ્રીમ પ્રોજેક્ટ માટે 3 સંભવિત સ્થળોની ઓળખ કરી છે. સૂત્રો અનુસાર, નરેલા-બવાના, દ્વારકા ફેઝ-2 અને અલીપુર-બુરાડીને શોર્ટલિસ્ટ કરવામાં આવ્યા છે. મુખ્યમંત્રી રેખા ગુપ્તા અને ઉપરાજ્યપાલ ટીએસ સંધુની મંજૂરી બાદ આ પ્રસ્તાવ કેન્દ્રીય શહેરી વિકાસ મંત્રાલયને મોકલવામાં આવશે. કેન્દ્ર સરકાર આ સ્થળોની તકનીકી, ભૌગોલિક અને કનેક્ટિવિટી તપાસ કર્યા પછી કોઈ એક અંતિમ સ્થળ પર મહોર લગાવશે. આ શહેર સંપૂર્ણપણે 'ગ્રીન અને સ્માર્ટ' હશે. તેના મોટા ભાગમાં હરિયાળી (ગ્રીન બેલ્ટ) વિકસાવવામાં આવશે. પ્રદૂષણ રોકવા માટે ફક્ત ઈલેક્ટ્રિક વાહનો અને સાયકલને મંજૂરી આપવામાં આવશે.

# બળવાખોર સાંસદોના NCPIમાં વિલિનીકરણના દાવા પર કાનૂની સલાહ લેશે

(એજન્સી) કોલકાતા | તા.17

તૃણમૂલ કોંગ્રેસ (TMC) ના બળવાખોર સાંસદોએ લોકસભામાં અલગ જૂથ તરીકે માન્યતા આપવાની માગ કરી છે. આ અંગે લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા બંને પક્ષોની વાત સાંભળ્યા બાદ નિર્ણય લેશે.

PTI અનુસાર, અધ્યક્ષ કાર્યાલયે મમતા બેનર્જી જૂથના સાંસદોને પણ ઈમેલ મોકલીને બેઠક માટે બોલાવ્યા છે. બંને પક્ષો સાથે વાત કર્યા પછી જ નિર્ણય લેવાશે. આ નિર્ણય સંસદના ચોમાસુx સત્ર પહેલા આવી શકે છે.

સૂત્રો અનુસાર, અધ્યક્ષ આ મામલે કાયદા મંત્રાલયનો અભિપ્રાય પણ લઈ શકે છે. આ અભિપ્રાય એટલા માટે લેવામાં આવી રહ્યો છે જેથી અધ્યક્ષનો નિર્ણય કોર્ટમાં પડકારવામાં આવે તો પણ કાયદાકીય તપાસમાં ટકી શકે. રવિવારે TMC ના 20 બળવાખોર સાંસદોમાંથી 17 એ અધ્યક્ષ સાથે મુલાકાત કરીને આવેદનપત્ર સુપરત કર્યું હતું. તેમણે લોકસભામાં અલગ બેઠક વ્યવસ્થા અને તેમના જૂથના નેશનાલિસ્ટ સિટિઝન્સ પાર્ટી ઓફ ઈન્ડિયા (NCPI) માં વિલિનીકરણની જાણકારી આપી હતી. પૂર્વ લોકસભા મહાસચિવ અને બંધારણીય નિષ્ણાત પીડીટી આચાર્યના મતે, બંધારણની દસમી અનુસૂચિ હેઠળ ફક્ત કોઈ રાજકીય પક્ષ જ બીજા રાજકીય પક્ષમાં વિલય કરી શકે છે. તેમણે કહ્યું કે જો કોઈ પાર્ટીનું નેતૃત્વ વિલયનો નિર્ણય કરે છે, તો તેના સાંસદો અને ધારાસભ્યો તેનો ભાગ બની શકે છે, પરંતુ સાંસદ કે ધારાસભ્ય પોતાના દમ પર કોઈ બીજી પાર્ટીમાં વિલય કરી શકતા નથી. એક પૂર્વ ચૂંટણી પંચ અધિકારીએ પણ બળવાખોર સાંસદોના NCPI માં વિલયના પ્રસ્તાવને 'નવી વ્યવસ્થા' ગણાવી. તેમના મતે, આવી વ્યવસ્થાનો ઉલ્લેખ ન તો પક્ષપલટા કાયદામાં છે અને ન તો જનપ્રતિનિધિત્વ કાયદામાં.

# ગુરુગ્રામની સોફ્ટવેર એન્જિનિયરનો મસૂરીમાં નગ્ન મૃતદેહ મળી આવ્યો

## દારૂ અને સેક્સ પાવરવાળી દવાના રેપર મળ્યા; પતિ સાથે ફરવા ગઈ હતી

(એજન્સી) હરિયાણા | તા.17

હરિયાણાના ગુરુગ્રામમાં IT કંપનીમાં કામ કરતી મહિલા સોફ્ટવેર એન્જિનિયરનો નગ્ન મૃતદેહ ઉત્તરાખંડના મસૂરીની હોટલના રૂમમાંથી મળ્યો. રૂમમાંથી લોહીના નિશાન, દારૂની બોટલો અને સેક્સ પાવરની દવાઓના રેપર મળ્યા છે.

27 વર્ષીય એન્જિનિયર પી. રાધા ગાયત્રી મૂળ આંધ્ર પ્રદેશના વિશાખાપટ્ટનમની રહેવાસી હતી. આઠ મહિના પહેલા તેના લગ્ન સૌમ્યા શ્રીચરણ સાથે થયા હતા. તે પુણેની એક IT કંપનીમાં કામ કરે છે.

રાધા તેના પતિ સાથે ઋષિકેશ ફર્યા બાદ મસૂરી પહોંચી હતી. બંને એક હોમસ્ટેમાં રોકાયા હતા. સોમવારે સવારે પતિની જાણ પર મસૂરી પોલીસ જ્યારે રૂમમાં પહોંચી ત્યારે મહિલાનો મૃતદેહ ફ્લોર પર પડ્યો હતો.



### પોલીસ આ કેસમાં શું કરી રહી છે..

**હોમસ્ટેના સીસીટીવી ફૂટેજ પણ તપાસવામાં આવી રહ્યા છે:** સીઓ મસૂરી જગદીશ પંતના જણાવ્યા અનુસાર, પોલીસની પ્રાથમિક પૂછપરછમાં પતિએ જણાવ્યું કે તેમના લગ્ન નવેમ્બર 2025માં થયા હતા. તે પુણેમાં અને ગાયત્રી ગુરુગ્રામમાં નોકરી કરતી હતી. લગ્ન પછી તેઓ પહેલીવાર ફરવા આવ્યા હતા. બંનેએ રાત્રે સાથે દારૂ પીધો હતો. પોલીસ મૃતકના પતિની પૂછપરછ કરી રહી છે અને હોમસ્ટેના સીસીટીવી ફૂટેજ પણ તપાસવામાં આવી રહ્યા છે. **મોતના કારણ માટે પોસ્ટમોર્ટમ કરાવી રહી છે:** સીઓ મસૂરીનું કહેવું છે કે પોસ્ટમોર્ટમ વિના હજુ કંઈ કહી શકાય નહીં. મોતના વાસ્તવિક કારણો પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને ફોરેન્સિક તપાસ પછી જ જાણી શકાશે. કેસની સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને, ડોકટરોના પેનલ દ્વારા વીડિયોગ્રાફી સાથે પોસ્ટમોર્ટમ કરાવવા વિનંતી કરવામાં આવી છે.

### પહેલાં ક્રમબદ્ધ રીતે વાંચો આખી ઘટના...

**નવવિવાહિત દંપતી મસૂરી ફરવા આવ્યા હતા :** મસૂરી પોલીસના જણાવ્યા અનુસાર, દંપતી 13 જૂને દિલ્હીથી ઉત્તરાખંડ ફરવા નીકળ્યા હતા. ઋષિકેશમાં સમય વિતાવ્યા બાદ 14 જૂનની રાત્રે લગભગ 11:30 વાગ્યે મસૂરી-ધનૌલ્ટી માર્ગ પર આવેલા ટિપરીધાર વિસ્તારના એક હોમસ્ટેમાં રોકાયા હતા. 15 જૂનની વહેલી સવારે રાધા ગાયત્રી પોતાના રૂમમાં મૃત હાલતમાં મળી આવી હતી. પતિ જ્યારે જાગ્યો ત્યારે તેણે હોમસ્ટે મેનેજમેન્ટ અને પોલીસને જાણ કરી.

**સવારે પત્ની મૃત અવસ્થામાં મળી :** પતિ સૌમ્યા શ્રીચરણએ જણાવ્યું કે રાત્રે લગભગ 3:30 વાગ્યે બંને સૂઈ ગયા હતા. સોમવારે સવારે જ્યારે તે જાગ્યો ત્યારે પત્ની ફ્લોર પર બેભાન અવસ્થામાં પડેલી મળી. તેના નાકમાંથી લોહી નીકળી રહ્યું હતું અને યુરિન પણ નીકળેલું હતું. બેડશીટ પર પણ લોહી ફેલાયેલું હતું. આ જોઈને તે ગભરાઈ ગયો અને હોટેલ મેનેજમેન્ટને બોલાવ્યું.

**પોલીસે પુરાવા અને નમૂના એકત્રિત કર્યા :** મસૂરી પોલીસ અને 108 એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી. એમ્બ્યુલન્સમાં હાજર ફાર્માસિસ્ટે તપાસ બાદ મહિલાને મૃત જાહેર કરી. ત્યારબાદ ફોરેન્સિક ટીમને બોલાવીને ઘટનાસ્થળની વીડિયોગ્રાફી અને ફોટોગ્રાફી કરાવવામાં આવી. સાથે જ જરૂરી પુરાવા અને નમૂના કબજે લેવામાં આવ્યા.

**રૂમમાંથી દારૂની બોટલો મળી:** પોલીસ તપાસમાં મહિલા રૂમના ફ્લોર પર નગ્ન અવસ્થામાં મળી. બેડની ચાદર પર લોહી ફેલાયેલું હતું અને રૂમમાંથી દારૂની બે ખાલી બોટલો મળી આવી. રૂમમાં અન્ય ખાવા-પીવાનો સામાન પણ રાખેલો હતો. પતિએ પણ બંનેએ રાત્રે દારૂ પીધો હોવાનું જણાવ્યું છે. પોલીસ તમામ પાસાઓને ધ્યાનમાં રાખીને તપાસ કરી રહી છે.

**પતિએ કબૂલ્યું- સેક્સ પાવર વધારવાની દવા લીધી:** સૂત્રો અનુસાર, પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે 14 જૂનની રાત્રે એન્જિનિયર દંપતીએ દારૂ પીધા પછી સેક્સ પાવર વધારવાની દવા પણ લીધી હતી. પતિએ સ્વીકાર્યું કે રાત્રિના સમયે બંનેએ મળીને બે બોટલ દારૂ પીધો હતો. તે પછી સેક્સ પાવર વધારવાની દવા લીધી હતી. ત્યારબાદ મોડી રાત્રે લગભગ 3:30 વાગ્યે બંને સૂવા ગયા હતા. સવારે જ્યારે પતિની ઊંઘ ઉડી, ત્યારે રૂમનો નજારો જોઈને તેના હોશ ઉડી ગયા.

# છેલ્લા એક દાયકામાં ભારતની કુલ નિકાસ આશરે 441 અબજ અમેરિકી ડોલરથી વધીને 863 અબજ અમેરિકી ડોલર સુધી પહોંચી છેઃ અજય ભાદુ, અધિક સચિવ, કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ

માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ છેલ્લા એક દાયકામાં ભારતના વેપાર અને નિકાસ ક્ષેત્રે અભૂતપૂર્વ પરિવર્તન જોવા મળ્યું છે. નીતિગત સુધારાઓ, ડિજિટલ ગવર્નન્સ, વેપાર સુગમતા અને વૈશ્વિક અર્થવ્યવસ્થા સાથે વધતા એકીકરણના પરિણામે ભારતે વૈશ્વિક વેપારમાં પોતાની મજબૂત ઓળખ સ્થાપિત કરી છે. આ પરિવર્તનશીલ યાત્રામાં વિશેષ કરીને સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (SEZ)ના વિકાસ, રોકાણ આકર્ષણ અને નિકાસ વૃદ્ધિ દ્વારા મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. ગુજરાતના SEZ ક્ષેત્રની છેલ્લા 12 વર્ષની સિદ્ધિઓ, પ્રગતિ અને ભાવિ દ્રષ્ટિકોણને ઉજાગર કરવા માટે આયોજિત આઉટરીચ કાર્યક્રમનું ઉદ્ઘાટન ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના અધિક સચિવ શ્રી અજય ભાદુ, કંડલા સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (KASEZ)ના ઝોનલ ડેવલપમેન્ટ કમિશનર શ્રી જ્ઞાનેશ્વર બી. પાટીલ તથા ગુજરાત સરકારના ઉદ્યોગ કમિશનર શ્રી પી. સ્વરૂપના હસ્તે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન ગુજરાત સરકાર અને ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના વિદેશ વેપાર મહાનિદેશાલય દ્વારા કરવામાં આવ્યું હતું.ભારતના વધતા વૈશ્વિક વ્યાપારિક વિસ્તરણને ઉજાગર કરતાં અધિક સચિવ શ્રી અજય ભાદુએ જણાવ્યું હતું કે છેલ્લા એક દાયકામાં ભારતની કુલ નિકાસ આશરે 441 અબજ અમેરિકી ડોલરથી વધીને 863 અબજ અમેરિકી ડોલર સુધી પહોંચી છે. આ વૃદ્ધિમાં એન્જિનિયરિંગ ઉત્પાદનો, પેટ્રોલિયમ ઉત્પાદનો, ઈલેક્ટ્રોનિક્સ, ફાર્માસ્યુટિકલ્સ, રત્ન અને આભૂષણ તેમજ રસાયણ ક્ષેત્રનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો છે. ગુજરાત આ વિકાસયાત્રામાં મુખ્ય યોગદાનકર્તા તરીકે ઉભર્યું છે, જેનો નિકાસમાં અંદાજે 110 અબજ અમેરિકી ડોલરનો ફાળો છે. ગુજરાતે વર્ષ 1965માં મુક્ત વેપારી ક્ષેત્રો (Free Trade Zones)ની સ્થાપના કરીને એક ઐતિહાસિક પહેલ કરી હતી. તે સમયે માત્ર ભારતમાં જ નહીં, પરંતુ સમગ્ર એશિયામાં પણ આવા દુરંદેશી ઔદ્યોગિક વિકાસના મોડેલ અંગે બહુ ઓછો વિચાર કરવામાં આવ્યો હતો. ગુજરાતે આ ક્ષેત્રમાં અગ્રણી ભૂમિકા ભજવી અને વૈશ્વિક રોકાણ તથા નિકાસ આધારિત વિકાસ માટે નવી દિશા પ્રસ્થાપિત કરી છે.તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 'મેઈડ ઈન ઈન્ડિયા, મેક ફોર ધ વર્લ્ડ' વિઝનને મહત્ત્વપૂર્ણ ગણાવ્યું હતું. દેશમાં ઈઝ ઑફ ડૂઈંગ બિઝનેસ માટે રાષ્ટ્રીય સ્તરે ટ્રેડ કનેક્ટ, ટ્રેડ ઈન્ટેલિજન્સ એન્ડ એનાલિટિક્સ (TIA) પોર્ટલ અને મર્ચેન્ડાઈઝ ઈમ્પોર્ટ્સ મોનિટરિંગ પોર્ટલ (MIMP) જેવા મહત્ત્વના ડિજિટલ પ્રકલ્પો શરૂ કરવામાં આવ્યા છે. જ્યારે ઈન્ડિયા બ્રાન્ડ ઈક્વિટી ફાઉન્ડેશન પણ વૈશ્વિક સ્તરે ભારત માટે વિશ્વાસનું સીમાચિહ્ન હોવાનું ઉમેર્યું હતું.તેમણે વધુમાં જણાવ્યું કે ભારતની સક્રિય વેપાર કૂટનીતિના પરિણામે મોરીશિયસ, સંયુક્ત આરબ અમીરાત (UAE), ઓસ્ટ્રેલિયા તથા યુનાઈટેડ કિંગડમ સાથે મહત્વપૂર્ણ મુક્ત વેપાર કરારો (FTA) થયા છે, જ્યારે યુરોપિયન યુનિયન અને ન્યૂઝીલેન્ડ સાથે પણ પ્રગતિ પર છે, જેના કારણે ભારતીય નિકાસકારો માટે નવી તકો ઊભી થઈ છે.તેમણે આગળ જણાવ્યું કે સરકારે નાણાંકીય વર્ષ 2025-26થી 2030-31 દરમિયાન 25,600 કરોડના ખર્ચ સાથે Export Promotion Mission શરૂ કર્યું છે, જેનો હેતુ નિકાસ તંત્રને મજબૂત બનાવવાનો, MSME ક્ષેત્રને સહાય આપવાનો તથા ભારતના વૈશ્વિક મૂલ્ય શૃંખલાઓ (Global Value Chains) સાથેના એકીકરણને ગતિ આપવાનો છે.ઝોનલ વિકાસ કમિશનર શ્રી જ્ઞાનેશ્વર બી. પાટીલ એ જણાવ્યું હતું કે વિશેષ આર્થિક ક્ષેત્રો (SEZ) રોકાણ, રોજગાર, નવીનતા અને નિકાસના મુખ્ય પ્રેરક કેન્દ્રો તરીકે ઉભર્યા છે અને "મેક ઈન ઈન્ડિયા", "આત્મનિર્ભર ભારત" તથા "વિકસિત ભારત 2047"ના વિઝનને સાકાર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે.તેમણે જણાવ્યું કે ગુજરાતના SEZમાંથી થતી નિકાસ વર્ષ 2014-15ના 1,79,808 કરોડથી વધીને વર્ષ 2025-26માં 3,00,793 કરોડ થઈ છે, જે લગભગ 67 ટકા વૃદ્ધિ દર્શાવે છે. હાલમાં ગુજરાત દેશની કુલ SEZ નિકાસમાં આશરે 21 ટકા ફાળો આપે છે. આ જ સમયગાળામાં ગુજરાતના SEZમાં રોકાણ 1,22,654 કરોડથી વધીને 2,28,624 કરોડ થયું છે, જ્યારે રોજગારની તકો 63,475થી વધીને 2.22 લાખથી વધુ થઈ છે. ગુજરાત ઉચ્ચ ટેક્નોલોજી આધારિત ઉત્પાદન કેન્દ્ર તરીકે ઉભરી રહ્યું છે તે બાબત પર પ્રકાશ પાડતાં તેમણે જણાવ્યું કે રાજ્યમાં CG Semi Technologies, Kaynes Semicon, Tata Semiconductor Manufacturing અને Micron Technology સહિત ચાર સેમિકન્ડક્ટર SEZને મંજૂરી આપવામાં આવી છે.ગુજરાતને વર્ષ 2047 સુધીમાં 3.5 ટ્રિલિયન અમેરિકી ડોલરની અર્થવ્યવસ્થા બનાવવાના લક્ષ્ય તરફ એક મહત્વપૂર્ણ પગલું ભરતાં ગુજરાત સરકારે 15 જૂન 2026ના રોજ "વિકસિત ગુજરાત ઔદ્યોગિક નીતિ 2026"ની જાહેરાત કરી છે. આ નીતિ વિશે વિગતે વાત કરતાં ઉદ્યોગ કમિશનર શ્રી પી. સ્વરૂપે વિકસિત ગુજરાત ઔદ્યોગિક નીતિ 2026 જણાવ્યું કે આ નીતિ એક દૂરંદેશી અને પરિવર્તનકારી માળખું રજૂ કરે છે, જેનો હેતુ ગુજરાતને અદ્યતન ઉત્પાદન, નવીનતા અને ટકાઉ વિકાસના વૈશ્વિક કેન્દ્ર તરીકે વિકસાવવાનો છે. આ નીતિ હેઠળ ગુજરાતને વૈશ્વિક ઉત્પાદન અને મૂલ્યવર્ધન કેન્દ્ર તરીકે વિકસાવવા માટે 21 મુખ્ય ક્ષેત્રોની ઓળખ કરવામાં આવી છે.આ કાર્યક્રમમાં ઝાયડસ સેઝ, આઈનોક્સ, કેએએસઈઝ અને માઈક્રોન સેઝના પ્રતિનિધિઓએ પોતાની ઔદ્યોગિક સાફલ્યગાથાઓમાં સરકારના સક્રિય સહયોગ અંગે વાતો કરી હતી.




# NFR એ અત્યાધુનિક રેલ્વે માટે ટેકનોલોજી-આધારિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ટ્રેક જાળવણી ઉકેલો પર પ્રખ્યાત IIT પ્રોફેસર સાથે વાર્તાલાપ કર્યો

માલીગાંવ : નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વે (NFR) એ રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મેનેજમેન્ટ માટે નવી ટેકનોલોજીના ઉપયોગ પર એક ઈન્ટરેક્ટિવ સત્રનું આયોજન કર્યું. આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રખ્યાત વૈજ્ઞાનિક, ટેકનોલોજી નિષ્ણાત અને IIT ગુવાહાટીના પ્રોફેસર અશ્વની કે. નંદાએ માહિતીપ્રદ પ્રેઝન્ટેશન આપ્યું. તેઓ નવી દિલ્હીથી વર્ચ્યુઅલી આ કાર્યક્રમમાં જોડાયા. આ સત્રમાં રેલ્વે ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સલામતી, વિશ્વસનીયતા અને લાંબા ગાળાની ટકાઉપણું સુનિશ્ચિત કરવામાં કૃત્રિમ બુદ્ધિ, અદ્યતન સેન્સિંગ ટેકનોલોજી અને ડિજિટલ પ્લેટફોર્મની મહત્વપૂર્ણ ભૂમિકા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. NFR ના જનરલ મેનેજર, શ્રી ચેતન કુમાર શ્રીવાસ્તવ, એડિશનલ જનરલ મેનેજરો, વિભાગોના વડાઓ અને મુખ્યાલય અને વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા કાર્યક્રમમાં જોડાયા. પ્રેઝન્ટેશન દરમિયાન, પ્રો. નંદાએ



'મલ્ટીપલ સેન્સર, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ડિજિટલ ટ્વિન્સનો ઉપયોગ કરીને ટ્રેક નિરીક્ષણ અને દેખરેખ માટે સ્વાયત્ત, સંકલિત સિસ્ટમ' ની અદ્યતન વિભાવના પર વિગતવાર વાત કરી. પ્રસ્તાવિત સિસ્ટમ બુદ્ધિશાળી સેન્સર નેટવર્ક્સ અને AI-આધારિત આગાહી વિશ્લેષણ દ્વારા ટ્રેકની સ્થિતિનું સતત મૂલ્યાંકન કરવાની યોજના ધરાવે છે, જે સમયસર જાળવણી અને ડેટા-આધારિત નિર્ણયોને સક્ષમ બનાવે છે. આવી ટેકનોલોજીમાં સંપત્તિ વ્યવસ્થાપનમાં નોંધપાત્ર સુધારો કરવાની, જાળવણી સંસાધનોને શ્રેષ્ઠ બનાવવાની, કાર્યકારી વિશ્વસનીયતા વધારવાની અને રેલ સલામતી ધોરણોને વધુ મજબૂત બનાવવાની ક્ષમતા છે. સભાને સંબોધતા, NFR ના જનરલ મેનેજરે સુરક્ષિત, સ્માર્ટ અને વધુ સ્થિતિસ્થાપક રેલ સિસ્ટમ બનાવવા માટે નવી ટેકનોલોજી અપનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે જણાવ્યું હતું કે રેલ પરિવહનની ભવિષ્યની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે ટેકનોલોજીકલ નવીનીકરણ અને પર્યાવરણીય જવાબદારી સાથે મળીને ચાલવી જોઈએ. આ કાર્યક્રમમાં રેલ્વે સલામતી, કાર્યક્ષમતા અને પર્યાવરણીય ટકાઉપણું સુધારવા માટે નવીનીકરણ અને ટેકનોલોજીનો ઉપયોગ કરવાની NFR ની પ્રતિબદ્ધતા પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.કોન્ફરન્સ દરમિયાન, NFR એ વિશ્વ પર્યાવરણ દિવસ 2026 ની પણ ઉજવણી કરી.

નં.-1-26013/23rd Bn/ITBP/E-2/CT/સુતરીયા દીપકકુમાર વજુભાઈ/2026-135
કમાન્ડન્ટની કચેરી
23મી બટાલિયન, ઈન્ડો તિબેટિયન બોર્ડર પોલીસ ફોર્સ
ગૃહ મંત્રાલય/ભારત સરકાર
પો.ઓ. સીમાદ્વાર, દેહરાદૂન (ઉત્તરાખંડ)

"નોટિસ"

રેજિમેન્ટલ નંબર-210480319, સીટી(જીડી) સુતરીયા દીપકકુમાર વજુભાઈ, પિતાનું નામ: સુતરીયા વજુભાઈ મોતીભાઈ, ગામ+પો.ઓ.- વડોથ, તાલુકો+પો.સ્ટે.- વડાલી, જિલ્લો- સાબરકાંઠા, રાજ્ય- ગુજરાત, પિન- 383235, સક્ષમ અધિકારીની પૂર્વ જાણકારી/મંજૂરી વિના 18.03.2026 (FN) થી 23મી બટાલિયન, આઈટીબીપીમાંથી ગેરહાજર છે. તેમને 23મી બટાલિયન, આઈ.ટી.બી. પોલીસ ફોર્સની કચેરીના મેમો નં. 2013, તારીખ 25.03.2026 અને નં. 2483, તારીખ 11.04.2026 દ્વારા ફરજ પર હાજર થવા સૂચના આપવામાં આવી હતી, પરંતુ તેઓ અત્યાર સુધી હાજર થયા નથી. વધુમાં, 23મી બટાલિયન, આઈટીબીપીના પત્ર ક્રમાંક 81, તારીખ 16.04.2026 દ્વારા પોલીસ અધિક્ષક, સાબરકાંઠા, ગુજરાત પોલીસ તેમજ એસએચઓ, પો.સ્ટે.- વડાલીને તેમને પકડીને 23મી બટાલિયન, આઈટીબીપી, સીમાદ્વાર, દેહરાદૂન અથવા નજીકના આઈટીબીપી ફોર્મેશનને સોંપવા વિનંતી કરવામાં આવી હતી, પરંતુ ન તો પોલીસ સત્તાધિકારીઓ દ્વારા તેમને પકડવામાં આવ્યા છે કે ન તો તેમના તરફથી કોઈ જવાબ મળ્યો છે. ત્યારબાદ, તેમને 23મી બટાલિયન, આઈ.ટી.બી.પી.ના કાર્યાલયના આદેશ નં. 3761, તારીખ 04.06.2026 દ્વારા 18.03.2026 (FN) થી 'ભાગેડુ' (DESERTER) જાહેર કરવામાં આવ્યા છે.

2. રેજિમેન્ટલ નંબર-210480319, સીટી(જીડી) સુતરીયા દીપકકુમાર વજુભાઈ, પિતાનું નામ: સુતરીયા વજુભાઈ મોતીભાઈ, ગામ+પો.ઓ.- વડોથ, તાલુકો+પો.સ્ટે.- વડાલી, જિલ્લો- સાબરકાંઠા, રાજ્ય- ગુજરાત, પિન- 383235 ને આ નોટિસ દ્વારા ફરીથી નિર્દેશ આપવામાં આવે છે કે તેઓ આ નોટિસના સમાચારપત્રમાં પ્રકાશનના 30 દિવસની અંદર 23મી બટાલિયન, આઈટીબીપી, સીમાદ્વાર, દેહરાદૂન (ઉત્તરાખંડ) ખાતે હાજર થાય. તેમ કરવામાં નિષ્ફળ જશે તો, તેવું માની લેવામાં આવશે કે તેઓ આઈટીબીપીએફ (ITBPF) માં સેવા આપવા ઈચ્છુક નથી અને તે મુજબ તેમના વિરુદ્ધ 'હટાવવા/બરતરફી'નો આદેશ જારી કરવામાં આવી શકે છે.

કમાન્ડન્ટ
23મી બટાલિયન, આઈ.ટી.બી. પોલીસ

CBC 19112/11/0042/2627

સિટી એક્સપ્રેસ
THURSDAY 18 JUNE-2026
AHMEDABAD

### ખેડૂતોના પ્રશ્નો પર લડતનું એલાન, 30 જૂને ચક્કાજામની જાહેરાત

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ | ખેડૂત અધિકાર સત્યાગ્રહ બાદ ખેડૂતોના પ્રશ્નોને લઈને સંઘર્ષ વધુ તેજ બનાવવાનો સંકલ્પ વ્યક્ત કરતાં અખિલ ભારતીય સેવાદળના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજીભાઈ દેસાઈ અને ગુજરાત પ્રદેશ કિસાન કોંગ્રેસના અધ્યક્ષ જયેશ પટેલે રાજ્યવ્યાપી આંદોલનની જાહેરાત કરી છે. બંને નેતાઓએ સ્પષ્ટ કર્યું કે ખેડૂતોના પ્રશ્નોનું સંપૂર્ણ નિરાકરણ નહીં આવે ત્યાં સુધી કિસાન કોંગ્રેસ લડત ચાલુ રાખશે. ગાંધીનગરમાં યોજાયેલી પત્રકાર પરિષદમાં લાલજીભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે છેલ્લા છ મહિનાથી ગામે-ગામ જઈ ખેડૂતોના પ્રશ્નોને વાચા આપવામાં આવી છે.

### પાઠ્યપુસ્તકોના વિતરણમાં વિલંબ મુદ્દે કોંગ્રેસનો સરકાર પર પ્રહાર

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ | ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કોર્ડિનેટર અને પ્રવક્તા હેમાંગ રાવલે રાજ્યમાં ધોરણ 9થી 12ના વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકો સમયસર ઉપલબ્ધ ન થવાના મુદ્દે સરકાર અને શિક્ષણ વિભાગ પર આકરા પ્રહારો કર્યા છે. રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં તેમણે જણાવ્યું કે રાજ્યમાં શાળાઓ શરૂ થયાને 10 દિવસથી વધુ સમય વીતી ગયો હોવા છતાં લાખો વિદ્યાર્થીઓ, ખાસ કરીને ધોરણ 9 અને 11ના વિદ્યાર્થીઓ, હજુ પણ પાઠ્યપુસ્તકો વિના અભ્યાસ કરવા મજબૂર બન્યા છે.



# અમદાવાદનાં થલતેજ, વસ્ત્રાપુર અને બોડકદેવની 6 હોટેલને સીલ કરાઈ

## ફાયરના નિયમોનું પાલન ન થતા નોટિસ ફટકારાઈ હતી, જાણો લિસ્ટ



અમદાવાદ | દિલ્હીના હોટલમાં આગની ઘટના બાદ અમદાવાદ ફાયર બ્રિગેડ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી હોટલ અને બિલ્ડીંગોમાં ચેકિંગ હાથ ધર્યું હતું જેમાં ફાયરના નિયમોનું પાલન ન થતા નોટિસ આપવામાં આવી હતી. 7 દિવસમાં ફાયરના નિયમોનું યોગ્ય રીતે પાલન કરવા અંગેની નોટિસની સમય મર્યાદા પૂર્ણ થઈ જતા ફાયર વિભાગ અને એસ્ટેટ વિભાગ દ્વારા થલતેજ, વસ્ત્રાપુર અને બોડકદેવની 6 હોટલોને સીલ કરવામાં આવી છે.

અમદાવાદ ફાયર બ્રિગેડના ડિવિઝનલ ફાયર ઓફિસર એસ. બી. જાડેજાએ જણાવ્યું હતું કે, દિલ્હીમાં હોટેલમાં લાગેલી આગની ઘટના બાદ અમદાવાદ ફાયર બ્રિગેડ અને ઉત્તર પશ્ચિમ ઝોન એસ્ટેટ વિભાગ દ્વારા બોડકદેવ અને થલતેજ વિસ્તારમાં હોટેલ, રેસ્ટોરન્ટ, કિચન અને ગેસ્ટ રૂમ ધરાવતા બિલ્ડિંગોમાં ફાયર જોખમ નિવારણ, જીવન સુરક્ષા (Life Safety), કાયદાકીય પાલન (Compliance), વિજિલન્સ ચેકિંગ અને અમલવારી (Enforcement) અંતર્ગત ચેકિંગ કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં કેટલીક હોટલોમાં ફાયર સિસ્ટમ યોગ્ય રીતે કાર્યરત નહોતી, રસોડામાં ફાયર સસ્પેન્શન સિસ્ટમનો અભાવ હતો. LPG ગેસ પાઈપલાઈન લીકેજ હતી.

અલગ અલગ હોટલોમાં સુરક્ષાને ધ્યાનમાં રાખીને ફાયર વિભાગ દ્વારા ફાયર સિસ્ટમમાં ખામીથી લઈને બિલ્ડીંગમાં રહેલી ખામીઓ અંગે નોટિસ આપવામાં આવી હતી. 7 દિવસની સમય મર્યાદા સાથેની નોટિસ આપવામાં આવી હતી, જેમાં ખામીઓ દૂર કરવા અંગે જણાવ્યું હતું. જોકે કેટલીક હોટેલો દ્વારા નોટિસ આપ્યા બાદ પણ કોઈ કાર્યવાહી ન કરવામાં આવતા થલતેજ, બોડકદેવ વિસ્તારની 6 જેટલી હોટેલોને સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવી છે.

### સામાન્ય ફાયર સેફ્ટી ઉલ્લંઘનો

- કિચન વિભાગ.
- કિચન હૂડ અને ડક્ટમાં ગ્રીસનો જથ્થો.
- ઓટોમેટિક કિચન ફાયર સપ્રેશન સિસ્ટમનો અભાવ.
- LPG પાઈપલાઈન લીકેજ અથવા બિનઅનુમોદિત જોડાણ.
- ગેસ ડિટેક્ટર ન હોવું.
- કિચન એક્ઝોસ્ટ ડક્ટની સફાઈ ન કરવી.
- બિલ્ડિંગ વિભાગ
- ઈમરજન્સી એક્ઝિટ બંધ અથવા અવરોધિત.
- સ્ટેરકેસમાં સ્ટોરેજ સામગ્રી રાખવી.
- ફાયર ડોર કાર્યરત ન હોવા.
- ફાયર એલાર્મ સિસ્ટમ બિનકાર્યરત.
- સ્પ્રિંકલર સિસ્ટમ ખામીયુક્ત.
- ઈલેક્ટ્રિકલ વિભાગ

ઓવરલોડેડ વાયરિંગ.
ખુલ્લા ઈલેક્ટ્રિકલ જોડાણો.
DG સેટ રૂમમાં ફાયર પ્રોટેક્શનનો અભાવ.
અર્થિંગ અને લાઈટનિંગ પ્રોટેક્શનની ખામી.

ફાયર રિસ્ક મિટિગેશન માટે 20 મહત્વપૂર્ણ પગલાં

1. માન્ય ફાયર NOC મેળવવી.
2. ફાયર એલાર્મ સિસ્ટમ કાર્યરત રાખવી.
3. સ્પ્રિંકલર સિસ્ટમનું માસિક ટેસ્ટિંગ.
4. હાઈડ્રન્ટ અને હોઝ રીલની ચકાસણી.
5. કિચન હૂડ સપ્રેશન સિસ્ટમ સ્થાપિત કરવી.
6. LPG લીકેજ ડિટેક્શન સિસ્ટમ લગાવવી.
7. ઈમરજન્સી એક્ઝિટ હંમેશા ખુલ્લી રાખવી.
8. EXIT સાઈનેજ પ્રકાશિત રાખવી.
9. સ્ટાફને ફાયર ડ્રિલ તાલીમ આપવી.
10. ફાયર વોર્ડન નિમણૂક કરવી.
11. ઈલેક્ટ્રિકલ ઓડિટ કરાવવું.
12. ધુમાડા નિયંત્રણ (Smoke Management) સિસ્ટમ જાળવવી.
13. ફાયર પંપનું સાપ્તાહિક પરીક્ષણ.
14. સ્ટેરકેસ પ્રેશરાઈઝેશન જાળવવું.
15. ફાયર કંટ્રોલ રૂમ કાર્યરત રાખવો.
16. ઈમરજન્સી પ્રતિસાદ યોજના તૈયાર કરવી.
17. હોટેલ રૂમમાં ઈવેક્યુએશન મેપ લગાવવો.
18. ગેસ્ટ અને સ્ટાફ માટે સેફ્ટી સૂચનાઓ પ્રદર્શિત કરવી.
19. તમામ ફાયર સાધનોની AMC નોંધ મુજબ જાળવણી કરવી.
20. કાયદાકીય ખામીઓનું તાત્કાલિક રેક્ટિફિકેશન કરવું.

### ફાયર સેફ્ટી નહીં હોય તો કાર્યવાહી થશે

"ફાયર સેફ અમદાવાદ" અભિયાન અંતર્ગત તમામ હોટેલ, રેસ્ટોરન્ટ, ગેસ્ટ હાઉસ, બેન્ક્વેટ હોલ અને કોમર્શિયલ બિલ્ડિંગોએ અગ્નિ સુરક્ષા કાયદા, NBC Part-4, ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફ્ટી માપદંડો તથા AMCની સૂચનાઓનું કડક પાલન કરવું જરૂરી છે. જાહેર સુરક્ષા સર્વોપરી છે અને ગંભીર ઉલ્લંઘન સામે સીલિંગ, દંડાત્મક કાર્યવાહી તથા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી શકે છે.

# અમદાવાદ મંડળે ઓએચઈની દેખરેખ માટે ડ્રોન ટેકનોલોજી અપનાવી, સુરક્ષાને મળશે નવી મજબૂતી

અમદાવાદ | AI-સક્ષમ હવાઈ નિરીક્ષણથી અવરોધ ઊભો કર્યા વિના ઓએચઈ OHE ની ગંભીર ખામીઓ શોધવામાં સફળતા, જાળવણી વધુ અસરકારક બનશે

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે ઓવરહેડ ઈક્વિપમેન્ટ (ઓએચઈ) ની તપાસ માટે ડ્રોનથી હવાઈ નિરીક્ષણનું સફળ પરીક્ષણ કર્યું છે. ભારતીય રેલવેમાં નવી ટેકનોલોજી દ્વારા સુરક્ષિત જાળવણીની દિશામાં આ એક મહત્વપૂર્ણ પગલું છે. રેલવે બોર્ડ દ્વારા એપ્રિલ 2026માં RDSO ના નિર્દેશ ક્રમાંક TI/IN/0060 ને મંજૂરી મળ્યા બાદ પશ્ચિમ રેલવે આ ટેકનોલોજીનો ઉપયોગ શરૂ કરનાર અગ્રણી ઝોનોમાં સામેલ થયું છે. 8 જૂન 2026ના રોજ કરવામાં આવેલા આ પરીક્ષણથી પરંપરાગત મેન્યુઅલ તપાસને બદલે આધુનિક અને વધુ સુરક્ષિત વ્યવસ્થાની દિશામાં આગળ વધવાનો માર્ગ ખુલ્યો છે.



**ડ્રોન દ્વારા ઓએચઈનું હવાઈ નિરીક્ષણ**

ડીજીસીએના ધોરણો અનુસાર હાઈ-રિઝોલ્યુશન કેમેરા અને જિયો-ટેગિંગ સુવિધા ધરાવતા ડ્રોનની મદદથી અમદાવાદ મંડળની ટીમે માસ્ટ સંખ્યા 493-494 વચ્ચે ઓએચઈ સંરચનાઓનું નિરીક્ષણ કર્યું. નિરીક્ષણ દરમિયાન મળી આવેલી દરેક ખામીના ફોટોગ્રાફ લેવામાં આવ્યા, તેને જીપીએસ લોકેશન સાથે દાખલ કરવામાં આવ્યા અને તેની ગંભીરતાનું મૂલ્યાંકન કરવામાં આવ્યું. આથી જરૂરી મરામતના કામોને પ્રાથમિકતા આધારે હાથ ધરવા સરળ બનશે.

આ નિરીક્ષણ આરડીએસઓ દ્વારા જારી કરાયેલી નવા દિશા-નિર્દેશ (TI/IN/0060) મુજબ કરવામાં આવ્યું હતું.આ દિશા-નિર્દેશમાં ડીજીસીએ માન્યતા પ્રાપ્ત ડ્રોન, જીપીએસ/જીએનએસએસ , જિયો-ટેગ્ડ તસવીરો અને થર્મલ સ્કેનિંગ જેવી સુવિધાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

પરીક્ષણ દરમિયાન વિવિધ પ્રકારની ખામીઓ સામે આવી હતી. તેમાં ઈન્સ્યુલેટર પર ફ્લેશ માર્ક, કેન્ટીલીવર પર લટકતી બાહ્ય સામગ્રી, પોર્ટલ સંરચનાઓ અને કેન્ટીલીવર પર પક્ષીઓના માળા તેમજ ત્યાં બેસેલા પક્ષીઓનો સમાવેશ થાય છે. ઉપરાંત, કેટનરી સ્ટ્રેન્ડમાં થયેલા નુકસાન જેવી ગંભીર ખામીઓ પણ મળી આવી, જેને સામાન્ય નિરીક્ષણ દરમિયાન ઓળખવી મુશ્કેલ હોય છે.

ડ્રોન દ્વારા લેવામાં આવેલી સ્પષ્ટ અને જિયો-ટેગ્ડ તસવીરોની મદદથી આ ખામીઓનું ચોક્કસ સ્થાન જાણી શકાયું. પરિણામે સમયસર સમારકામ કરીને ભવિષ્યમાં ઓએચઈ ટ્રિપિંગ, વીજ પુરવઠામાં વિક્ષેપ અને અન્ય કામગીરી સંબંધિત સમસ્યાઓને અટકાવી શકાય છે.

સ્માર્ટ નિરીક્ષણથી રેલવે વધુ સુરક્ષિત બનશે

25 કેવી એસી વીજ પુરવઠો આપતી ઓએચઈ પ્રણાલી ભારતીય રેલવેના વિદ્યુતીકૃત નેટવર્કનો અત્યંત મહત્વપૂર્ણ ભાગ છે.ઈન્સ્યુલેટર, કન્ડક્ટર, ક્લેમ્પ અથવા અન્ય ઉપકરણોમાં ખામી સર્જાય તો ટ્રેન સંચાલન પ્રભાવિત થઈ શકે છે તેમજ સુરક્ષા સંબંધિત જોખમો પણ ઊભા થઈ શકે છે. પરંપરાગત નિરીક્ષણ માટે ટ્રેક બ્લોક લેવો પડે છે અને કર્મચારીઓને હાઈ-વોલ્ટેજ ઉપકરણોની નજીક કામ કરવું પડે છે. જ્યારે ડ્રોનની મદદથી ટ્રેક બ્લોક લીધા વિના ઝડપથી અનેક સ્થળોનું નિરીક્ષણ કરી શકાય છે અને વિવિધ ખૂણાઓથી તસવીરો મેળવી શકાય છે. આથી નિરીક્ષણનો રેકોર્ડ પણ સુરક્ષિત રહે છે અને જાળવણીનું કાર્ય વધુ સુવ્યવસ્થિત બને છે.

પશ્ચિમ રેલવે આ ટેકનોલોજીને તબક્કાવાર રીતે આગળ વધારી રહી છે. હાલમાં નિરીક્ષણ પ્રક્રિયાને વધુ મજબૂત બનાવવાની અને ઉચ્ચ ગુણવત્તાવાળો ડેટા એકત્રિત કરવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. ભવિષ્યમાં આ જ ડેટાનો ઉપયોગ કૃત્રિમ બુદ્ધિમત્તા (એઆઇ) આધારિત વિશ્લેષણ માટે ઉપયોગ કરવામાં આવશે. જેના કારણે ખામીઓનું અગાઉથી અનુમાન લગાવી શકાશે અને સંભવિત જોખમોને સમયસર ટાળી શકાશે.આથી ઓએચઈ જાળવણી પ્રણાલી વધુ આધુનિક, અને પૂર્વાનુમાન આધારિત બની શકશે.

# હવે બાંગ્લાદેશીઓની ઓળખ સરળતાથી થશે

## પ્રતિરક્ષા એપ્લિકેશનમાં ચહેરો સ્કેન કરવાથી જ વ્યક્તિની આધારકાર્ડ સહિતની તમામ વિગતો સેકન્ડમાં મળશે...



અમદાવાદ | અમદાવાદ સહિત રાજ્યભરમાં ગેરકાયદેસર રહેતા 600થી વધુ બાંગ્લાદેશીઓને પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવ્યા હતા. તમામને પકડ્યા બાદ દસ્તાવેજ ચકાસવાની કામગીરી ખૂબ લાંબી રહી હતી. જેથી હવે સરળતાથી બાંગ્લાદેશીની ઓળખ થાય તે માટે પોલીસ દ્વારા પ્રતિરક્ષા એપ્લિકેશન ડેવલપ કરવામાં આવી છે જેમાં માત્ર ચહેરો સ્કેન કરતા તમામ વિગતો મળી જશે.

આ એપ્લિકેશન આધારકાર્ડ સાથે લિંક કરવામાં આવી છે, જેના કારણે કોઈપણ વ્યક્તિનો ફોટો સ્કેન કરતાં જ તેના આધારકાર્ડની તમામ વિગતો સામે આવી જાય છે. આધારકાર્ડમાં કોઈ ચેડાં કરીને વિગતોમાં ફેરફાર કરવામાં આવ્યો હોય તો પણ આ એપ્લિકેશનમાં તરત જ સાચી વિગતો સામે આવી જાય છે.અમદાવાદમાં આવીને ખોટા આધારકાર્ડ સહિતના દસ્તાવેજોના આધારે બાંગ્લાદેશી નાગરિકોએ પાસપોર્ટ, ચૂંટણીકાર્ડ તેમજ અન્ય ઓળખપત્રો પણ બનાવી લીધા હતા, ત્યારે બાંગ્લાદેશી ઘુસણખોરોને ડિપોર્ટ કરવા માટે શરૂ કરાયેલા 'ઓપરેશન ડેલ્ટા હન્ટ' અંતર્ગત ખૂબ મોટી સંખ્યામાં શંકાસ્પદ લોકોની અટકાયત કરવામાં આવી હતી.

આ તમામ લોકો પાસે બોગસ દસ્તાવેજો હતા.ત્યારે તેમના વેરિફિકેશન માટે પોલીસ દ્વારા ડેવલપ કરવામાં આવેલી 'પ્રતિરક્ષા' એપ્લિકેશન ખૂબ ઉપયોગી સાબિત થઈ હતી.આ એપ્લિકેશનને આધાર ડેટાબેઝ સાથે લિંક કરવામાં આવી છે,જેના કારણે દેશભરમાં જેટલા લોકો પાસે આધારકાર્ડ છે,તેમની સાચી વિગતો આ એપ્લિકેશન દ્વારા મેળવી શકાય છે.એટલે કે હવે કોઈ ગઠિયો કે ઘુસણખોર કોઈના આધારકાર્ડમાં ચેડાં કરીને પોતાનો ફોટો લગાવી દે અથવા પોતાના અસલી ફોટા સાથે બીજું નામ કે અન્ય વિગતો ઉમેરી દે તો પણ તે બચી શકશે નહીં.આવા કિસ્સાઓમાં જ્યારે આધારકાર્ડ બનાવતી વખતે આપવામાં આવેલી મૂળ વિગતો આ એપ્લિકેશનમાં સંબંધિત વ્યક્તિનો ચહેરો સ્કેન કરતાં જ સામે આવી જશે.

આ કવાયત દરમિયાન 'ઓપરેશન ડેલ્ટા હન્ટ' હેઠળ કુલ 269 બાંગ્લાદેશી ઘુસણખોરોના દસ્તાવેજો બોગસ હોવાનું સામે આવ્યું હતું.અન્ય રાજ્યોના ગુનેગારોને પણ જ્યારે પોલીસ પકડી લેતી હોય છે.

### પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક

## રામાશ્રય પાંડે દ્વારા પાલનપુર-સામાખ્યાલી સેક્શનનું સઘન નિરીક્ષણ



(એજન્સી) અમદાવાદ | તા.17

પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી રામાશ્રય પાંડે એ આજે તા.17.06.2026ના રોજ અમદાવાદ મંડળના પાલનપુર-સામાખ્યાલી રેલવે સેક્શનનું વ્યાપક નિરીક્ષણ કર્યું. આ ઉચ્ચસ્તરીય નિરીક્ષણનો મુખ્ય હેતુ રેલવે સંચાલનમાં સુરક્ષા અને સલામતીને વધુ મજબૂત બનાવવો, આધારભૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચ્ર કાર્યોની પ્રગતિનું મૂલ્યાંકન કરવું તેમજ સ્ટેશનો પર ઉપલબ્ધ યાત્રી સુવિધાઓ અને અન્ય વિકાસ કાર્યોની સમીક્ષા કરવી હતો. આ પ્રસંગે તેમની સાથે અમદાવાદ મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશ, મુખ્યાલયના વિવિધ વિભાગોના વિભાગાધ્યક્ષો (PHODs) તથા અમદાવાદ મંડળના અન્ય વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.ન્યૂ પાલનપુર સ્ટેશન પર રનિંગ સ્ટાફ અને લોબીનું નિરીક્ષણ : નિરીક્ષણની શરૂઆતમાં મહાપ્રબંધક શ્રી રામાશ્રય પાંડે એ ન્યૂ પાલનપુર સ્ટેશન ખાતે ક્રૂ લોબી અને રનિંગ રૂમની વિગતવાર સમીક્ષા કરી. તેમણે ત્યાં સ્થાપિત ક્રૂ મેનેજમેન્ટ સિસ્ટમ (CMS)ની કાર્યપદ્ધતિનું બારીકાઈથી અવલોકન કર્યું. મહાપ્રબંધકે ફરજ પર તહેનાત રનિંગ સ્ટાફ (લોકો પાયલોટ અને ગાર્ડ) સાથે સીધો સંવાદ કરી તેમને ઉપલબ્ધ ભોજનની ગુણવત્તા અને અન્ય સુવિધાઓ અંગે પ્રતિસાદ મેળવ્યો, જેના પ્રત્યે સ્ટાફે સંપૂર્ણ સંતોષ વ્યક્ત કર્યો. આ ઉપરાંત તેમણે બેઝ કિચન, શૌચાલય અને પરિસરની અન્ય વ્યવસ્થાઓનું પણ નિરીક્ષણ કર્યું.

# ભારતીય રેલવે દ્વારા ગુજરાતમાં ₹493 કરોડની આદિપુર-ભુજ ડબલિંગ યોજનાને મંજૂરી

(એજન્સી) અમદાવાદ | તા. 17

ભારતીય રેલવેએ ગુજરાતમાં રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરના મજબૂતીકરણ અને ક્ષમતા વૃદ્ધિ માટે એક મહત્વપૂર્ણ નિર્ણય લેતા પશ્ચિમ રેલવેના આદિપુર-ભુજ રેલખંડ (49 કિ.મી.) ના ડબલિંગ કાર્યને 493 કરોડના ખર્ચે મંજૂરી આપવામાં આવી છે. મંડલ રેલ પ્રબંધક (DRM) અમદાવાદ શ્રી વેદ પ્રકાશે જણાવ્યું કે આ યોજના ભારતીય રેલવે દ્વારા નેટવર્ક ક્ષમતાના વિસ્તાર માટે ચલાવવામાં આવી રહેલા ડબલિંગ, ટ્રિપલિંગ અને અન્ય આધારભૂત સંરચના વિકાસ કાર્યક્રમો હેઠળ મંજૂર કરવામાં આવી છે. વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ આ રેલખંડના ડબલિંગથી કચ્છ ક્ષેત્રમાં રેલ સંપર્ક અને સંચાલન ક્ષમતામાં નોંધપાત્ર વધારો થશે તેમજ ભવિષ્યમાં યાત્રી અને માલ પરિવહનની વધતી માંગને પૂર્ણ કરવામાં મદદ મળશે. વધતા ટ્રાફિકને ધ્યાનમાં રાખી ક્ષમતા વિસ્તાર : ગાંધીધામ-નલીયા કોરિડોર પર સ્થિત આદિપુર-ભુજ ખંડ હાલમાં સિંગલ રેલ લાઈન છે. ક્ષેત્રમાં ચાલી રહેલી વિવિધ રેલવે યોજનાઓ પૂર્ણ થયા બાદ આ માર્ગ પર ટ્રાફિકમાં નોંધપાત્ર વધારો થવાની સંભાવના છે. તેમાં ભુજ- નલીયા ગેજ પરિવર્તન, નલીયા-વાયોર લાઈન વિસ્તાર તેમજ નલીયા-જખાઉ, વાયોર-લખપત અને દેશલપર-લૂણા નવી રેલ લાઈન યોજનાઓનો સમાવેશ થાય છે. આ યોજનાઓ પૂર્ણ થયા પછી ભુજ-આદિપુર ખંડ પર વધારાના યાત્રી અને માલ ટ્રાફિકનું દબાણ વધવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને આ રેલખંડના ડબલિંગને મંજૂરી આપવામાં આવી છે. આથી ભવિષ્યની ટ્રાફિક જરૂરિયાતોને પૂર્ણ કરવાની સાથે-સાથે સંચાલન કાર્યક્ષમતામાં સુધારો થશે.યાત્રી અને માલ પરિવહનને મળશે લાભ : આ યોજના પૂર્ણ થયા બાદ બંને દિશામાં પ્રતિદિન બે વધારાની યાત્રી રેલ સેવાઓ શરૂ કરી શકાશે, જેના કારણે વિસ્તારના મુસાફરોને વધુ સારી કનેક્ટિવિટી અને પ્રવાસ સુવિધાઓ મળશે.ડબલ લાઈનના નિર્માણથી દર વર્ષે વધારાના 12 મિલિયન ટન (MTPA) માલ પરિવહન શક્ય બનશે, જેના કારણે પશ્ચિમ ગુજરાતમાં લોજિસ્ટિક્સ વ્યવસ્થા વધુ મજબૂત બનશે અને ઔદ્યોગિક વિસ્તારોને વધુ સારો રેલ સંપર્ક પ્રાપ્ત થશે. ભવિષ્યની જરૂરિયાતોને અનુરૂપ ક્ષમતા વિસ્તાર : હાલમાં આ રેલખંડની લાઈન ક્ષમતા ઉપયોગિતા સતત વધી રહી છે અને વર્ષ 2029-30 સુધીમાં તે 123 ટકા સુધી પહોંચવાનો અંદાજ છે. તેથી સમયસર ક્ષમતા વિસ્તાર કરવો અત્યંત આવશ્યક બની ગયો છે.

# NEET-UGની સુચારુ અને સુરક્ષિત કામગીરી માટે બહુસ્તરીય સુરક્ષા કવચ તૈનાત



(એજન્સી) અમદાવાદ | તા. 17

રાજ્યના પોલીસ વડા શ્રી જી.એસ. મલિકે 21 જૂને યોજાનારી નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ (NEET-UG)ની તૈયારીઓની સમીક્ષા કરવા મંગળવારે રાજ્યવ્યાપી વિડિયો કોન્ફરન્સ યોજી હતી.

તમામ પોલીસ કમિશનરો, રેન્જ આઈજીપી અને જિલ્લા પોલીસ વડાઓની ઉપસ્થિતિમાં યોજાયેલી આ બેઠકમાં રાજ્યભરમાં NEET પરીક્ષાનું સુરક્ષિત, શાંતિપૂર્ણ અને સુચારુ આયોજન સુનિશ્ચિત કરવા માટે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ડીજીપી શ્રી મલિકે NEET સંબંધિત કાયદો અને વ્યવસ્થાની કામગીરી માટે આઈજીપી (કાયદો અને વ્યવસ્થા) શ્રી મકરંદ ચૌહાણને રાજ્ય નોડલ અધિકારી તરીકે નિયુક્ત કર્યા હતા. પરીક્ષા કેન્દ્રોમાં ઉમેદવારોની સંખ્યાને ધ્યાનમાં રાખીને પોલીસ બંદોબસ્ત ગોઠવવા માટે વિગતવાર માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી હતી. ઉપરાંત, પરીક્ષા કેન્દ્રોની આસપાસ આવેલા ફોટોકોપી અને ઝેરોક્સ કેન્દ્રો પર કડક નજર રાખવા તેમજ નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)ની તમામ માર્ગદર્શિકાઓનું પાલન સુનિશ્ચિત કરવા સૂચના આપવામાં આવી હતી.

પોલીસ એકમોને ઉમેદવારોની સઘન પરંતુ સંવેદનશીલ ચકાસણી (ફ્રિસ્કિંગ) કરવા, ખાસ કરીને મહિલા ઉમેદવારો સાથે ગૌરવપૂર્ણ અને સંવેદનશીલ વર્તન રાખવા તેમજ માતા-પિતા અને વાલીઓ સાથે સૌજન્યપૂર્ણ વ્યવહાર જાળવવા સૂચના આપવામાં આવી હતી. પરીક્ષા કેન્દ્રો પર મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ તથા અન્ય પ્રતિબંધિત ઈલેક્ટ્રોનિક ઉપકરણોના સુરક્ષિત જમા કરાવવાની અલગ વ્યવસ્થા કરવા પણ આદેશ આપવામાં આવ્યા હતા.

પરીક્ષામાં કોઈપણ પ્રકારની ગેરરીતિ અટકાવવા તમામ યુનિટ વડાઓને 20 જૂનના રોજ NTAના પ્રતિનિધિઓ સાથે સંયુક્ત રીતે પરીક્ષા કેન્દ્રોની મુલાકાત લઈ નિરીક્ષણ કરવાની સૂચના આપવામાં આવી હતી. રાજ્યભરમાં પરીક્ષા સામગ્રીની ગોપનીય હેરફેરને ધ્યાનમાં રાખીને 19થી 21 જૂન દરમિયાન સઘન રાત્રિ પેટ્રોલિંગ પણ હાથ ધરવામાં આવશે. સાથે જ, અફવાઓ, ભ્રામક માહિતી અને પરીક્ષા પ્રક્રિયામાં વિક્ષેપ પાડવાના પ્રયાસોને રોકવા માટે સોશિયલ મીડિયા મોનિટરિંગ વધુ સક્રિય કરવામાં આવ્યું છે. 21 જૂનના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પણ ઉજવવામાં આવતો હોવાથી, ડીજીપીએ તમામ પોલીસ એકમોને યોગ દિવસના કાર્યક્રમો અને NEET પરીક્ષાની ફરજો માટે અલગ-અલગ માનવબળ ફાળવવા સૂચના આપી હતી, જેથી પરીક્ષાર્થીઓને કોઈપણ પ્રકારની અસુવિધા ન થાય.